સતી દ્રૌપદી

ગદ્યપદ્યાત્મક

રચિ પ્રસિદ્ધ કર્તા

દલાલ જેઠાલાલ વાડીલાલ



સને ૧૮૬૭ના ૨૫ મા એકટ પ્રમાણે રજીસ્ટર કરાવ્યું છે

મુલ્ય બાર આના.

ૐ

સતીદ્રૌપદી.

ગદ્યપદ્યાત્મક.

રચિ પ્રસિદ્ધકર્ત્તા.

દલાલ જેઠાલાલ વાડીલાલ.

નરસીંહમેહેતા, મીરાંબાઈ, વીણાવેલી, વિગેરે
પુસ્તકોના કર્તા.

દોહરો

ભારતનો આ સાર છે, સતી દ્રૌપદી નાર;
ધન્ય ધન્ય સાચી સતી, વશ કીધા કીરતાર.

આવૃતી પહેલી. પ્રત. ૨૦૦૦

અમદાવાદ.

શ્રી સત્યસાગર પ્રીન્ટીંગ પ્રેસ. પીરમસારોડ.

સંવત ૧૯૬૫ સને ૧૯૦૯

મુલ્ય બાર આના.



દલાલ જેઠાલાલ વાડીલાલ.

પ્રસ્તાવના.

દ્રૌપદી લખવાનો હેતુ એ છે જે આજ કાલ શાસ્ત્ર પૈકી ચીતાર જેવાકે નરસિંહ મેહેતા, મીરાંબાઇ, રામવિયોગ, રામરાવણ, સતીસીતા. દ્રૌપદી વિગેરે ચીતારો શાસ્ત્રાનુસાર લખાવાને ભજવાવા જોઇએ, તે પ્રમાણે નહી ભજવાતાં તુટક અને ઢંગધડા વગરના ભજવાય છે. અને ખોટાં ટીંખળો ભજવવામાં આવતાં હોવાથી, લોકો વાહ ! વાહ ! ના પોકારોથી વધાવી લે છે, તે જમાનાની બલહારી છે. પરંતુ વ્હાલા વાંચક વૃંદો ! એવા શાસ્ત્રીક ચીતારો શાસ્ત્રાનુસાર લખાવા અને ભજવવા જોઇએ, જેથી પુરતુ જ્ઞાન પ્રાપ્ત થવા સંભવ રહે. સતીદ્રૌપદી નાટક જે હાલ ભજવાય છે તે પૈકી એક દાખલા રૂપે લખું છું કે, પાણીપતના યુદ્ધમાં ભીમને ઉશ્કેરવા સતી દ્રૌપદી કહે છે કે લ્યો આ ચુંદડી ઓઢો, લ્યો આ સાડી પહેરો, વિગેરે શબ્દો ભીમને દુશાશનનો વધ કરવા જવા માટે કૃષ્ણના કહેવાથી સતી કહે છે, તે બનવું અશક્ય છે, પતીને એવા તુચ્છ અને હલકા બોલો સતી કદાપી કહે નહી. અને કૃષ્ણ તેવા શબ્દો કહેવાની સલાહ આપે પણ નહી. કારણ તેવા શબ્દો સતી પતીને કહે, તો પછી શંખણી અને સતીમાં ફેર શાનો ? અને કૃષ્ણ એવી સલાહ આપે તો પછી તેનું પ્રભુપદ શેનું ? ઉશ્કેરણી કરવા માટે વિનયના શબ્દોનો ક્યાં તોટો પડ્યો છે; પરંતુ આ જમાનામાં તો જેમ ગોલાના દેવ, અને ખાસડાની પુજા, એ કહેવતાનુસાર ચાલ્યું જાય છે; પરંતુ વ્હાલા વાંચક વૃંદો વિચાર કરો અને એવા લેખોમાં નીતી વિરૂદ્ધ કાંઇ પણ લેખ તમારી નજરમાં આવે, તે બદલ કર્તા અને ભજવનારને સખ્ત ઠપકો આપો જેથી લેખકો અને ભજવનાર તેમ કરતાં અટકે અને શાસ્ત્રાનુસાર લખાય અને ભજવાય. આ લેખ ખાસ ભારથ અનુસાર લખાયેલો છે, જે વાંચવાથી વાંચકવર્ગની ખાત્રી થશે.

લી. શેવક,

દલાલ જેઠાલાલ વાડીલાલ.

ટુંકસાર.

મંગળાચરણ.

પ્રવેશ ૧ લો.—પંચાળ દેશમાં રાજ્ય બાગ—સખીઓ સહ દ્રૌપદી, સખીઓનું દ્રૌપદીને શુરવીર ભરથાર મળવા માટે સુચવવું. દ્રૌપદી ઇશ્વર ઇચ્છા બતાવવી રાહ માટે કહેવું, ગરબો, બાદ સખીઓનું જવું.

પ્રવેશ ૨ જો.—સ્થળ ધુમ ઋષીનો મઠ—વીધાર્થીઓનું ઇશ્વરસ્મરણ ધુમ ઋષીનું આવવું પાંન્ડવો કાપડી રૂપે ઋષીનું પુજન કરવું ઋષીનો આશીર્વાદ ત્યાં દ્રુપદ રાજાની કંકોતરી આવવી, ઋષીની તૈયારી; કાપડી રૂપે પાંન્ડવોની ઋષી સાથે સ્વયંવર જોવા જવા વીનવણી ઋષીનું ના કહેવું ભીમ ડર બતાવવો ઋષીની હા તૈયારી, સાથે કાપડી વેશે પાંન્ડવોની પણ તૈયારી.

પ્રવેશ ૩ જો.—સ્થળ હસ્તીના પુરમાં કૌરવ દરબાર—વારાંગનાનો નાચ બાદ દ્રૌપદી સ્વયંવરની કંકોતરી લઇ દ્રુપદ રાજા તરફથી અનુચરનું આવવું કંકોતરી વાંચી ખુશી થવું શકુનીની ઉંધી સમજુત દુર્યોધનનું ફુલાવું અને લગનની તૈયારી કરવાની પેરવી ભીષ્મ પીતા દ્રોણ ગુરૂ સહ ઋષી મુનીના દર્શનના લાભાર્થે પંચાળ દેશ તરફ જવા નીકળી જવું. દુર્યોધન લગનની તૈયારી માટે જવું.

પ્રવેશ ૪ થો.—સ્થળ ભાનુમતીનો મહેલ—ભાનુમતી પતીને મળવાની આતુર્તામાં, દુર્યોધનનું આવવું ભાનુમતીનું અસુર થયા બદલ પુછવું, દુર્યોધન કંકોતરી બતાવી અસુર થયાનું કારણ જણાવવું અને હર્ષ પ્રફુલીત થવું. અતીહર્ષીત જોઇ ભાનુમતીનું હર્ષીત થયા બદલ પુછવું. દુર્યોધનનું દ્રુપતરાજા પોતાની પુત્રી મને આપવા બોલાવે છે તેમ જણાવવું ભાનુમતી ગર્વ નહી કરવા શીખામણ; દુર્યોધન દ્રૌપદી સરખી શોક્યનું સાલ લાવવાનું કહેવુ, ભાનુમતી ગર્વ નહી ધરવા માટે શીખામણ આપવી દુર્યોધનનું ગુસ્સે થઇ ચાલ્યા જવું, ભાનુમતીનો પશ્ચાતાપ.

પ્રવેશ ૫ મો.—સ્થળ પંચાળ દેશમાં કુંભારનું ઘર—ભક્ત-મંડળ સાથે કુંભાર, ભજન ગાવું, ત્યાં કાપડીવેશે પાંન્ડવોનું આવવું ઉતારા માટે વીનવણી કુંભારે, ઉતારો આપવો, ભીમની ભુખની બુમ, દયાથી મુઠી ચણા લઇને ખાવા માટે કુંભારનું કહેવું અને વખારની કુંચી આપવી; ભીમ ચણાનું સત્યાનાશ વાળવું બાદ એક મુઠી ચણા ચાવતાં, આવી કુંચી આપવી બાદ કુંભાયડી માર્ફત ચણા ભીમ ખાઇ ગયાની ખબર, કુંભારની હાયપીટ. ધર્મ ભીમને ઠપકો આપે છે ભીમ માટીનો પર્વત લાવી ખડો કરે છે કુંભારનો સંતોશ ત્યાં એક અનુચરનું કહેવું અને દ્રૌપદ રાજાની આજ્ઞાથી અતીથીની ખોળ કરવા આવવું શીધા માટે બંદોબસ્ત ભીમ ચારસો મણ સીધાની ટંકની માગણી અનુચરની આશ્ચર્યતા સંતોના કહેવાથી ખાત્રી અને સીધા માટે બંદોબસ્ત કરી ચાલ્યા જવું.

પ્રવેશ ૬ ઠો.—સ્થળ સ્વયંવર મંડપ—વારાંગનાનો નાચ બાદ દુર્યોધન આવ્યો નથી છતાં મહુર્ત સાચવવા દ્રૌપદરાજા કૃષ્ણને પુછે છે કૃષ્ણની રજા મછવેધન કરવા સર્વ રાજાને સુચના પ્રથમ દંત-વક્ર બીજો શીશુપાલ ત્રીજો જરાસંગ અને ચોથે સાલ્યનું મછવેધ કરવા ઉઠવું અને મછવેધ નહી થતાં કાષ્ટાસને જઇ બેસવું બાદ દુર્યોધનનું આવવું સર્વ રાજાઓને અભીમાનથી મહેણાં દઇ દ્રૌપદને દ્રૌપદી સાથે પોતાનાં લગ્ન કરવા કહેવું દ્રૌપદનું મછવેધન કર્યા શીવાય કન્યા નહી મળે તેમ કહેવું. દુર્યોધનનું મામાશકુનીની સલાહથી મછવેધન કરવા ઉઠવું મછવેધન નહી થતાં તેને કાષ્ટના આસને બેસાડી નારદમુની મહેણાં મારે છે. દુર્યોધનનું મામાને ગમે તેમ કરી કન્યા પરણાવવા કહેવું. શકુનીની ધીરજ આપવી.

પ્રવેશ ૭ મો. દ્રૌપદરાજાનો મહેલ—દ્રૌપતરાજા કોઇનાથી મછવેધ નહી થયો તેથી વીષપાન કરવાની તૈયારીમાં કૃષ્ણનું આ-વવું અને પ્યાલો ફેંકી દઇ અને રસ્તો બતાવવો અને સાથે લઇ સભામાં જવું.

પ્રવેશ ૮ મો.—સ્વયંવર મંડપ—દ્રૌપદનું આવવું અને સર્વે રાજાઓને મહેણાં દેવાં. કર્ણનું મહેણાં નહી દેવાનું કહી મછવેધ કરવા ઉઠવું. કૃષ્ણને ચિંતા અને નારદમુની દ્વારા દ્રૌપદીને કહેવરા-

વવું કે કર્ણ દાસીપુત્ર હોવાથી નહી પરણવાનું કહેવરાવવું. નારદ મુનીના કહેવાથી દ્રૌપદીનું સખીદ્વારા કર્ણ દાસી પુત્ર હોવાથી નહી પરણવા સભામાં કહેવરાવવું. કર્ણનો ગુસ્સો બાદ દ્રૌપદનું બ્રહ્મ સભામાં જવું રૂષી મુનીઓને મછવેધન કરવા વીનવણી. રૂષીનું ના કહેવું બાદ જાત છુપાવી બેશી રહેનાર ક્ષત્રીને બ્રહ્મહત્યાનું પાપ દેવું; કૃષ્ણની છુપી ઇસારતથી ધર્મરાજાની અર્જુનજીને આજ્ઞા. કૃષ્ણનું ભીષ્મપીતા વીગેરે સતીઆ પુરૂષો પાસે જવું અને પાંન્ડુ પુત્રો માટે દીલગીરી જણાવી દીલગીર થવું. સતીઆઓનું દીલગીર થવું અને કૃષ્ણનું પાંન્ડવો હયાત હોવાનું સુચન. સતીઆઓએ જો પાંન્ડુપુત્રો હયાત હોય તો પોતાનું સુકરીત આપવા કબુલાત; ત્યાંથી કૃષ્ણનું બળદેવજી પાસે જવું, અને તેમની પાસેથી પણ સતીઆઓ પાસેથી વચન મેળવ્યું તેમ બળદેવજી પાસેથી પણ વચન લેવું. અરજુન ઉભો થયો તેથી દ્રુમરૂષીનું આશ્ચર્ય થવું, અને સમાધીમાં જોતાં પાંન્ડુ પુત્રોને ઓળખવા, રૂષીનો પશ્ચાતાપ; ધર્મનું રૂષીને આસ્વાસન; દ્રુમરૂષી અર્જુનને મછવેધનનું કામ થવા બદલ આશીશ આપવી. પછી અર્જુન સર્વ રૂષીઓને નમન કરતાં સ્થંભ પાસે આવવું. કૃષ્ણનુ નારદને અપુજ્ય સ્થંભનું પુજન કરવા માટે દ્રુપદીને બોલાવા મોકલવા. દ્રુપદી સાહેલીઓસહ અપુજ્ય સ્થંભનું પુજન, પછી દ્રુપદીના હાથમાં થાળ આપી ભક્ત અરજુન પાસે સ્થંભનું પુજન કરાવી ભગવાનનું પ્રસન્ન થવું. પછી ધનુષ્ય બાણ માટે દ્રુપદને કહેવું, દ્રુપદ ધનુષ્ય બાણ અર્જુનને આપે છે, અરજુન ધનુષ્ય બાણ તોડીને ફેંકી દે છે અને કર્ણના ધનુષ્ય બાણની માગણી, કર્ણ નાક કાનની શરતે ધનુષ્ય બાણ આપવાં; અર્જુન મછવેધન કરવા સ્થભે ચઢવું, અને ત્રાંસ સુધી પહોચવું કૃષ્ણ નારદને ઇંદ્ર પાસે મોકલી અર્જુનનાં કપડાં બદલાવવાં અને પ્રત્યેક પાસેથી લીધેલાં સુકરીતનાં વચનો અર્જુનને આપી તથા સુર્યનું એક કળાનું તેજ આપી સુર્ય સમાન કાન્તીદાર બનાવવો. અર્જુન પ્રભુ પ્રાર્થના મછવેધન કરવો. કૈરવો અર્જુનને બાણ મારવાની શરૂઆત, ભીમનું છઠી કન્યાને લઇ પોતાના ઉતારા તરફ ચાલ્યા જવું.

પ્રવેશ ૯ મો. કુંભારને ત્યાં પાંન્ડવોનો ઉતારો—ભીમનું આવી કુંતાજીને કમાડ ઉઘાડવા કહેવું અને નવીન વસ્તુ લાવ્યાનું

જણાવવું. કુંતાનું પાંચેને વેંહેચી લેવાનું કહી કમાડ ઉઘાડવાં કન્યાને જોઇ કુંતાજીનો પશ્ચાતાપ. ભીમનું માતાને બોલેલો બોલ પાળવા કહી અર્જુનની કુમકે જવું. દ્રૌપદીનું કુંતાજીને તમો કોણ છો તેમ પુછવું કુંતાજી પાંન્ડુ પુત્રોની ઓળખાણ આપવી, અને પોતાની વીતી જણાવવી; દ્રૌપદીનું શાન્ત થવું.

પ્રવેશ ૧૦ મો.–સ્થળ સ્વયંવર મંડપ—કૌરવોનો અર્જુન ઉપર બાણનો મારો. ભીમનું આવવું સ્થંભ ઉપાડી કૌરવો પાછળ નાસવું કૌરવોની નાશ ભાગ. દ્રૌપદનું પોતાની કન્યા માટે પુછવું ધર્મરાજા કન્યાને સુપ્રત કરવાસેંને સાથે લઇ પોતાના ઉતારા તરફ જવું.

પ્રવેશ ૧૧ મો.–સ્થળ પાંન્ડવોનો ઉતારો—ભીમનું આગળથી આવી કુંભારને કન્યાના હરણ કર્યા બદલ ભડકાવવો. કુંભારની દીલગીરી ધર્મરાજાનું આવવુ અને કુંભારને આસ્વાસન અને પાંન્ડુ પુત્રોની ઓળખ આપવી. પાંચેનું માતા કુંતાજીને પગે લાગવું માતાની આશીશ કુંતાજીનો શોક ધર્મને શોકનું કારણ જણાવવુ. અર્જુન પાંચેને પરણાવે તોજ કન્યા પરણશે નહીતર નહી પરણવા સોગન ખાવા. કૃષ્ણજીનું દ્રૌપદી માટે પુછવું, ધર્મરાજા દ્રૌપદીને બતાવેછે. દ્રૌપદ લગ્નની તૈયારી માટે અરજુનજીને કહેવું. અરજુનની પાંચે સાથે પરણાવવા માગણી. દ્રૌપદની દીલગીરી કૃષ્ણની સમજાવટથી પાંચેને પરણાવવા કહી પોતાને મહેલે જવું. પાંન્ડવો લગ્નની તૈયારી.

પ્રવેશ ૧૨ મો–સ્થળ લગ્ન મંડપ—દ્રૌપદ કૃષ્ણ પ્રત્યે વીનંતી અને પોતાના મનનું સમાધાન કર્યા બદલ ઉપકારની લાગણી; પાંચે પાંન્ડવોનું આવવું, દ્રૌપદનું નમન કરવું, અને મછવેધન કર્યા બદલ ઉપકાર માનવો; નીરાભીમાની પાંન્ડવો; પોતે નહી પણ પ્રભુ કૃપાથી કાર્ય બન્યું છે તેમ જણાવવું દ્રુપદરાજાની નીરાભીમાન માટે ખુશાલી અને પાંચે સાથે દ્રૌપદીને પરણાવવી મંગળ ગાન.

અંક ૨ જો.

પ્રવેશ ૧ લો.–સ્થળ મય દાનવ સભા—દ્રૌપદી અને સખીઓ.

સખીઓ સભાની શોભાનું વર્ણન કરે છે, કૃષ્ણ પ્રભુનું પધારવું, શેલડી છોલતાં ચપ્પુ વાગવાથી દ્રૌપદી ચીર ફાડી પાટો બાંધે છે. કૃષ્ણ પ્રભુ સતીની પ્રેમળ ભક્તિને ધન્યવાદ; રૂક્ષમણી આદી કૃષ્ણ પ્રભુના ગુણનો રાસ, બાદ ધર્મરાજા આદી કચેરી મંડળની પધરામણી, સ્ત્રી મંડળનું ઝરૂખામાં જવું. ધર્મરાજા પ્રથમ પુજન કોનું કરવું તે વીશે સભાની રજા માગી, એક અવાજે કૃષ્ણ પ્રભુની પુજા કરવા સકળ સભાનું કહેવું. શીશુપાળ મત નહી આપતાં કૃષ્ણ પ્રભુને ગાળો દેવી. કૃષ્ણ પ્રભુના હાથે શીશુપાળનો વધ. ધર્મનો અરેરાટ; કૃષ્ણનું ધર્મરાજને શાન્તવન કરવું બાદ કૃષ્ણનું પ્રથમ પુજન; ત્યાં દુર્યોધન તથા શકુનીનું આવવું, જળની ચોકડી જોઇ કપડાં ઉંચાં લેવાં, અને જમીનની ચોકડી જોઇ કપડાં મુકી દેવાં. કપડાં ભીંજાવાથી તેમનું આશ્ચર્ય; દ્વાર જોઇ સભામાં દાખલ થવા જવું, પરંતુ દ્વાર નહી હોવાથી માથુ કુટાવું. દ્રૌપદી સત્યભામા વીગેરેને આ ગમ્મત થવાથી અંધના તે અંધજ એમ કહેવું. સતીનું આ વચન સાંભળી દુર્યોધનનું રીસાઇને ચાલ્યા જવું. ધર્મનો સતીને ઠપકો; ભીમસેનની પુરવણી અને સતીની કુમક કરવી બાદ સર્વે રાજાઓને યોગ્ય પહેરામણી અને વીદાયગીરી કૃષ્ણનું દ્યુત નહી રમવા માટે ધર્મરાજાને શીક્ષણ આપી વીદાય થવું.

પ્રવેશ ૨ જો.–હસ્તીનાપુરમાં દુર્યોધનનું વીચારભુવન—દુર્યોધન પોતાની ઇર્ષા બુદ્ધીથી પાંન્ડવોને કેવી રીતે ખરાબ કરવા તેના વીચારમાં; શકુનીને બોલાવી વીચાર કરવો, શકુનીનું પાંન્ડવોને દ્યુત રમાડી પાયમાલ કરવા કહેવું અને ધનુર્યાગના ખોટા બહાને નીમંત્રણ કરી તેડાવાની યુક્તિ.

પ્રવેશ ૩ જો.–ઇંદ્રપરસ્તમાં પાંન્ડવોનો મહેલ—કુંતાજીનું જમવા માટે ઉઠવા ધર્મને કહેવું, ભીમ નહાવા ગયો છે તે આવેથી જમવાનું કહેવું ત્યાં હસ્તીનાપુરથી ધનુર્યાગના ખોટા નીમીતે બોલાવા માટે નીમંત્રણનો પત્ર એક સેવક દ્વારા આવવો સર્વનું ખુશી થવું અને જવા માટે તૈયારી કરવાની પેરવી. ભીમનું આવવું, હર્ષનું કારણ જાણી ભીમની ત્યાં નહી જવાની સલાહ. ધર્મ ચુસ્ત સતીઆં ધર્મરાય અને કુંતાજીની ત્યાં જવાની હઠ, ભીમ નીરૂપાય. સર્વેનું હસ્તીનાપુર તરફ જવું.

પ્રવેશ ૪ થો.-હસ્તીનાપુરના રસ્તાનું જંગલ—પાંન્ડવોનું હસ્તીનાપુર તરફ જવું, રસ્તામાં માન શુકન થયાથી ભીમનું પાછા વળવા કહેવું. સર્વના એક મતે પાછા નહી વળવાની હઠ, ભીમ નીરૂપાય; ભાવીના ભરોસા ઉપર રહી સર્વે સાથે જવું.

પ્રવેશ ૫ મો.-સ્થળ હસ્તીનાપુરમાં કૌરવની કચેરી—પાંન્ડવોનું આવવું અને મનુર્યાગ સંબંધી પુછગાછ; ઋશીમુનીઓ આવે એટલીજ વારછે એમ દુર્યોધન તથા શકુનીનું જણાવવું. અને નકામો દીવસ ગુમાવવા અને આનંદ મેળવવા બાજી રમવા માટે દુર્યોધનની ધર્મને સુચના. ધર્મનું બાજી અનર્થનું મુળ છે તેમ જણાવવું. કપટી દુર્યોધન તથા શકુનીનો આગ્રહ છત્રપતીને નહી દુભવવા ધર્મનું બાજી રમવા બેસવું. શકુનીના નેત્રાધીન પાસાથી પ્રથમ બે દાવ ધર્મને જીતાડવા બાદ શરતથી રમવા આગ્રહ, ધર્મની કબુલાત અને પાંચજ દાવ રમવા કહેવું દુર્યોધનની હા. પ્રથમ દાવે રાજપાટ અને દ્રવ્યની હાર જીત. ધર્મનું હારી જવું. બીજા દાવે ભીમ અને અરજુનને મુકવા તે પણ હારી જવા; ત્રીજે નીકુળ અને સહેદેવને મુકી બાજી રમવી, તે દાવ પણ હારી જવા. ચોથે પોતાની કાયા શરતમાં મુકવી, તે પણ હારી જતાં ધર્મનો પસ્તાવો. પાંચ દાવ રમવાના તેમાં ચાર પુરા થયા હવે એક દાવ બાકી છે તેમાં શરતમાં મુકવા પોતાની પાસે કાંઇ નહી હોવાથી ધર્મ વિચારમાં. પાંચમા દાવમાં દ્રૌપદીને મુકવા દુર્યોધનનું કહેવું. વચને બંધાએલ હોવાથી તે શરત કબુલ કરી પાંચમો દાવ રમતાં હારી જવાથી પાંચે પાંન્ડુ પુત્રોની અફસોસી, પાપીનું રાજી થવું, અને પાંન્ડવોને મહેણાં મારી દ્રૌપદીને સભામાં પકડી લાવવા દુશાશનને મોકલવો. વીદુરનું તેમ નહી કરવા દુર્યોધનને કહેવું, દુર્યોધનનો તુચ્છકાર અને દુશાશનને સત્વર સતીને પકડી લાવવા મોકલવો.

પ્રવેશ ૬ ઠો. સ્થળ પાંન્ડવોનો ઉતારો—દ્રૌપદી રજસ્વળા હોવાથી નીંદ્રામાં, સખીઓનું આવવું અને ગાનગાછ ગમ્મત કરવી; દ્રૌપદીનું ચમકીને નીંદ્રા મુકત થવું, સખીએ ચમકવાનું કારણ પુછવું દ્રુપદી ખરાબ સ્વપ્નુ આવ્યું કહી ગમગીન થવું, સખીઓનું સ્વપ્નનું બ્યાન પુછવું. દ્રૌપદી સ્વપ્નનું બ્યાન જણાવવું સખીઓનું આસ્વાસન; ત્યાં એક દાસી દ્વારા પાંન્ડવો જુગારમાં દ્રૌપદી નારી હારી ગયાની ખબર, સતી મુર્છાવશ. સખીઓનું શીયળ સાચવવા સુચન, સતીનું મુર્છા

મુકત થવું, ત્યાં દુશાશનનું આવવું અને સતીને દુર્યોધનને ઉછંગે બેસવા સભામાં આવવા કહેવું. દ્રૌપદી મશ્કરી સમજી તેમ નહી બોલવા કહી ભીમનો ડર બતાવવો. દુશાશન દ્યુતનો ખુલાસો, સતીને ચોટલેથી પકડવા જવું, સતી પોતે રજસ્વળા હોવાથી દુર રહેવા કહેવું, પાપીનું તે નહી માનતાં ચોટલેથી પકડી ઘસડી જવી, સતીનો શ્રાપ આપવો.

પ્રવેશ ૭ મો. સ્થળ દ્વારીકાંમાં કૃષ્ણજીનો મહેલ—રૂક્ષમણી અને કૃષ્ણનું આવવું કૃષ્ણ રૂક્ષમણીપર પ્રેમ બતાવવો, રૂક્ષમણી હાસ્ય વિનોદ, ત્યાં પ્રભુનુ ચમકવું. રૂક્ષમણીનું ચમકવાનું કારણ પુછવું દ્રૌપદી ઉપર દુષ્ટ કૌરવો જુલમ ગુજારે છે તેમ જણાવવું રૂક્ષમણીનું દ્રૌપદી માથે પાંચપતી છતાં કોની તાકાત છે કે દ્રૌપદી સામે આંગળી પણ કરી શકે તેમ કહેવું. કૃષ્ણનું દુર્યોધને પાન્ડવોને કપટથી જુગાર રમાડી દ્રૌપદીનાર જુગારમાં જીતી ગયાનું કહેવું, રૂક્ષમણીનું સતીને એકદમ બચાવી લેવા માટે ભગવાનને કહેવું, ભગવાનનું સતીને બચાવા તથા નવસો નવાણું ચીર પુરવા નીકળી પડવું, રૂક્ષમણીનો સતીને સતાવનારને શ્રાપ.

પ્રવેશ ૮ મો.—કૌરવ સભા—દુર્યોધન દુશાશન દ્રૌપદીને લઇને કેમ આવ્યો નહી તેના વીચારમાં, દુશાશનનુ આવવું, અને સતીને લાવ્યાનું કહેવું, દુર્યોધન સતીને સભામાં લાવવા કહેવું, દુશાશન સતીને સભામાં લાવીને ઉભી રાખવી. દુર્યોધનનો સતીને નગ્ન કરી પછી પોતાના ઉછંગે બેસાડવા કહેવું, સતીનો ધૃતરાષ્ટ્ર અને ભીષ્મ પાસે ન્યાય માગવો, સતીઆની લાચારી, ધર્મ, અર્જુન, ભીમસેન, વિગેરેનું શર્ણ માગવું; એ સર્વેની લાચારી, છેવટ પ્રભુ શીવાય અન્ય શરણ નથી તેમ સમજી પોતાના કેશમાં દુશાશનના હ્રદયનું રૂધીર સીંચાતાં સુધી પોતાના કેશમાં તેલ સીંચી કેશ નહી બાંધવાની અને પતીને નહી ભેટવાની પ્રતિજ્ઞા. ભીમનું કબુલ થવું ભીષ્મનો પાપી દુર્યોધનને બોધ. દુર્યોધન નહી માનતાં સતીને નગ્ન કરવા માટે દુશાશનને હુકમ, અને પછી ઉછંગે બેસાડવા કહેવું, સતીનો શ્રાપ, અને ભગવતનો ભરૂસો ધારી ઇશ્વર સ્મરણ. ઇશ્વરનું સહાય ભુત થવું અને નવસો નવાણું ચીર પુરવાં, પછી સતી અલોપ. દુર્યોધનનું અજાયબ થવું અને જાદુગરણી જાંણવી; તે જાદુગરણી છે તેમ સતીઆનો બોધ, અને પાંન્ડવને પાછી સુપ્રત કરી પાન્ડવોને દેશપાર કરવાની આજ્ઞા આપવી

અને કપડાં બદલાવી ભગવાં કપડાં પહેરી તૈયાર થવા કહેવું, ત્યાં કુંતાજીનું આવવું અને પાંન્ડવો વનમાં જવાના છે તે સાંભળી રડાપીટ; ધર્મનો માતાને બોધ, અને તેમને વીદુરકાકાને સોપ્રત કરી વનવાસ જવા નીકળી પડવાની તૈયારી; સતીનું આવવું, અને પોતાનું શીર ફોડી રૂધીર નાહાથા સભામાં દેવા અને શ્રાપ આપવો. ભીષ્મનો દુર્યોધનને બોધ, દુર્યોધન નહી માનતો હોવાથી ધર્મનું તેને નહી કહેવા કહી વનમાં પાંચ પાંડવ અને દ્રૌપદી છ એહનું વીદાય થવું.

અંક ૩ જો.

પ્રવેશ ૧ લો. અગસ્ત રૂષીનો આશ્રમ—ધર્મરાજા બંધુઓને શોક નહી કરવા શીખામણ. અગરત રૂષીનું આવવું, છએનું રૂષીજીને નમન રૂષીનો આશીર્વાદ અને કોણ છો તેમ પુછવું, પાંન્ડવો પોતાની ઓળખાણ આપવી, પાંન્ડુ પુત્રોને ઓળખતાં તેમની આવી સ્થાતી થવાનું કારણ પુછવું, ભીમનું કારણ જણાવવું, રૂષીનું દીલગીર થવું અને સતીને સંતાપનારને શ્રાપ આપવો; ધર્મનું તે ખુરૂ કર્યું એમ જણાવવું, રૂષીનો ધન્યવાદ, અને તેમને થોડા દીવસ રોકાઇને પછી જવા કહેવું; રૂપીના આગ્રહે પાંન્ડવોનું દ્રૌપદી સહ ત્યાં રોકાવું.

પ્રવેશ ૨ જો. દુર્યોધનની શકુની સાથે પાંન્ડવોને સતાવાની અને દ્રૌપદીને હરીલાવવાની મસલત. કામીક દૈત્યને બોલાવી એ આની રાજ્યનો ભાગ આપવાની લાલચ આપી કામીકને પાંન્ડવોને મારી દ્રૌપદીનું હર્ણ કરી લાવવા મોકલવો, ત્યાં દુર્વાસા મુનીનું આવવું અને પાંન્ડવોના કુશળ સમાચાર પુછવા; દુર્યોધનનું પાંન્ડવો રાજપાટ હારી વનમાં ગયા છે તેમ જણાવવું; દુર્વાસા સમાધીદ્વારા પાંન્ડવોને દુખી કરનાર દુર્યોધન છે તેમ જાણી દુર્યોધન ઉપર ક્રોધ. દુર્યોધનનું જમવા માટે કહેવું, રૂષીનું પાપીનું અન્ન નહી લેવાનો નીશ્ચય. દુર્યોધનનું કામીક વનમાં જાઓ ત્યાં પાંન્ડવો તમને સાંજ વખતે જમાડશે તેમ કહી કામીકવન તરફ મોકલવા, દુર્વાસાનું

પાંન્ડવોને મળવા માટે કામીક વન તરફ જવું. દુર્યોધન અને શકુની પાંન્ડવો બંને તરફથી દુખી થશે ને પોતાનું ધાર્યું ફતેહ થશે તેની ખુશાલી.

પ્રવેશ ૩ જો. કામીક વનમાં પાંન્ડવોનો આશ્રમ—દુર્વાસા મુનીનું આવવું અને અન્ન માટે યાચના. અક્ષયપાત્ર ધોઇને ઉંધુ પાડયું હોવાથી સર્વેની ચીંતા, ધર્મનું રૂપીને સ્નાન કરી આવવા કહેવું. પાન્ડવોની બળી મરવાની તૈયારી, ચીતા ખડકી તૈયાર કરવી. કૃષ્ણનું આવવું, અન્ન માટે યાચના; અક્ષયપાત્ર લઇ તેમાંથી ભાજીનો એકતાર કાઢી માંમાં મુકી સર્વને ધરાઇ જવા માટે અમીરસ મુકવો. દુર્વાસાનું શીસ્યો સહ ધરાઇ જવું, અને પાંન્ડવોને ત્યાં જઇ શું ખાવું તેનો વિચાર, કૃષ્ણનું ભીમને રૂપીને જમવા તેડવા મોકલવું; રૂષીનું આવવુ અને સમાધી ધરી જોતાં દુર્યોધનનું કપટ જાણવું. પાંન્ડવોને આશીશ દુષ્ટને શ્રાપ આપવો અને જવું ત્યાં કામીક દૈત્યનું આવવું, તેને પ્રભુએ ઠેર મારવો અને પાંન્ડવોને અડસઠ તીર્થ યાત્રા કરવાનું કહી પોતે જવું. પાંન્ડવોનું અડસઠ તીર્થની યાત્રા કરવા નીકળી પડવું.

પ્રવેશ ૩ જો. દુર્યોધનનું વીચાર ભુવન—દુર્યોધન અને શકુની પાંન્ડવોને સતાવી દ્રૌપદીનું હરણ કરવાની મસલત; જેદ્રથને રાજ્યના ભાગની લાલચ આપી તૈયાર કરી મોકલવો, અને દુર્યોધન તથા શકુનીનું તેની પાછળ તેની મદદમાં છુપી રીતે નીકળવું.

પ્રવેશ ૪ થો. દ્વૈત વનમાં નદી કીનારે પાંન્ડવોનો આશ્રમ—ધર્મરાજા સતી પાસે પીવા માટે પાણીની માગણી, પાણી તુંબીપાત્રમાં નહી હોવાથી નદીમાં જળ લેવા જવું, આ લાગ સાધી જેદ્રથ સતીનું હર્ણ કરવું. સતીની બુમ ધર્મનો અરેકાર ત્યાં અર્જુન ભીમ નીકુળ સહેદેવ ચારેનું વનફળ લઇ આવવું ધર્મરાજાનું દ્રુપદીના હરણની વાત કહેવી અર્જુન એક સળી મંત્રીને ફેંકવી. જેદ્રથને અવળે હાથે બંધન કરી લાવવો, જેદ્રથને જોઇ પાંચેનું આશ્ચર્ય થવું ભીમ જેદ્રથને માર મારવો, ધર્મની નહી મારવા વીશેની સલાહ, અને ભીમને સોગન આપવા. ધર્મનો જેદ્રથને બોધ. કૃષ્ણનું દુર્યોધનને દેવ રૂપે ઉચકી ઉંચે જવું દુર્યોધનની બુમ ધર્મનું દુર્યોધનને જોતાં દેવને દુર્યોધનને નીચે લા-

થવા માટે તેના ઇષ્ટદેવની આજ્ઞા આપવી. કૃષ્ણ દેવ સ્વરૂપે નીચે આવવું, ત્યાં ભીમની નીચે નહી આવવા માટે દેવને આજ્ઞા આપવી દુર્યોધન અદ્ધર લટકવું, કૃષ્ણનું મુળ સ્વરૂપે આવવું, ધર્મનું દુર્યોધનને જમે તે રીતે નીચે લાવવા કહેવું, નીસરણી મુકી તેને નીચે ઉતારવો અને છેલે પગથીએ આવતાં નીસરણી ખેંચી ધર્મના ખોળામાં નાંખવો, અને ધર્મને નમન કર્યાનું કહેવું. દુર્યોધનનું ચાલ્યા જવું, જતાં જતાં બબડવું. અર્જુનનું મોટા બાઇ પાસે સ્વર્ગમાં ભણવા જવા માટે આજ્ઞા અપાવવા કૃષ્ણને કહેવું. કૃષ્ણનું ધર્મને અર્જુનને આજ્ઞા આપવા કહેવું, ધર્મ અડચણ બતાવવા. અને બાર માસ માટે રજા આપવી; કૃષ્ણનું જવું, અને સર્વેનું કામમાં ગુંથાવું.

પ્રવેશ ૬ ઠો. દુર્યોધનનું વિચાર ભુવન—દુર્યોધન અને શકુની દ્રોપદીનું હર્ણ કરવાના વીચારમાં, ત્યાં દુશાશનને પાણી ચઢાવી દ્રૌપદીનું હર્ણ કરી લાવવા ઉશ્કેરીને મોકલવો.

પ્રવેશ ૭ મો. પાંન્ડવોનો આશ્રમ—ધર્મ ભીમ નીકુળ સહદેવ ફળ લેવા ગયા છે, સતી પોતાના આશ્રમમાં દુશાશનનું જોગીરૂપે આવવું અને સતીનું હર્ણ; ચારેનું આવવું, અને સતીને નહી જોતાં દીલગીર થવું. આકાશવાણી અને આસ્વાસન; તુર્ત મળશે તેમ જણાવવું, સર્વેનું ઇશ્વર સ્તવનમાં ગુંથાવું.

પ્રવેશ ૮ મો. કૃષ્ણ મંદીર—નારદનું આવવું અને પાંન્ડવો દુખી હોવા છતાં કૃષ્ણ આનંદમાં મહાલે છે, માટે તેમની ગમ્મત કરવાનો વીચાર. પારી જાતકના ફુલથી કૃષ્ણના મંદીરમાં ટંટો ઘાલવો, કૃષ્ણનું નારદને બનાવવું, નારદનું સતીની કુમકે જવા કહેવું, કૃષ્ણનું સતીની કુમકે દુર્યોધનના કેદખાના તરફ જવું.


પ્રવેશ ૯ મો. દુર્યોધનનું કેદખાનું સતી પ્રભુ પ્રાર્થના, દુર્યોધનનું આવવું, સતીને સંતાપવી. સતીનો દુષ્ટને બોધ. દુષ્ટની તાબે નહી થાય તો પ્રાણ લેવાની ધમકી, સતીનું અડગપણું છેવટે દુષ્ટ મારવાની તૈયારીમાં, પ્રભુનું આવી સતીને લઇ અદ્ધર ચાલ્યા જવું, પાપીને ચટકો.

પ્રવેશ ૧૦ મો. મળ પાંડવોનો આશ્રમ—પાંન્ડવો હરી ભજન દ્રોપદીનું કૃષ્ણ પ્રભુ સહ આવી પહોચવું, ત્યાં અરજુનજી બ્યંઢળરૂપે

સ્વર્ગમાંથી આવવું, બાર વરસ પુરાં થયા સંબંધી સેહેદેવને પુછવું, સહેદેવ આવતી કાલે પુર્ણ થયાનું જણાવવું. કૃષ્ણનું તેમને, વૈરાટમાં ગુપ્ત રહેવા સલાહ આપી અંતરધ્યાન થવું.

પ્રવેશ ૧૧ મો. સ્થળ વૈરાટ નગરની ભાગોળ —પાન્ડવો વેશ બદલી વૈરાટ નગરમાં જવાની તૈયારી. શાં નામ ધરવાં અને શાં કામ કરવાં તેની મસલત. દ્રૌપદી માટે દુઃખી થવું, દ્રૌપદી પોતાને માટે ચિંતા નહી ધરવાનું કહી પોતે સુલક્ષણા વૈરાટની રાજરાણીની દાસી બનવા કહીને સર્વને ચિંતા મુકત કરવા, અને એક એક વૈરાટ નગરમાં જવાની તૈયારી.

પ્રવેશ ૧૨ મો. વૈરાટની કચેરી—વારાંગનાનો નાચ, બાદ ધર્મરાયનું આવવું અને કીંકરૂપીનું નામ ધારણ કરી રહેવું. બાદ અર્જુન વ્યઢળ વેશે નીશાળમાં ગોઠવણું, સહેદેવ તંત્રુ ગોવાળ નામ ધારણ કરી ગાયો ચરાવામાં રહેવું, નીકુળ ગ્રાંથીક અસવાર નામ ધારણ કરી ઘોડાળમાં રહેવું, બાદ સૈરંધ્રીનુ આવવુ, અને સુદર્શણાને શણગાર સજાવા દાસી તરીકે રહેવું, બાદ ભીમસેનનું આવવું, અને રસોઇના કામપર વીરવાલવો નામ ધારણ કરી રહેવું, છેવટ સત્યનો જય મંગળગાન.



મુખ્ય પાત્રો.

પુરૂષ વર્ગ.

કૃષ્ણ—દ્વારિકાધિશ પુર્ણ પુરૂષોતમ ભગવાન.

ધર્મ
ભીમ
અરજુન
સહેદેવ
નીકુળ
—પાંન્ડુ રાજાના પુત્ર પાંન્ડવ. કૌરવોના પીત્રાઇ

દુર્યોધન—હસ્તિનાપુરનો રાજા ધૃતરાષ્ટ્રનો પુત્ર પાંન્ડવોનો પીતરાઇ

દુશાશન—તેનો સારો.

શકુની—દુર્યોધનનો મામો, કંદહાર દેશનો રાજા.

ભીષ્મ—નૈષ્ટીક બ્રહ્મચારી શાંતનુ રાજાના પુત્ર.

ધ્રતરાષ્ટ્ર—દુર્યોધનનો અંધ પીતા.

વિદુર—રાજા ધૃતરાષ્ટ્રનો ઓરમાન ભાઇ શ્રીકૃષ્ણનો પરમ ભક્ત.

બળીભદ્ર—શ્રી કૃષ્ણના મોટા ભાઇ.

દ્રુપદરાજા—પંચાળ દેશના રાજા દ્રૌપદીના પીતા.

દ્રોણ—કૌરવોના વિદ્યાગુરૂ.

દુમ
દુર્વેસા
— રૂષીમંડળ.

સ્ત્રી વર્ગ.

કુંતાજી—પાંન્ડુરાજાની સ્ત્રી.

દ્રૌપદી—પાંન્ડવોની સ્ત્રી દ્રૌપદરાજાની પુત્રી.

રૂક્ષમણી
સત્યભામા
—શ્રી કૃષ્ણ ભગવાનની મુખ્ય રાણીઓ.

સુભદ્રા—અર્જુનની રાણી. શ્રીકૃષ્ણની બેહેન.

ભાનુમતી—દુર્યોધનની રાણી.

દાસ, દાસીઓ, દરબારીઓ, સીપાઇઓ, વિગેરે, વિગેરે.

સ્થળ.

ઇંદ્રપ્રસ્થ, હસ્તિનાપુર, દ્વારિકા, વૈરાટ, પંચાળદેશ, હામીક, દ્રવિટ આશ્રીવન.

ॐ परमात्मनेनमः

સતી દ્રૌપદી.

ગદ્ય પદ્યાત્મક.

અંક પહેલો.

મંગળાચરણ.

સુત્રધાર— ઇશ્વર સ્તુતિ.

નમુ વિભુવરદા જય વિશ્વનાથ;
અજર અમર ત્રાતા વિખ્યાત.
જળ સ્થળ સઘળે વ્યાપ તાત. નમુ૦
દ્વાપરના અંતસમય લીલા કીધી બાળનંદ
પાન્ડવપાળ કૌરવ કાળ કૃષ્ણજી છો સુખ કંદ
સહય પ્રભુ માગુ સહાય
ભજવું સતી ચરિત્ર, જેથી થાય જગ હીત,
ભારત ભામની બુદ્ધિ પ્રેર
દુર્ગુણ વામે ધરે ધીર
જોડી વંદે જોડી હાથ— નમુ૦

નટી—પ્રાણનાથ! આ રંગભૂમી ઉપર કીયો પ્રયોગ ભજવી બતાવાની ઇચ્છા ધારસ્વો છે. !!

સુત્રધાર—પ્રિયે આજના કળીના જમાને લઇને, કામ, મદ, મોહ, અને માયા એ પ્રાણી માત્રના કટ્ટા શત્રુ હોવા છતાં પ્રાણી માત્રને પ્રિય થઈ પડેલા હોવાથી, પ્રાણીને રૌરી નર્કના અધિકારી બનાવે છે; તે શત્રુને દુર કરવા પ્રાણી માત્રની આંખ ખુલે, એવો દાખલારૂપ ચિતાર ભજવાય તો સારૂ એમાં તમારો શું મત છે.

નટી—પ્રાણનાથ આપનું કહેવું ખરોબર છે. એવા દાખલારૂપ સતી દ્રૌપદીનો ચીતાર આબેહુબ છે. તેથી દરેક સ્ત્રી-પુરૂષને સરખું જ્ઞાન પ્રાપ્ત થવા સંભવ છે. સતીનું સતિત્વ, પાંન્ડવોની નીતિ, સુખદુઃખમાં સામાન્યતા, ભક્તને ઇશ્વર કેવી રીતે સહાય કરે છે વિગેરે ચિતાર ઘણોજ બોધદાયક છે.

સુત્રધાર—પ્રિયે તમારૂં કહેવું ખરોખર છે; આજે એજ ચિતાર ભજવવાનો નિશ્ચય કરેલોજ હતો, પરંતુ તમારૂં મન જાણવા માટેજ તમારી સંન્મતી માગી, પરંતુ સ્ત્રીપુરૂષનું અંગ હોવાથી કદી મત ફેર નજ પડે.

નટી—પ્રાણનાથ આપનું કહેવું સત્ય છે; પરંતુ તે પુરૂષો અને સ્ત્રીઓ સત્ય નીતિ અને શુભ આચરણી હોય, તોજ એક મત થાય; તે શીવાય એક મત બનવું તે કદાપી કાળે બનેજ નહી.

(નેપથ્ય)

જોરે જોરે આ બ્હેન, શોભા બગીચાની શું બની;
ખીલી દીસે છે બ્હેન, કળીઓ અજબ આ ગુલાબની

(આશ્ચર્ય થઇ) પ્રાણનાથ, આ શું સંભળાય છે ?

સુત્રધાર—પંચાળ દેશમાં રાજ્ય બાગમાં દ્રૌપદી સખીઓ સહ આવેલી છે, અને સખીઓ બાગની શોભાનું વર્ણન કરે છે તેમનો આ સ્વર છે.

નટી—ત્યારે આપે પુરતી તૈયારી કરી રાખેલી દેખાય છે. ને !

સુત્રધાર—હા પ્રિયે તૈયારી કરીનેજ સમારંભ સમયે ઇશ્વર સ્તવન કરવા અને શ્રોતાઓને ભજવાતો વિચાર શરૂ થાય છે તેમ સુચવાજ આવ્યો છું, હવે તમો પણ દ્રોપદીના દાસ એવા શ્રી કૃષ્ણચંદ્રનું સ્તવન કરી ભજવાતા પ્રયોગમાં ભાગ લેવા સત્વર પધારો.

નટી—જેવી પ્રાણ પ્રભુની આજ્ઞા.

ગાયન ૧.

(ધર્મ યુધિષ્ઠિર) એ રાહ.

અલખ નીરંજન ભવભય ભંજન, શ્રી યદુનંદન કૃષ્ણ [illegible];
કંસનિકંદન, જગ[illegible] [illegible] ધર્મ યુધિષ્ઠિર, [illegible] દયાળ;
ભક્તજનોના સત્ય નહાયક, સર્વ સુખદાયક,
જળ સ્થળ વ્યાપક છો જગનાયક દુઃખ વિદાયક—અલખ૦
ભક્ત વત્સલ ભગવંત કૃષ્ણજી, દ્રૌપદી કેરા દાસ જોને,
કૌરવ કુળ સંહાર કૃપાળુ, ભક્તની પુરી આશ જોને,
તારણ કષ્ટ નિવારણ સ્વામી, પારથ અરજુન નટવરલાલ—અ૦

પ્રવેશ ૧ લો.

સ્થળ—પંચાળ નગરમાં દ્રુપદ રાજાનો બગીચો

પાત્ર—દ્રૌપદી; સાહેલીઓ.

દ્રાપદી-સાહેલીઓ. ગાયન ૨.

(વાહરે વાહરે ઓ બ્હેન)

સા—જોરે જોરે ઓ બ્હેન, શોભા બગીચાની શું બની !
ખીલી દીસે છે બ્હેન ! કળીઓ અજબ આ ગુલાબની,
વાસ મ્હેકે શું બ્હેન ! શીતળ સુખકર પવનની જોરે.

દ્રૌપદી—લીલો છે આ ગાલીચો બીછાવ્યો, શુ ઉપર અતિ સુંદિર સાર;
રંગ બેરંગી ફુલોવાળાં, ઝાડ દીસે કેવાં સુખકાર;

અકળીત લીલા લક્ષ્મીવરની, પહોંચે શું મતી સાં પામરની,
લીલા અજબ પ્રકાર..................જોરે.

સાહેલીઓ— ... ... જોરે

દ્રૌપદિ— **સાખી.**

અજબ ખુબી કીરતારની, ભક્તિવશ ભગવાન;
ભક્તિ કરતાં તેહની, મળે ભવ અવસાન.

સાહેલીઓ— ... ... જોરે

સખી—બ્હેન દ્રૌપદી! તું પુર્ણ ભાગ્યશાળી તો ખરી!

દ્રૌપદી—શાં કારણમાં?

સખી—આપના પીતાશ્રીએ આરંભેલ મચ્છવેધનનું કામ કોઇ વીરપુરૂષવિના બનનાર નથી, તેથી વીરપુરૂષનાં પત્ની થશો; કેમ! ખરૂંકે નહી!

દ્રૌપદી—બ્હેનો! એતો વીધિએ નિર્માણ કર્યું હશે, તેજ બનશે. વિધિ બળવાન છે, જૂવો સાંભળો?

ગાયન ૩

દ્રૌપદી— **વસંત તીલકા.**

લખ્યું જે લલાટે, મીથ્યા કદિએ નહી બને,
કુકુમાર વિધિ અંકે, બાળ વયે પહોચ્યા વને;
પ્રહ્‌લાદ ભક્ત પ્રભુ સાચા, સાચી ભક્તિ રહ્યા વરી,
એ સૌ અંક વિધિના, સ્થંભે પ્રગટયા શ્રીહરી.

માટે બ્હેન વિધિએ નીર્મ્યુંજ બનેછે, અને બનશે.

સખી—બ્હેનો એ કહેવું તમારૂં સત્ય છે, પરંતુ આસ્તા બળવાન છે. વિધિ ઉપર તમારી આસ્તા પરીપુર્ણ છે, તો વિધિ તમારૂ બુરૂ નહીજ કરે, એ નિ:સંદેહ છે.

દ્રૌપદી—સખીઓ આપણને અત્રે આવે વાર ઘણી થઇ, માટે ચાલો, એકાદો રાસ ગાઇને પછી જઇએ.

સખીઓ—કીયો રાસ ગાઇશું?

દ્રૌપદી—સ્ત્રીઓને શીયળ અને શીયળનું રક્ષણ કર્તા શ્રીભગવાનનુંજ મનન કરવું અતી હીતકર છે, માટે તેવોજ રાસ ગાઇએ.

સખીઓ આપનું કહેવું યથાર્થ છે; માટે ચાલો તેવોજ રાસ ગાઇએ.

દ્રૌપદી—સાહેલીઓ ગાયન ૪.

(ગરબો.)

(પ્યારા પ્રીતમનાથ) એ રાહ.

સાચુ શીયળ વિત્ત—ધારી હીત નીત્ય કરવી સેવ સ્વામી તણી
એછે શાસ્ત્રની રીત—પતી સતીનો દેવ સાચો મુગટ મણી
પ્રિયકર તો છે સુહીત નીત્ય—શાસ્ત્રની રીત૦

સાખી.

સદ્‌ગુણ સાડી શીયળની—તજવી નહી વ્હાલી
વચન પુષ્પથી રીઝવો—ભવ વન વનમાળી
માળી થઇ પોષે વેલી નીજ ધારીને,
ધન્ય ભાગ્ય વેલ એ, ને વનમાળીને;

સાખી.

સતી સુખદાયક દેવછે—સાચા કૃષ્ણ મોરાર
સંરક્ષક સતી શીયળના—કષ્ટ હરણ કીરતાર
સાચો લ્હાવો સંસારમાં સતી શીયળ રતન સણુગાર
શીયળ શ્રૃંગારે શોભે સતિ જેમ દેવી તણો અવતાર
પતી પ્રભુ સમ જાણે સતી જે—તેના દાસ થઇ રહે કીરતાર
શીયળ પ્રતાપે
અવિચળ કીર્તી વાધે, અમર થાય નામ—

સાખી.

કુષ્ટી કદ્રુપ કુબડો, નિર્ધન નિર્બળ કાય,
મતી હિણુ પતિત પતી ભજે, એ સતીને સુરરાય—સાચુ

(એક સખી આવેછે.)

સખી—ચાલો બ્હેન માજી બોલાવે છે.

દ્રોપદી—કોણ માજી બોલાવે છે? ચાલ્ય આવીએ છીએ (સખીઓને) બ્હેનો ચાલો માજીએ તેડવા મોકલ્યું છે.

સખીઓ—ચાલો બા. (સર્વ જાય છે)

પ્રવેશ ૨ જો.

સ્થળ—દ્રુમ દુપીનો મઠ.

પાત્રો—કાપડી રૂપે પાન્ડુ પુત્રો, કુંતાજી, દ્રુમરૂપી, વિદ્યાર્થીઓ, અનુચર. વિગેરે.

વિદ્યાર્થીઓ—

ગાયન ૫.

ઇશ્વર સ્તવનનો પાઠ

(ગોવિંદ ગુણ ગાઓ) એ રાહ.

એક—સૌ મીત્રો ગુણ ગાઓરે—કૃષ્ણમોરાર.

સર્વે—સુખકર દુઃખહર શ્રી વીઠલવર.

એક—નામની ધુન લગાવોરે (૨) ભાઇ કૃષ્ણમોરાર.

સર્વ—માયા કાયા મીથ્યા માની, કૃષ્ણ કૃષ્ણ ચિત્ત લાવોરે;

એક—ભાઇ કૃષ્ણ કૃષ્ણ ચિત્ત લાવોરે—કૃષ્ણમોરાર.

સર્વ—કષ્ટ નિવારણ, ભવો દધિ તારણ;

એક—સ્મરેથી શીવપદ પાઓરે (૨) ભાઇ—કૃષ્ણમોરાર

સર્વ—સૌ મીત્રો ગુણ ગાઓરે (૨) સૌ. – – કૃષ્ણમોરાર.

(પાંન્ડુ પુત્રો કાપડી વેશે આવે છે.)

ધર્મરાજા—મહારાજ ! પુજન કરવાની આજ્ઞા ?

દ્રુમરૂપી—સુખેથી કરો.

પાંચે પાંન્ડવો રૂપીની પુજા કરી પુષ્પમાળા પહેરાવી ચર્ણો-

ઠક લઇ આરતી કરેછે, દ્રુમરૂપી કહે, તમારો જય થાઓ (આશીર્વાદ આપે છે.) (અનુચર કંકોત્રી લઇ આવે છે.)

અનુચર–રૂષીજી નમન કરૂછું

દ્રુમરૂષી–કલ્યાણ મસ્તુ. કહો ક્યાંથી આવો છો ?

અનુચર–મહારાજ ! પંચાળ દેશમાં દ્રૌપદરાજાને ત્યાં તેમની પુત્રી દ્રૌપદીનો સ્વયંવર છે, અને તે પ્રસંગે સર્વ રાજ્યમંડળ, અને રૂષીમંડળને આમંત્રણ કરેલાં છે, તેના આમંત્રણની કંકોતરી આપને પહોંચાડવા દ્રૌપદરાજાએ મને મોકલ્યો છે.

(કંકોતરી આપે છે)

દ્રુમ રૂષી કંકોતરી વાંચે છે. કંકોતરી.

સકળ ગુણ સંપન્ન પુજ્ય મહાત્મા રૂષી દ્રુમરૂપીની પવિત્ર શેવામાં લી૦ પંચાળ નગરથી આપનો દાસાનુંદાસ દ્રૌપત રાજાના સાષ્ટાંગ દંડવત્ત આપની પવિત્ર શેવામાં અંગીકાર કરશો એવી અભિલાશા છે. વિ. વિ. અર્જ એછે જે મુજ રંકને ઘેર બ્યાસમુનીએ પધારી હમારી પુત્રી બ્હેન દ્રૌપદી માટે સ્વયંવર કરવા આજ્ઞા કરેલી, તેમની આજ્ઞાનુસાર સ્વયંવર રચ્યોછે, તેમાં સકળ રાજ્યમંડળ અને રૂષી મંડળને આમંત્રણ કર્યાછે, તો આપ આવા શુભ અવસરે પધારી શેવકને આભારી કરશો એવી આશા છે. આપના પધારવાથી મંડપની શોભામાં વૃદ્ધિ થશે, માટે આ કાર્ય આપનું પોતાનુંજ સમજી પધારશો એવી હું રંકની નમ્ર વિનંતી છે. સ્વયંવરનું મુહુરત માઘ સુદી પંચમી (વસંત પંચમી) નું નિર્માયું છે, તો શુભ અવસરે આપના વિધાર્થી મંડળ સહ પધારવા કૃપા કરશોજી.

લી૦ દાસાનુદાસ દ્રૌપદ.

દ્રુમરૂષી—સાંભળો ભાઇઓ, આપણે દ્રૌપદ રાજાને ત્યાં જવાનું છે, માટે તૈયારી કરો.

ધર્મ—મહારાજ! એક નમ્ર અરજ છે;

દ્રુમરૂષી—શી ?

ધર્મ—હરકત ન હોય, તો હમો રંકને સાથે લેશો એજ.

દુમરૂષી—શું સ્વયંવરમાં ! એ તે કદી બને !

ધર્મ—મહારાજ આપને શું હરકત છે ?

દુમરૂષી—શું તમોને સાથે લઇ જઇ મારે લાજી મરવું છે ? અને ત્યાં આવવાથી તમને લાભ શો ?

ધર્મ—મહારાજ ! રાજ્યમંડળ અને રૂષીમંડળના દર્શનનો અલભ્ય લાભ કયાંથી મળે ! પરંતુ આપની કૃપા હોય તોજ ભાગ્ય શાળી થઇએ.

દુમરૂષી—ના ભાઇ તે કદી નહીં બને.

ભીમ—કેમ મહારાજ ! નહી બને ? (ડોળા કાઢે છે)

દુમરૂષી—(ડરીને) ભલે ચાલો; પરંતુ ઉતારો હમારી સાથે નહી બને, બીજે ઉતારો કરવાનો જોગ કરી લેવો પડશે.

ભીમ—ત્યારે એમ કહોને; ઉતારાનો જોગ ત્યાં ગયા પછી કરી લેઇશું.

દુમરૂષી—(ધર્મને) પણ આ જાડાને શીખામણ આપજો, કે ત્યાં કાંઇ અટકચાળાં ન કરે.

ધર્મ—એ બાબતમાં આપને કહેવું નહી પડે.

દુમરૂષી—ઠીક ત્યારે અમો સર્વ સ્નાનાદિ કર્મ કરી તૈયાર થઇએ છીએ, ત્યાં તમો પણ તૈયાર થાઓ. (પણ જોજો ! આ જાડાને બરાબર સમજાવજો.)

ધર્મ—બહુ સારૂ મહારાજ. (ભીમ ડોળા કાઢે છે, રૂષી વિગેરે સૌ જાય છે)

ભીમ—કેમ ભાઇ આપણે શી તૈયારી કરવાની છે !

ધર્મ—પણ તારી ફર્યાદ સાંભળી ? માટે તું અહીંરહે ને હમો સર્વે જઇએ. કારણ ત્યાં દુર્યોધન વિગેરે કૌરવોને જોઇને તારૂ ચિત્ત ઠેકાણે ના રહે.

ભીમ—ના ભાઇ ચિત્તને ઠેકાણે રાખીશ, મનને મારીશ, અને આપની શીખ પુરેપુરી સંભાળીશ.

ધર્મ—પણ તારી પ્રતિતી કેમ આવે ? ખા મારા સોગન, કે તમે કહેશો તે પ્રમાણેજ ચાલીશ.

ભીમ—હશે મોટા ભાઈ તમારા સોગન ખાઇને કહું, છું કે તમો કહેશો તે પ્રમાણેજ ચાલીશ.

ધર્મ—ચાલો ત્યારે આપણે પણ માતાજીને લઇને તૈયાર થઈ રૂપીજી સાથે જઇએ.

(જાય છે)

પ્રવેશ ૩ જો.

સ્થળ—હસ્થિનાપુરમાં કૌરવોનો દરબાર.

પાત્ર—દુર્યોધન, ધ્રુતરાષ્ટ્ર, ભીષ્મ, કર્ણ, શકુની, વિગેરે દરબારીઓ, છડીદાર, વારાંગનાઓ અનુચર વિગેરે

વારાંગનાઓ—નાચ. ગાયન ૬.

સા, સાની સા ગમ પની, ધની સારે સાની ધપ;
મગ ગમ પ, મગ, ગપ મગ રેસા—સાની સા
સાની ધપ, ની ધ પમ, ધપ મગ, પમ ગરે;
નીધ પમ ગરે. સાની સા૦
સા ગમ પ પ, ગમ પનીની, મપની સાસા,
પની સા ગરે સા, નીધ પમ ગરે. સાની સા૦
ધા કીટ, ધુમ કીટ, ધીર કીટ, ધી લાંગ,
ધી, તરાન ધા, કીટ કીટ ધા (૩)
કીટ કીટ ધા, કીટ કીટ ધા, કીટ કીટ, નીધ પમ ગરે;
સાની સા૦
સાગ, રેમ, ગપ, મધ, પની, ધસા, નીરે, સાગ,
ગસા, રેની, સાધ, નીધ, ધમ, પગ, મરે, ગસા
નીધ પમ ગરે;
સા-પ-મગ-સા; નીધ પમ ગરે; સાની સા૦

છડીદાર—મહારાજ ! પંચાળ દેશથી એક અનુચર આવેલો છે, અને તે આપ હજુર આવવા આજ્ઞા માગે છે.

દુર્યોધન—તેને સત્વર પ્રવેશ કરાવ.

છડીદાર—જેવી મહારાજાની આજ્ઞા (જાય છે અનુચર આવે છે.)

અનુચર—મહારાજ પ્રણામ કરૂં છું.

શકુની—કેમ ક્યાંથી આવ્યા છો !

અનુચર—મહારાજ ! પંચાળ દેશથી; દ્રૌપદ રાજાને ત્યાં તેમની પુત્રી દ્રૌપદીનો સ્વયંવર છે તેની કંકોતરી પહોંચાડવા દ્રૌપદ રાજાએ મને મોકલ્યો છે (કંકોતરી આપે છે)

દુર્યોધન—મામા ! લ્યો વાંચી સંભળાવો.

શકુની—લાવો વાંચી સંભળાવું.

ગાયન ૭ મું.

સ્વસ્તી શ્રી શુભ શહેર શહેર હસ્તીનાપુર માંહી,
સકળ રાજ્યમાં શ્રેષ્ટ છત્રપતી વસો છો જ્યાંહી
લખીતંગ હિન દાસ આપ પંચાળ નગરથી
સ્વીકારો અમ પત્ર રાજવી ખરા જીગરથી
રચિયો છે મચ્છવેધ વ્યાસમુની આજ્ઞા કરીને
આમંત્ર્યા સૌ રાજ હમોએ પ્રિત ધરીને
હમ ઘર દ્રૌપદી બાળ રચ્યો છે સ્વયંવર પ્રિતે
લખ્યું પત્રની માંય વાંચો કંકોતરી ચિન્તે
કપરૂં કામ મચ્છવેધ તણું જે શુરો કરશે
તે શુરાની સાથ હમારી બાળા વરશે
વસંતપંચમી મહુર્ત હમો બેઠા નિર્ધારી
શોભાવો હમ નગ્ર છત્રપતી આપ પધારી,
લાવી ઉર ઉમંગ રાજવી, સદ્ય પધારો;
મહુર્તે આવી આપ, હમારો હર્ષ વધારો.

લી. દાસાનુદાસ દ્રૌપદ.

શકુની—બાપ દુર્યોધન ! તારા નશીબની અવધિ.

દુર્યોધન—મામા ! કેમ ?

શકુની—કેમ શું ? ન સમજ્યો ? દ્રૌપદરાજા તને પોતાની કન્યા આપવા ખાસ તેડે છે એમ.

દુર્યોધન—પણ મામા ! મછવેધનનું લખે છે તે શું !

શકુની—એતો બધું કહેવાનું; તારાજેવો જમાઇ દ્રોપદને ક્યાંથી મળવાનો હતો ?

દુર્યોધન-ત્યારે મામા ! લગ્નની તૈયારી કરીનેજ જવું કેમ !

શકુની-હા હા. ત્યાં ગયા પછી તૈયારી કેવી રીતે કરી શકાય ? અને લ્હાવો શેનો લીતે ?

દુર્યોધન—ખરૂ કહોછો મામા. [દરબાર મંડળને] બાઇઓ ! જાને આવવા સજ થાઓ, અને તમારી સ્ત્રીઓને પીઠી ચોળવા માટે મોકલો.

ભીષ્મ—અભાગીઆ ! શેની જાન ! અને શેની પીઠી ? કંકોત્રી વાંચી ?

દુર્યોધન—શી વાંચવી છે !

ભીષ્મ—જરા વાંચ વાંચ ! (કપરૂં કામ મચ્છવેધ તણું જે શુરો કરશે, તે શુરાની સાથ હમારી બાળા વરશે.) લગાર વીચાર કરીજો વીચાર;

દુર્યોધન—દાદા ! એતો બધુએ કહેવાનું. મારા જેવો જમાઇ દ્રુપદને બીજો ક્યાંયે મળનાર હતો. કેમ મામા !

શકુની—ખરૂં છે દુર્યોધન.

ભીષ્મ—વારૂ કંન્યા મળી, તોતો ઠીક, પરંતુ ના મળી તો જનમારાનું મેહેણું રહેશે, તેનો વિચાર કર્યો ?

દુર્યોધન—દાદા ! તમોતો જ્યારેને ત્યારે બ્હીવાનું બારસું કરોછો; (કહેવત છે કે સાઠી બુદ્ધિ નાઠી.)

ભીષ્મ—ઠીક છે, વખત આવે જોઇ લેવાશે. (કહેવત છે કે આગેવાન આંધળો તેનું લશ્કર કુવામાં) (દ્રોણને) દ્રોણગુરૂ આપણે ચારે સતપુરૂષો ચાલો, કારણ વસંતપંચમીને વાર નથી. અને ત્યાં જવાથી કૃષ્ણજી, બળી ભદ્રજી અને રૂખીમંડળનાં દર્શનનો અલભ્ય લાભ મળશે.

દ્રોણ-ચાલો આપણેતો તૈયાર છીએ (જાય છે.)

દુર્યોધન-(દરબાર મંડળને) સર્વે જણુ તૈયાર થાઓ, અને તમારી સ્ત્રીઓને તાકીદે પીઠી ચોળવા મોકલો, કારણ મહુર્ત નજીક આવ્યું, માટે ઢીલ થશે તો આપણાથી પહોંચી શકાશે નહી. (કચેરી બરખાસ્ત કરે).

છડીદાર-કચેરી બરખાસપે નીધા રખીએ મહેરબાન સલામ.

(સર્વે જાય છે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ-દુર્યોધનનો મહેલ.

પાત્ર-ભાનુમતી, સખીઓ, પાછળથી દુર્યોધન.

ભાનુમતી- **ગાયન ૮ મું.**

(સખી કેમ ન આવ્યા) એ રાહ.

સખી કેમ ન આવ્યા પ્રાણપતિ,
હું તો મન મુઝાઉં અકળાઉં અતી-સખી
પિયુ વિણ પલછીન વીરહ સતાવે,
દર્શન વિણ નહી ચેન રતી—સખી
વિયોગ બાણે કાળજું વીંધ્યું,
અન્ય પરે શું દોડાવી મતી-સખી

સખીઓ- **ગાયન ૯ મું.**

(આમ શું કરે છે આલી) એ રાહ.

ધીરી રેતુ ધીરી શાણી આમ શું ઉચાટ કર
ધર ધર ધીરજ ધર નજર કર નીરખ વર નૃપવર
ઉલ્લાસ ધર ધર — – – ધીરી
ધનવંતર સુખકર હર સ્મર જ્વર, આલીંગો પ્રિતે પીયુ મનહર
વિનોદ વાતે રીઝી પરસ્પર, તન શીતળ તુજ કર કર-ધીરી,

ભાનુમતી-સખી ક્યાં છે ?

સખીઓ-જો એ આવ્યા ! (દુર્યોધન આવે છે.)

ભાનુમતી–પ્રાણપ્રભુ ! આપે અત્રે પધારવા અસુર કરી આ દાશીને અધિરી બનાવી.

દુર્યોધન–એતો રાજ કાજ છે, વાર પણ થાય.

ભાનુમતી–પ્રાણનાથ આપનું વદન આજ અતિ હર્ષિત જણાય છે, તેનું કારણ ?

દુર્યોધન– કંકોત્રી આપી, લીઓ વાંચો, એજ કારણ.

ભાનુમતી–(વાંચીને) આતો સ્વયંવરનું આમંત્રણ છે, આમાં હરશ શાનો !

દુર્યોધન–ભામીની તમારી ભુલ થાય છે, દ્રૌપતરાજા ખાસ પોતાની પુત્રી આપી મને જમાઇ કરવાની ઇચ્છા ધરાવે છે; તેનું આમંત્રણ છે.

ભાનુમતી–નાથ ! આપનો મિથ્યાભિમાન નજ ગયો; કંકોતરી વાંચોતો ખરા ! મછવેધનનું કામ કરશે, તે કંન્યા વરશે; આમાં તમોને પોતાની પુત્રી પરણાવવાનું ક્યાં લખે છે ?

દુર્યોધન–તમો સ્ત્રીજાતી શું સમજો ? ખાસ મારી સાથેજ પોતાની કન્યા આપવાનું આમંત્રણ છે, મારા જેવો જમાઇ દ્રૌપદરાજાને ક્યાંથી મળે !

ભાનુમતી–નાથ તમે તે કોણ ? શેરને માંથે સવાશેર નથી પડયા, એમ સમજો છો ? નાહકનો ગર્વ શામાટે કરો છો ? ગર્વમાં કાંઇજ સાર નથી.

દુર્યોધન–મીથ્યા અભિમાન શાનો ? તારા ઉપર શોકય આવવાની હોવાથી તું ઇર્ષાથી આવું બોલે છે, પરંતુ તેજ કંન્યા લાવી શોક્યનું સાલ કરીશ, ત્યારેજ શાંન્તિ ધરીશ. સમજી !

ભાનુમતી–પ્રાણનાથ ! હજી પણ કહું છું, કે ગર્વ જવા દીયો, કર્મોધિન જે થાય તેજ થવા દો, ગર્વ ધરવાથી સાર નહીજ જડે, જેટલો ગર્વ તેટલોજ ગર્વ ધારી પાછો પડે. "કરે ગર્વ જે તજીને ભાન, તે પામે નક્કી નુકશાન" જૂઓ સાંભળો

ગાયન ૧૦ મું.

(ધરો કાંઇ હીત શીખામણ ધ્યાન) એ રાહ.

ભાનુમતી–લીઓ કાંઇ અબળાની શીખ ધ્યાન, ગર્વથી નક્કી છે નુકશાન;

મળે નહી ગર્વ થકી આરાણુ, ગુમાવે ગર્વ થકી સૌમાન.
અતિ ગર્વી હતો કંસજરાજા. દેવકીનો પીતરાઇ;
બ્હેન બન્હેવી બહુ રંજાડયાં, ઉંચાટ ગયો ધુંદાઇ. લીઓ૦
રાવણુ સરખો મહાબળી, જેને કુંભકરણુ સમભાઇ;
તેપણુ ગર્વમાં મળી રહયો, ગયો રામ હાથ રીઝાઇ લીઓ૦
પ્રલ્હાદ પીતા હીરણુ કસ્યપ, આણુ જગત વરતાઇ.
તે પણુ ગર્વમાં ગળી ગયો, માર્યો નૃશીંગરૂપે ધાઇ. લીઓ૦

માટે નાથ અબળાનું કહેલું માનો;

દુર્યોધન—જા જા એતો જાણી તને ડહાપણુ હાલલીને. (જાય છે.)

ભાનુમતી—પતીની બગડી છે મતી, તેથી ગર્વ ન છોડે રતી,
શું કરે આ સતી, ભાવીની અકળ ગતી.
(જાય છે.)

પ્રવેશ ૫ મો.

સ્થળ—કુંભારનું ઘર.

પાત્રો—કુંભાર, કુંભારણુ, ભગતમંડળ, પાંન્ડવો અને કુંતાજી.

ભગતમંડળ— **ભજન**

ભક્તિ કરને હંસા તુતો, સીતારામનીરે;
સીતારામનીરે, રઘુપતી રામનીરે. ભક્તિ૦
સ્વપ્નવત્ત માયા, કાચી છે કાયા;
કયાં છે ભુંડા કહેને, ઘડી આરામનીરે. ભક્તિ૦
જગ જાળ છોડી, માયા બંધ ત્રોડી;
માળા તું ગ્રહી લે, પ્રીતેહરી નામનીરે. ભક્તિ૦

ધર્મ—માતાજી આ કોઇ હરી ભક્તનું મુકામ જણાય છે, માટે ત્યાં ઉતારો મળે તો સારૂ. જેથી બે ઘડી હરીનું નામ લેવાનું અને સાંભળવાનું બને.

કુંતાજી—તો તેને જઇને વીનવો. હરી ભક્ત હશે તો ઉતારા માટે ના નહીજ કહે.

ધર્મ-(કુંભારને) ભાઇ ! હમો દુઃખી મનુષ્ય છીએ, અને અહીંઆં ૠષી મુનીઓનાં દર્શનાર્થે આવ્યાં છીએ. માટે ઉતારો આપવા કૃપા કરશો એવી હમારી ઇચ્છા છે; કારણ આપ હરી ભક્ત હોવાથી બે ઘડી પરમેશ્વરનું નામ લેવાનું અને સાંભળવાનું મળે, તો આ દેહનું સાર્થક થાય.

કુંભાર-(બીચારાંકોઇ ગરીબ દુઃખી માણુસ જણાય છે;) બહુ હારૂ ભાઇ આ સામેની ઝુંપડીમાં ઉતારો કરો. (પાંન્ડવો જાય છે)

એકસંત-કચરા ભગત ! કોઇ નશીબવાન જણાય છે. બીચારાં ઉપર કાંઇ આફત ગુજરવાથી દુઃખી હોય એમ જણાય છે.

કુંભાર-મહારાજ નશીબવાન શાથી કહો છો ! નશીબવાન હોય, તો આમ રવડે ખરા કે !

સંત-કચરા ભગત ! દશાના રંગ અને ઢંગ ન્યારા છે; રાજા અને રંક સર્વેને દશા રીબાવે છે; પરંતુ નશીબવાન માણુસનું લેલાટ છુપુ રહેતું નથી.

તારાકી જ્યોત મે ચંદ્ર છુપે નહી, સુર્ય છુપે નહી બાદલ છાયા;
ચંચલ નારી કાનેન છુપે નહી, દાતા છુપે નહી ઘેર માગન આયા.

કુંભાર-ખરૂં કહોછો સંતજી ! તેમના કંપાળનું તેજ જુદુ જણાય છે. જૂઓ સાંમેથી આવતાં હોય એમ જણાય છે, એટલે આપણી ખાત્રી પુરેપુરી થશે.

ધર્મ-ધન્ય છે હરી ભક્ત તમારી ઉદારતાને, તમોએ અમોને ઉતારો આપી આભારી કર્યાં છે.

કુંભાર-ભાઇઓ ! તેમાં આભાર શેનો ! તમોને ઉતારો આપ્યો, તેથી કાંઇ હમારૂં મકાન ઘસાઇ જવાનું નથી.

ધર્મ-લ્યો હવે એ વાત જવાદ્યો, ને કાંઇ હરી કીરતન શરૂ કરો પ્રભુનુ જે નામ લેવાય તે ખરૂ.

કુંભાર-ખરૂં છે ભાઇ; જેટલું બને તેટલું હરીભજન કરવું તેમાં દેહનું સાર્થક સમાયેલું છે, માટે સંતો કાંઇ ભજન ઉપાડો.

સતો- ગાયન ૧૧ મું.

ભજન

સત્ય સ્મરણ હરી નામનું ભાઇ અંત સમય છે કામનું;
સગાં સંબંધીની માયા જુઠી (૨) જાણો એ સ્વાર્થના ધામનું. ભાઇ૦
હંસો જાતાં કાય નકામી (૨) છેવટ શરણ સાચુ રામનું ભાઇ૦
છેવટ ભાતુ સંગ્રહ કરી લે, (૨) જે છે હંસાનુજ કામનું ભાઇ૦
કાચી કાયા માટીની માયા (૨) જો નથી ઠામ આરામનું ભાઇ૦
માટે વીચારી જો જીવતું જરી[૨]રટણ કરીલે તુ તો સીતાશામનું. ભાઇ૦

ભીમ–મોટા ભાઇ ! તમો તો ભજન સાંભળવામાં એકતાર બની ગયા, પરંતુ મને તો ભુખ લાગી છે; અને ભુખે મારો પ્રાણ જાય છે.

ધર્મ–ભાઇ ! પ્રભુ પ્રભુ કરો, થોડા વખતમાં રસોઇ માટે સીધા સામાનની તજવીજ કરીશું, પણ હાલ તો હરી નામના રસ રેલી રહ્યા છે, તે પીને ત્રપ્ત બનો.

ભીમ—મોટાભાઇ! એ રસથી પેટની ભુખ ન ભાગે. ભુખે નથી રહેવાતું.

કુભાર—ભાઇ ! મુઠી કાચા ચણા ખાવા હોય, તો આપુ.

ભીમ—અરે કાચાતો કાચા, લગાર પાણીનો આધાર તો થાય.

કુભાર—લ્યો આ કુંચી, પેલી સામેની વખારમાં ભરેલા છે, તે-માંથી એક મુઠી લઇને ખાઓ. (કુંચી આપે છે)

ધર્મ—(ભીમને બાજુમાં લઇ જઇ) જો જે એ બીચારાનું સત્યાનાશ કાઢતો ? એક મુઠી વગર બીજી મુઠી લે, તો તને મારા સોગન છે.

ભીમ—બહુ સારૂ મોટાભાઇ (સ્વગત) આ જ્યાંને ત્યાં નડ-તાને નડતા (વખાર ઉઘાડી) અરે આમાંતો ચણાનો ભંડાર ભર્યો હોય એમ જણાય છે ! મોટાભાઇએ એક મુઠી ઉપર બીજી મુઠી ભરવાના સોગન આપ્યા છે, પ-રંતુ કાંઇ મોહો ઘાલીને ખાવાના સોગન આપ્યા નથી, તો આવ્યો અવસર ખોવો નહી (ખાય છે)

કુંભાર—ભાઇઓ, ભજન કરો ભજન, જેથી કાયાનું કલ્યાણ થાય.

સંતો— **ભજન.**

ગાયન ૧૨.

રે જરા પ્રાણીતું જોને વીચારીરે, તારી ગતી છે કેવી થનારી–રે
કાળાં ધોળાં કરી ધન તું કમાયે, લાખોની પુંજી વધારી–રે

સાખી.

બગ વન ઉપવન ને વિષે, તોડી અધર્મ આક
નીતી બી ઓતાં થશે, મધુર સુધાસમ્ પાક
મોહ મમત મુકી પ્રભુને ભજીલે, ભવજલ દેતું સુધારી–રે.

(ભીમસેન આવે છે)

ભીમસેન—લ્યો કાકા કુંચી.

કુંભાર—કેમ હવે શાન્તિ વળી?

ભીમસેન—(હજાર મણ ચણા પેટમાં પડયા, ને શાન્તિ કેમના વળે.) હા લગાર પાણી પીવાનો આધાર થયો.

(વાસીદુ વાળીને સુયયું છે.)

ધર્મ—(બીમને બાજુમાં લઇ જઇ) બીચારાનું સત્યાનાશ તો વાળ્યું નથીને?

ભીમ—આ એક મુઠી વીના બીજી મુઠી ભરી હોય, તો તમારા સોગન (મુઠી કોણે ભરી છે, મ્હોં બાલીને ખાધા છે, એટલે ભાઇના સોગન પાળ્યા, ને બંદાનુ કામ થયું)

(કુંભારણ આવે છે)

કુંભારણ—જરા કુંચી આપો, ગધેડાં માટે દાણો કાઢવો છે.

કુંભાર—લે. (કુંચી આપે છે.)

ભીમ—કુંભાર કાકા ! તમારા ગધેડાં કામ શું કરે વ?

કુંભાર—માટી ખાણેથી માટી ઉપાડી લાવે છે. (કુભાયડી આવેછે)

કુંભારણ—વખારનો દાણો ક્યાં નાંખ્યો! વખારમાંતો દાણાનું નામ હરખુએ નથી.

કુંભાર—જા આ હરણાંજ આ જાડો એક મુઠી ચણા લઇ આવ્યો છે ને?

કુંભારણ—તમારા સોગન જો વખારમાં એક દાણો હોય તો;

કુંભાર—હાય હાયરે બાપલીઆા મારાં ગધેડાં દાણા વના રહેશે, ને મારાં છોકરાં ભુખે મરી જશેરે મારી મા.

ધર્મ—કાકા રૂઓ કહી. હાલ તપાસ કરીએ છીએ.

કુંભાર—તપાહ હાની કરોછો? મારા કયાં ભોગ લાગ્યા, કે મે તમોને ઉતારો આપ્યો; (આતો ધરમ કરતાં ધાડ આવી મારા બાપ!)

ભીમ—કાકા ગધેડાંને બચારાંને છોડી મુકો, વગડામાં ચરી ખાસે.

કુંભાર—પછી હું શું ખઉં? ખાણુમાંથી માટી કોણુ ઉપાડી લાવે મારા બાપ!

ભીમ—કાકા ગભરાઓ કહી. (જાય છે ને માટીનો ડુંગરો ઉપાડી લાવી કુંભારના ઘરમાં મુકે છે) લ્યો કાકા માટી લાવ્યો, હવે ગધેડાંને છુટાં મુકી દો, એટલે ચરી ખાશે.

કુંભાર—[આશ્ચર્ય થઇ] આ માટીતો મારાં છોકરાંનાં છોકરાં વાપરશે પણ ખુટશે નહી.

ભીમ—કેમ કાકા તમારૂ મન માન્યું.

કુંભાર—હાભાઇ તારૂં પરમેશ્વર ભલું કરજો અનુચર આવેછે.

અનુચર—કચરા તારે ત્યાં કોઇ પાંચ પુરૂષ અને એક ડોશી ઉતર્યાંછે?

કચરો—હાભાઇ શાબ? આ રહ્યા; કેમ શું કામ છે?

અનુચર—તેમને માગે તેટલું શીધુ અપાવા કૃષ્ણ મહારાજ તથા રાજાજીએ હુકમ કર્યો છે, તેથી તેમને માટે શીધાનો બંદોબસ્ત કરવા આવ્યો છું.

ધર્મ—વાહ! દીનાનાથ તમારી કાળજી. કેમ ભાઇ કૃષ્ણ મહારાજાએ મોકલ્યો છે?

અનુચર—હા. કહો કેટલું શીધુ જોઇશું?

ભીમ—જો સો મણ આટો, સોમણ ઘી, સોમણ ખાંડ, પચીસ મણ ચોખા, પચીસ મણ દાળ તેને પુરતો મસાલો શાક આપો તોઠીક નહીતો જરૂર નથી; એટલું શીધુ ટંકે જોઇશું.

અનુચર—શું તમારા ૭ જણાને એક ટંકે એટલું બધું સીધું જોઇશું ?

ભીમ—ખાત્રી ન થતી હોય તો તું બેશ સામો, લગાર પણ વધે તો બીજા ટંકે અપાવતો નહી; પુછ્ય આ કુંભારને ખાત્રી ન થતી હોય તો.

કુંભાર—ખરૂ છે ભાઇ; મારા એક હજાર મણ ચણાનો એક કાચી ઘડીમાં અંત આણી દીધો.

અનુચર—બહુ સારૂ ત્યારે ચાલો મોદીને કહી દઉં, તે તમને દરરોજ આપે જશે.

ભીમ—ચાલો ત્યારે, લાડુનું નામ આવે છે, ત્યાં મોંહોમાં પાણી ભરાય છે. ચાલો ઉતાવળ કરો, લાડુનું નામ સાંભળી મને મનમાં કંઇનું કાંઇ થાય છે.

અનુચર—(આ કુંભારના હજાર મણ કાચા ચણાનો ધાણ એક ઘડીમાં વાળ્યો, તો સાડાત્રણસો મણ સીધું શા હીસાબનું) ચાલો ત્યારે. (બંને જાય છે)

કુંભાર—સંતો મારે પણ નેભાને માટે બળતણ લાવવા જવું છે.

સંતો—હવે હમો પણ ઉઠીશું. બોલો દ્વારકાંધીશકી જય; જય બોલાવી જાય છે.

પ્રવેશ ૬ ઠ્ઠો.

સ્થળ—સ્વયંવર મંડપ.

પાત્રો—રાજ્યમંડળ, રૂષીમંડળ, સ્ત્રીમંડળ, છડીદાર, રાજ્યગોર, દરબારીઓ વિગેરે.

વારાંગનાઓ— **ગાયન ૧૩ મું.**

નાચ

નાચો ગાંઓ આલી મોરી તકથેઇ તકથેઇ
રંગલાઓ સંગીત સુધારી

લય શ્રુતી આકો બિચારી મેં વારી, જેસી પ્રિતી,
વેસી રીતી, છોડા બીતી, રાસ રચ્યો. નાચ્યો૦
તનન તનન તના તોમ તદેરે, વાહલી સાહે,
અહાલી મોહે, એ નબચારી, શુદ્ધિ વિસારી
ગૌત્રણ ત્યાગ્યો, ભાંમન લાગ્યો, જયો સુધા પાચ્યો,
રાસ રચ્યો...નાચ્યો૦
રંગ રાગ છાઇ રહ્યો પુરમે, સરિતાકો નીર અચલ ભયો,
મૃદ છવાઇ રહ્યો, આજ ગાન તાન ઉમંગ ભયો,
દિન યહી ધન્ય હે, ત્રીલોકયમે એસો કોઉ દિન નહી એહે
પ્યારી...નાચ્યો૦

પુરોહીત–મહારાજ ! છત્રપતી દુર્યોધન શીવાય તમામ નૃપતીઓ મંડપમાં પધારેલા છે, ફક્ત છત્રપતીનું આસન ખાલી છે, જો તેમની રાહ જોવા રહીશું, તો મહુર્ત વિતી જશે.

દ્રૌપદ–કૃષ્ણ મહારાજ ! પુરોહીત કહે છે, તે માટે તમારી શું સલાહ છે ?

કૃષ્ણ–દ્રૌપદ રાજા ! તેને આમંત્રણ તો પહોચાડયું છે, છતાં ના આવ્યો તો તેની ઇચ્છા; અત્રે આવવાની ઇચ્છા નહી હોય, શું તેની રાહ જોઇ મહુર્ત જવા દેવાશે ? તેની ઇચ્છા હોત, તો મહુર્ત સમય હાજર ન થાય; માટે કામ શરૂ કરો.

દ્રૌપદ–જેવી આપની આજ્ઞા [પુરોહીતને] પુરોહીત ! તમો મંડપમાં બીરાજમાન થયેલ નૃપતીઓને આપણું પણ જણાવો, અને મચ્છવેધનનું કામ કેવી રીતે કરવું તે કહી બતાવો.

પુરોહીત–જેવી મહારાજાની આજ્ઞા. સભા મંડપમાં બીરાજમાન થયેલા સકળ ગુણ સંપન્ન રાજ વીરો ! આપે અત્રે પધારી મંડપની શોભામાં વૃદ્ધિ કરી છે. રાજા દ્રૌપદે જે પણ કરેલું છે, તે હું આપને નીવેદન કરૂં છુ તે શ્રવણ કરશો, અને તે કાર્ય પુર્ણ કરશે, તેને દ્રૌપદી વરમાળ આરોપશે.

ગાયન ૨૪ મું.

સુણો નૃપતી સૌ આપ, પધાર્યા પ્રીત કરીને,
લ્યો લ્હાવો રાજન, સુકિર્તી કન્યા વરીને;

મચ્છભેદનનું કામ, રીત તેની સંભળાવું,
કાર્ય કર્યાની હામ હોય, તે ઉભા થાવું;
કપડાં બાંધી કચ્છ, બીડવો હામ ધરીને,
જવું સ્થંભની પાસ, સભાને નમન કરીને;
બાર ગાઉનો સ્થંભ, રોપ્યો છે સભાની માંહી,
ચઢી જાવું છમાક, દીસે છે ત્રાંસજ જ્યાંહી;
મારી ને ગુલાટ, ત્રાંસમાં પડવું પ્રિતે,
સમધારણ ધરી કાય, ચુકવું નાહી ચિત્તે;
ધનુષ્ય ચઢાવી ચાપ, પછી જોવું જળકુંડે,
સ્થંભની ટોચે મચ્છ તાકવી નીશાન રૂડે;
લોચન વીંધી મચ્છ, પુંછ છેદો તત્કાળે,
પછી ઉપાડી મચ્છ, ફેંકવી જળકુંડાળે;
એકજ બાણે કામ, એહ જે શુરો કરશે,
તે શુરાની સાથ, દ્રૌપદી બાળા વરશે;
કાર્ય કર્યાની હામ, ધરી જે ઉભો થાશે,
નહી થાતાં તે કામ, મન્ન પુરો પસ્તાશે;
પુજશે નારદ મુન્ય, હાથમાં માળા દેશે,
પહેરી પંચીયું એક, કાષ્ટ આસન જઇ બેસે;
કહ્યું સર્વ વૃતાંત, રાજવી ચિત્ત ધરી લ્યો,
શુરા થાઓ તૈયાર, સુકીર્તિ કંન્યા વરી લ્યો;

દંતવક્ર—(ઉભો થઇ) પ્રથમ હું ઉભો થાઉંછું. (તૈયાર થાયછે)

પુરોહીત—આ ઉઠ્યા દમઘોષના કુમાર, જે શુરા અને પરાક્રમી કહેવાય છે. જેમની દોલત વીસકરોડની અંકાય છે. તે કરશે મછવેધનનું કામને લેશે વીજયમાળાનું માળ સ્થંભે ચઢીને પડે છે. નારદમુની કપાળમાં ટીલું ખેંચી માળા પહેરાવે છે, ને હાથમાં બીજી માળા આપી કાષ્ટાસને બેસાડે છે.

દંતવક્ર—મારા ક્યાં ભોગ લાગ્યા કે હું પ્રથમ ઉભો થયો. હવે તો કાઇ જોડ મળે તો સારૂ.

શીશુપાળ—(ઉભો થઇ) મારા જેવા શુરા વિના એ કામ કોણ કરી શકનાર છે. (તૈયાર થાય છે)

પુરોહીત—આ ઉઠ્યા શીશુપાળ શુરા, ધનુર્વિદ્યામાં પુરા, દંતવક્રના એ ભાઇ થાય છે, જેની કીર્તી જગમાં ઉચરાય છે. એ કરશે મછવેધનનું કામ ને લેશે વિજયમાળાનું માન.

(સ્થંભે ચઢીને પડે છે; નારદમુની પુજા કરી કોટમાં હાર પહેરાવી હાથમાં માળા આપી કાષ્ટના આસને બેસાડેછે)

જરાસંઘ—(ઉભો થઇ) અરે એ બહુ બોલવાનુ કામ નથી બાહુબળી શીવાય બીજાની હામ નથી. (તૈયાર થાય છે)

પુરોહીત—આ ઉઠ્યા મગધ દેશના રાજા, જેની જગમાં ઝાઝી માઝા, વીસ હજાર રાજા જેના કેદખાનાની માંહ્ય છે, જેને શંકરની પુરણ સહાય છે. તે કરશે મછવેધનનું કામ ને લેશે વીજયમાળાનું માન.

(કામ નહી થવાથી થંભે ચઢીને પડે છે, નારદમુની ટીલુ તાણી કોટમાં માળા ઘાલી હાથમાં માળા આપી કાષ્ટના આસને બીરાજમાન કરે છે.)

સલ્યરાજા—(ઉભો થઇ) ફોગટની બડાઇઓ મારી બાપનાં નામ બોળ્યાં, હું શુરા શીવાય એ કામ કોઇથી બનવું નથી. (તૈયાર થાય છે.)

પુરોહીત—આ ઉઠ્યા નવકોટી મારવાના ધણી, જેની રીદ્ધીસીદ્ધી ઘણી, જગમાં કહેવાય છે વીરમણી—તે પુરણ કરશે કામ ને લેશે વીજયમાળાનું માન.

(કામ નહી થવાથી ચઢીને પડે છે, પછી નારદજી તેમને ટીલુ કરી માળા પહેરાવી હાથમાં માળા આપી કાષ્ટાસને બેસાડે છે)

દ્રૈપદ—(કોઇ ઉઠુ શતુ નથી તેથી કૃષ્ણને)—મહારાજ હવે શું થશે ?

કૃષ્ણ— ગાયન મરાઠી સાખી

આ આવ્યો રાજા દુર્યોધન હીમત નીશ્ચે ધરશે,
છત્રપતીએ નૃપતી શુરો મછવેધન તે કરશે;
શાને ચિંતાધરે, ધાર્યું પ્રભુનું થાશે ખરે.

દુર્યોધન—(હાથીથી ઉતરી આસને બેસી) ક્યાં છે દ્રૈપદ રાજા ?

દ્રૈપત—આવ્યો મહારાજા, શી આજ્ઞા.

દુર્યોધન— ગાયન

ગીતી

શરૂ કર્યું આવ્યા વિણુ લોપી તેં તો છત્રપતી માઝા;
ખબર નહોતી નથી આવ્યા છત્રપતી દુર્યોધન મહારાજા.

દ્રૌપદી–મહારાજ મહુર્ત સમય આપ પધાર્યા નહી, તેથી કૃષ્ણ પ્રભુની આજ્ઞાથી મહુર્ત સમયે કાર્ય શરૂ કર્યું.

દુર્યોધન–(એ ગોવાળીઆનાંજ બધાં વાનાં છે.)–હું લગનની તૈયારી કરવા રહ્યો તેથી અસુર થયું, કહો હવે કેટલી વાર છે ?

નારદ–(આવીને) આ મછવેધન કરો એટલીજ; આ ચાર જણા ચઢીને પડયા છે, ને હવે તમારીજ વાટ જોવાય છે; બીજું કાઇ ઉભુ થતું નથી.

દુર્યોધન—રાજાઓને— ગાયન.

(વીસ્વાસે ગયું રાજ ચીતોડનું) એ રાહ.

ક્ષત્રી તન સૌ સુણો કહું તે, શું કરવા આવ્યા આ ઠામ;
નામ બોળીને નીજ તાતનાં કીધાં આપે મુખડાં શામ.
લાગીશ કહેતાં હુતો ચુડો પહેરો ચુડો હાથે સાર
કામ નયું નહી મછવેધનનું ધીક ધીક છે તુમ અવતાર.
હીંમત નોહોતી ત્યારે શું કરવા આવ્યા કહું તે હું વરણો
રૂપાળી કન્યા વરવા આવ્યા, ઘેર જઇ માને પરણો.
મારા વીણુ નવ કામ બન્યું ને પાપી આપ પશ્ચાત પડયા
નશીબ મારૂં તપતું તેથી, ભોગ સહુના ફરી વળ્યા.

ગાયન.

ભીષ્મ— ગીતી.

અછકલો થઇ બોલે ધર્મ ક્ષત્રીનો આપે વીસારી;
શર્મ લાજ કાંઇ મનમાં બોલ બોલતાં આવા અવીચારી.

ગાયન.

દ્રૌપદ— ગીતી.

એમ મળે નહીં કંન્યા આશ ન દીલમાં લેશ માત્ર ધરશો;
સફળ આશ તો થાશે, જ્યારે ઉઠી મચ્છવેધ ન કરશો.

દુર્યોધન—મામા !

શકુની--ખરૂ કહે છે. થા તૈયાર. જો પેલી ઝરૂખે બેઠી દ્રૌપદી નાર.

દુર્યોધન-(દ્રૌપદીને જોઇને) મામા ! ત્યારે તૈયાર. (દ્રૌપદને) કહે શી રીતે મછવેધ ન કરવો તે બતાવ્ય.

નારદ--સાંભળો. સભાની વચમાં સ્થંભ છે, તે ઉપર ચડવું, ને પેલાં ત્રાસ દેખાય છે તેમાં પડવું, પછી એક બાજુ જળકુંડાળે જોઇ મછા તાકી મછાનું લોચન વીંધી પુંછ છેદી ઉપાડીને જળકુંડાળામાં નાંખવી. જ્યારે એટલું કામ કરી કાઢશો વ્હાણુ, તોતો બોલ્યું એ પ્રમાણુ.

દુર્યોધન-(આ તો મારાથી નહી બને)—મામા !

શકુની-અરે પેલી રૂપાળી જોઇ ?

દુર્યોધન-હાહા મામા ! મછવેધન કરીશ, ને એ રૂપાળીને વરીશ; (ઉભો થઇ તૈયાર થાય છે)

પુરોહીત-આ ઉઠયા ધ્રતરાષ્ટરના કુમાર, જેની દોલત બે સુમાર ચક્રવરતી રાજા કહેવાય છે, જેને સો બંધુની સહાયછે, તેકરશે મછવેધનનું કામ ને લેશે વીજયમાળાનું નામ; (સ્થંભે ચઢી પડે છે શેવકો જળકુંડામાંથી બહાર કાઢી માંથે વાગેલા પર પાટો બાંધે છે. નારદજી આવી કપાળમાં ટીલુ કરી કોટમાં માળા પહેરાવે છે, ને હાથમાં માળા આપી કાષ્ટસને બેસાડે છે.)

નારદ--

ગાયન

મરાઠી સાખી

શુ સસજીને બોલ્યો આવ્યો, અંગ શબોડી ચોળી
કોડુ ઝાલી આવ્યો હોંશે નામજ દીધું બોળી
ધીક અંધ કુમાર, અવતાર તારાને ધીક્કાર.

દુર્યોધન—મામા ગમે તેમ કરો, પણ કન્યાને પરણાવો. આવાં મેહણાં આપણાથી ખમાતાં નથી.

શકુની—જરા જોતો ખરો. તારા જેવો જમાઇ દ્રુપદને બીજો કીયો મળવાનો છે. તારા ભાગ્યની છે તે તનેજ મળવાની

(દ્રૌપદ રાજા જાયછે.)

(પડદો પડે છે.)

પ્રવેશ ૭ મો.

સ્થળ—દ્રુપદનો મહેલ.

પાત્ર—દ્રુપદ ને પછીથી શ્રીકૃષ્ણ.

દ્રુપદ— ગાયન

જગમાં હવે કેમ જીવાય
બુજે કાય, લાગે લાય, ચિત્તમાંય, ન સહેવાય—જગમાં
નૃપતીઓ સર્વ આવ્યા ક્ષત્રી નામને લજાવ્યા.
મુખ કાળુ થયું મારૂં હવે મન શું વીચારૂં
પ્રભુજી શરણે તારે વીશ ઘોળી પ્રાણ કાઢું—જગમાં

(વીશઘોળી તૈયાર કરેછે]

કૃષ્ણજી—અરે આણે તો ગજબ કરવા માંડયો તો! (બાજુ ઉભા રહે છે.)

દ્રુપદ—(પ્યાલો હાથમાં લઇ) પ્રભુજી છેવટમાં આ અભાગીને તારે શરણે લેજે (પ્યાલો પીવા જાય છે ત્યાં કૃષ્ણ પ્રભુ પ્યાલાને થપડાક મારી ફેંકી દેછે.)

કૃષ્ણ—હે દ્રુપદ રાજા! આ શી ગાંડાઇ કરવા માંડી છે? જરા પુછવું તો હતું?

દ્રુપદ—મહારાજ! હવે શું પુછવું બાકી છે. મારૂ પણ ગયું ને કન્યા પણ કુંવારી રહી; હવે આ કાળુ મુખ જગતમાં કેવી રીતે બતાવું.

કૃષ્ણ—જરા ધીરજધર, છેક હીમત શું હારી જાય છે.

દ્રુપદ—કહો ત્યારે હવે કેમ કરવું.

કૃષ્ણ—તુ સર્વ સભામાં ફરી વળ.

દ્રુપદ—કેવી રીતે.

કૃષ્ણ— સાખી.

રૂપ રંગ જોઇએ નહી, જોઇએ ક્ષત્રી આપ
એસે જાત છુપાવીને, બ્રહ્મ હત્યા દઉ પાપ

આ પ્રમાણે ક્ષત્રીની અને બ્રાહ્મણની સભામાં કહી વળી; પ્રથમ ક્ષત્રીની સભામાં જઇને મહેણાં માર, તેથી કોઇ શુરો હશે તો ઉભો થશે. આમ નીરાશ શા માટે થાય છે.

દ્રુપદ—બહુ સારૂં મહારાજ ત્યારે પધારો. (જાયછે.)

પ્રવેશ ૮ મો.

સ્થળ—સ્વયંવર મંડપ.

પાત્રો—રાજસભા, બ્રહ્મસભા, સ્ત્રીમંડળ, વીગેરે.

દુર્યોધન—મામા હવે કેટલીવાર?

શકુની—કેટલી શું જ દ્રુપદરાજા તૈયારી કરવા ગયોછે, તે આવે એટલી.

દુર્યોધન—શેની!

શકુની—તારા લગનની. (દ્રોપદરાજા તથા કૃષ્ણ આવે છે)

દ્રોપદ— ગાયન.

નથી નથી વીર માતા જાયો રહ્યો અવની શુદ્ધ ક્ષત્રી તન
શુદ્ધ ક્ષત્રીનુ નામ ગયું પરસુરામે કર્યું નીકંદન,
ક્ષત્રી નામ ગયું ભુપરથી કન્યા કુંવારી રહી મારી.
નામ લજાવ્યું તુમ તાતનું નર શીટી થાઓ નારી
હૈયે હોળી સળગે મારે ચુડા ઘાઘરીઓ પેરો
વાંકા ટેડા નૃપતી બનીઆ નર નહી મારે મન મ્હેરો.
છકયો છકયો આવ્યો તો છત્રપતી, હોંશે કન્યા પરણવાને
બની ઠણી શીદ આવ્યો અહીઆં ઘેર પરણવીતી માને;
ગૌબ્રાહ્મણ પ્રતિપાળજ કહાવો, તેહ નામ તુમ કીહાં ગયું
એકવીસવાર નક્ષત્રી કીધી, તે દીનથી છે ટળી ગયું.

ગાયન.

કર્ણ— રાગ ક્ષત્રી કલંક.

સુણ દ્રુપદ કહુ છું હું આવાર ક્ષત્રીને કેમ મહેણાં મારેરે
ભીષ્મ પીતા આદી બેઠા કાંઇ વીચાર–વીચાર કોઇ નહી ધારેરે.

સખે આણ્યુ નહી કોઈની લગાર — ક્ષત્રીને.
જરા વચન હું જોઈને ઉચાર — ક્ષત્રીને.
નથી ગયું જગ ક્ષત્રી કેરૂ નામ — ક્ષત્રીને.
નકી કહું હું મછવેધ કામ — વીચાર.

(તૈયાર થાય છે.)

કૃષ્ણ—નારદજી તમો દ્રૌપદી પાસે જાઓ, અને કહો કે કર્ણ ક્ષત્રી પુત્ર નથી, પણ દાસી પુત્ર છે, માટે તે મછવેધ ન કરશે, તોપણ હું વરીશ નહી.

નારદ—બહુ સારૂ મહારાજ (દ્રૌપદીને) બહેન આ દાસી પુત્ર છે માટે સખી ધારા સભામાં કહેવરાવો, કે કર્ણ રાજા મછવેદ કરશે તોપણ તે દાસી પુત્ર હોવાથી દ્રૌપદી વરશે નહી.

દ્રૌપદી—બહુ સારૂ નારદ મુની (સખીને) સખી જા સભામાં જઈને નારદ મુનીએ કહ્યુ તે જણાવી દે;

સખી—જેવી બાની આજ્ઞા. (સભામાં આવો)

ગાયન.

ગીતી.

સતીએ કહાવ્યું સભાને, કર્ણરાજા જો મછવેધન કરશે,
છે એ દાસી જાયો, ક્ષત્રી વીણ નહી ક્ષત્રાણી વરશે.

‘ કર્ણ ક્રોધાયમાન થઈ કહે છે કે મને મહેણું માર્યું, પણ જોઉંછું કે કોણ મછવેધન કરે છે ’ બેશી જાય છે.

કૃષ્ણ—દ્રુપદરાજા! હવે બ્રહ્મ સભાનો આશ્રય માગો, તે વિણ કામ સિદ્ધ થવું નથી.

દ્રુપદ—જેવી પ્રભુની આજ્ઞા. ‘બ્રહ્મસભામાં આવા રૂષીઓને’

ગાયન.

(જોહર આશા છે જોગી) એ રાહ.

છેવટ આશ છે રૂષીજી તમારી
મારી, સ્વીકારી, આતુરી, લાચારીને,

કષ્ટજ કાપો રૂષીમુની પધારી—છેવટ
જનક રાજાને ધામ, કરીયુ રૂષીજી કામ,
માટે એક સાચી હામ, નથી કો અવર ઠામ,
રાખોને જાતિ લજ્જા હમારી—છેવટ.
મચ્છવેધ આપકરો, ધર્મ કષ્ટ આવ્યું હરો,
દુઃખી પર દયા ધરો, ગણી ઉપકાર ખરો;
શરણે આવ્યો છું આપ લીયો ઉગારી—છેવટ.

રૂષીઓ—લાવો કંઈ વીચાર મને એને વાત કદી બને
વસવું હમારે વને મૃગચર્મ ઓઢી તને
પુત્રી તમારી તે ગણીએ હમારી છેવટ.

દ્રુપદ—બતાવો કાંઇ ઉપાય જેથી કામ સિદ્ધ થાય
ચીનમાંથી લાગે લાજ્ઞ નક્કી પાડવાનો ક્રાય.
કુવરી મારી જો રહેશે કુંવારી. છેવટ૦

રૂષી—પ્રભુની અકળ ગતી પામરથી જાણું રતી
કૃષ્ણ શું વિચાર કરો હીંમતના પરહરો

કૃષ્ણ—પણ જે છે તે દીયો ઉચારી

દ્રુપદ—......................................છેવટ૦

ગાયન.

મરાઠી સાખી

રૂપ રંગનું કામ ન મહારે જોઇએ ક્ષત્રી આપ
જાત છુપાવી બેશી રહે તેને બ્રહ્મહત્યાનું પાપ
ઉઠો વીર આજ થઇ, શુદ્ધ બુધ મારી સર્વ ગઇ

(કૃષ્ણ ધર્મને સાનમાં અર્જુનને ઉઠાડવા કહે છે)

ધર્મ—અર્જુનભાઇ! આવી રીતે બ્રહ્મહત્યાનું પાપ દીધું, માટે હવે દ્રુપદરાજાનું કાર્ય કરો, અને તેની ચીંતાને પરિહરો, જેથી નીસ્તેજ બનેલી સભા તેજોમય થાય; કારણ પ્રભુની એવીજ ઇચ્છા છે, માટે વિલંબ ન કરો.

અર્જુન—જેવી વડીલ બંધુની આજ્ઞા (ઉભો થાય છે)

કુમરૂષી—(પાછળ જોઇ અર્જુનને ઉભો થયેલો જાણી) કેમભ્યા કાપડી ઉભો થયો ?

અર્જુન—" પગે લાગી " મહારાજ મછવેધનનું કાર્ય કરવા.

રૂકમણી—" આશ્ચર્ય ચકિત થઇ અરે ! આને-વળી આશું સુઝયું. પણ જે કાર્ય કરવામાં શીશુપાળ આદી શુરા રાજાઓ પાછા પડયા તે કાર્ય કરવા હીમત ધરે, તે કાંઇ ઓછા શુરાનું કામ નહી. માટે સમાધી ધરી જોવાદે કે કોણછે કારણ આ કાપડી નથી તે તો નિસંદેહ છે, " સમાધી ધરી જોતાં પાંડુ પુત્રને ઓળખી " અરે ! આતો પાન્ડુ પુત્રો છે. અરે મે સતી પુત્રો તે સંતાપવામાં મણા રાખી નથી. " પ્રશ્ચાતાપમાં પડે છે. "

કૃષ્ણ—" ભીષ્મ દ્રોણ અશ્વસ્થામા કીરપાચાર્ય પાસે જઇ " અરેરે ! આ ઠેકાણે પાન્ડુના કુમાર હોય, તો સભા આવી ઝાંખી બને ખરી !

ભીષ્મ-અરેરે ! કૃષ્ણજી ! એ તો બીચારા લાખાભોવનમાં બળી ગયા, હવે કયાંથી હોય !

કૃષ્ણ-કદાપી હોય તો ?

ચારે-હમારી દેહનાં સાર્થક તેને આપીએ..

કૃષ્ણ-જો સત્ય વાત હોય તો મુકો જળ " ચારે જળ મુકે છે "

ચારે-કયાં છે ? બતાવો.

કૃષ્ણ-અરે એતો કહેવાનું, મુવેલા મડદાં તે પાછાં આવતાં હશે.

ચારે-કૃષ્ણજી તમારી મશ્કરીની ટેવ હજી ના ગઇ.

કૃષ્ણજી—" બળદેવ પાસે જઇ " મોટાભાઇ આ વખતે કુંતા દેઇનો અરજુન હોય, તો સભાને આવી ઝાંખપ આવે ખરી ?

બળદેવજી--અરે એ વીર રત્ન હોય, તો આ મછવેધનના ભારશા. પરંતુ કયાંથી લાવવો; બીચારાં ગા દીકરા લાખાભોવનમાં બળી મુવાં

કૃષ્ણજી—વખતે હયાત હોય તો ?

બળદેવજી—મારા જન્મનું સાર્થક તેને અરપણ કરૂ.

કૃષ્ણજી—એતો કહેવાનું. જો સાચુ કહેતા હો, તો મુકો જળ (બળદેવજી જળ મુકે છે).

બળદેવજી—ક્યાં છે બતાવ્ય ?

કૃષ્ણજી—મોટાભાઇ ! મુવાં મડદાં તે પાછાં આવતાં હશે.

બળદેવજી—હજી તારો મશ્કરી કરવાનો સ્વભાવ ના ગયો 'કૃષ્ણ જાયછે'

દુમરૂષી—"પશ્ચાતાપમાં ગરક થયેલા" અરેરે મારા જેવો અભાગી બીજો કોણ હશે ?

ગાયન

(છોડીદે રાહુરાની) એ રાહ.

શું કરવું મારે આપે, કેમ છુટીશ પાપ અમાપે
સંતાપ્યા સતીયા પાપે, બળુ છું એહ તાપે. ટેક૦
સાધુને નહી ઓળખ્યા, મતી મુંઢ મન પેખ
ડાહાપણ સૌ ભુલી ગયું, વીધીના લીખીઆ લેખ
સાગરમાં પડું જઇને, કે ગળુ હીમાળે રહીને
એ સઉ અવીચાર લહીને, પાપીઓ હું આપે થઇને. શું કરવું૦

સાખી

ધરતી માતા માગદે માઉ ... ... સુખ
પ્રાણ ટકીને શું રહયા, લહી શામ આ મુખ.
સતી આને દુઃખ દીધું, એહ પાપ કર્મ કીધું,
સતી પુત્રોને સંતાપ્યા મન નહી કાંઇ લીધું—શું કર.

સાખી.

આળસુ ઘરે પધારીઆ, પ્રિતે ગંગામાય
મતી મુંઢ નાહયો નહી, જાતાં મન પસ્તાય—શંકર

ધર્મરાજા—રૂપીને 'ખેદીત જોઇ' હે મહારૂષી ! આપના પ્રતાપે અમોને અથાગ સુખ મળ્યું, અને હમે શાં આપના પવિત્ર ચર્ણનું ચર્ણોદક મળ્યું, એ અમારા અહોભાગ્ય હમો સમજીએ છીએ.

દૌમરૂષી—હે સત્યવાદી રાજા આમ જાત છુપાવી મને પાપી બનાવ્યો; મે મુંઢ મતીનાએ તમોને સતાપવામાં બાકી રાખી નથી; હવે આ કાળુ મુખ જગતમાં શું બતાવું હે સત્યવાદી સતીપુત્રો! મારો દોષ ક્ષમા કરો.

ધર્મરાજા—હે મહારૂષી ! આવું અઘટીત ના બોલો. આપને ત્યાં

હમો અથાગ સુખ પામ્યા છીએ. હવે અરજુનને આશીશ આપી રજા આપો, એજ મોટી કૃપા.

દ્રુમરૂપી—'અરજુનને માથે હાથ મુકી' હે બાણાવળી શુરા જા-! ઓ તમારાથી મછવેધનનુ કામ થશે. એવી મારી તન મનની આશીશ છે, અને મારૂ દસહજાર વરસનુ પુન્ય તમોને આપુંછું. ' અરજુન પગે લાગે છે.' ' એપ્રમાણે સર્વે રૂષીને નમન કરતા અને સર્વેની આશીશ લેતા અર્જુન મછવેધન કરવા માટે સ્થંભ પાસે ઉભો રહેછે.)

નારદજી—(અર્જુનને) કેમ કાપડી ! તમારી મછવેધન કરવાની ઇચ્છા છે ?

અર્જુન—હા મહારાજ. પણ ધનુષ્યબાણ જોઇએ.

કૃષ્ણ—દ્રુપદરાજા આ માણસને ધનુષ્યબાણ આપો.

અર્જુન—(ધનુષ્યબાણ દ્રુપદરાજા આપે છે, તે ભાંગીને ફેંકી દે છે)–કર્ણરાજાનાં ધનુષ્યબાણ લાવી આપો.

કર્ણ—(મનમાં વીચાર કરે છે કે મારાં ધનુષ્યબાણ અર્જુન શીવાય વાપરી શકે એવો કોઇજ નથી, અને તેણે મારાં ધનુષ્યબાણ માગ્યાં, તેથી વખતે અર્જુનતો નહોય ! અરે ના ! આતો કોઇ કંગાલ કાપડી છે.) કૃષ્ણજી ! હું તે માણસને ધનુષ્ય બાણ આપુ તો ખરો, પણ મારી શરત કબુલ કરે તો.

કૃષ્ણ—શી ?

કર્ણ—જો મછવેધનુ કાર્ય તેનાથી ના બને, તો તેનાં નાક કાન કાપી આપે એજ.

કૃષ્ણ—(અર્જુનને સાનમાં કહી) કેમ કાપડી ! આ કર્ણ રાજા કહે છે તે શરત તમારે કબુલ છે.

અર્જુન—જો તમારી ઇચ્છા હોય, તો મારે કબુલ છે.

કૃષ્ણ—કર્ણરાજા કાપડીએ તમારી શરત કબુલ કરી એ માટે ધનુષ્ય બાણ આપો.

કર્ણ—મોંહોની કબુલાત શા કામની ? લખી આપે તો આપુ.

કૃષ્ણ—(શરત લખાવી આપે છે) લ્યો હવે આપો. (કર્ણ ધનુષ્ય બાણ આપે છે).

(કાપડીને) લ્યો આ ધનુષ્ય ને બાણ.

અર્જુન—લાવો મહારાજ. (ધનુષ્ય બાણ લે છે)

કૃષ્ણ—(લાવ અત્યારેજ મારા ભગતને લ્હાવો લેવડાવું એવો વિચાર કરી નારદને) નારદજી.

નારદ—આજ્ઞા મહારાજ.

કૃષ્ણ—જાઓ દ્રૌપદીને કહો કે સ્થંભ અપુજ્ય રહેલો છે, માટે સખીઓ સહ સ્થંભનું પુજન કરવા આવે.

નારદ—જેવી પ્રભુની આજ્ઞા. ' દ્રૌપદીને) બ્હેન સ્થંભ અપુજ્ય રહેલો છે, માટે સખીઓ સહ સ્થંભનું પુજન કરવા માટે પધારો.

દ્રૌપદી—બહુ સારૂ મહારાજ ' સખીઓને ' જાઓ સખીઓ પુજાપાનો થાળ લાવો આપણે સ્થંભનું પુજન કરવા જઇએ. (થાળ લાવે છે)

સખીઓ— ગાયન.

(ચાલો સાહેલી) એ રાહ.

ચાલોને બ્હેની (૨) સાહેલી સંગે સ્થંભતણું પુજન કરીએ,

દ્રૌપદી- પણ જે પ્યારૂ, પીતાએ ધાર્યું. સફળ થવા સ્તુતી ઉચરીએ;
અપુજ્ય સ્થંભનું પુજન કરીએ હોંશ ઘણી હૈયે ધરીએ,
કુમકુમ કેસર અતર અરગજા સ્થંભને જઇ અરચન કરીએ;
અક્ષત પુષ્પ ને અબીલગુલાલે સ્થંભ વધાવી આનંદ વરીએ.

ચાલો૦

(સ્થંભે આવી સ્થંભનું પુજન કરે છે, ત્યાં કૃષ્ણપ્રભુ આવે છે)

કૃષ્ણ—બ્હેન જરા ઉભી રહે, આ મહા ભાગ્યને પણ પુજન કરવા દે, જેથી કાર્ય સફળ થાય. (દ્રૌપદી થાળ ગ્રહી ઉભી રહે છે. અર્જુન સ્થંભની પુજા કરી સ્થંભે ચડે છે)

દુર્યોધન—મામા ! આટલો લ્હાવો પણ ન વીત્યો.

શકુની— તું તારે જોયા કરને, તારા નશીબની છે, તે તનેજ મળશે.

સખી દ્રૌપદીને કાપડીને નીરખતી જોઇ)—બ્હેન ! એ કંગાલ સામુ શું જોતાં હશો ! આ સામે નૃપતીઓ બેઠા છે, તેમાંનો કોઇ પસંદ કરો.

દ્રૌપદી— **ગાયન.**

(મારો નીશ્ચય નહી ફરનારો)

ઉર આવે મળકો પ્યારો
ગુણીઅતી એજ પ્રાણ પતી આદેહનો છે પનારો—ઉર
જોઇ જોઇ મોહી, ગુણમાં અંજાઇ ગઇ
મોહી મોહી રહી, વીનયને વશ થઇ
મછવેધ કરનાર શુરો એજ ભરથાર
શુરવીર રણધીર ઢાંકયો રત્ન કયારો—ઉર

સખી—બ્હેન ઢાંકયો કયારો એટલે ?

દ્રૌપદી **ગાયન.**

મરાઠી સાખી

બાહુ બળી છે રાજ બીજએ બની રહ્યા દુઃખીઆરો
જાત છુપાવી બેસી રહ્યાએ લાલ પ્રભુનો પ્યારો
પીત્યુ બ્રહ્મ હત્યે જડયો, ત્યારે શુરો બહાર પડયો

સખી— ત્યારે પહેલો કેમ બહાર ન પડયો.

દ્રૌપદી **ગાયન.**

રાગ ઉપરનો

આછકલાઓ નૃપતી સર્વે ગર્વ ધરીને ચઢીયા
ગર્વ કદી નથી છાજયો કોનો ચઢીયા તેવા પડીઆ
જો છે ગર્વ રતી, કેવી દીસે વિનય મતી

સખી—બહેન તમારૂ કહેવું સત્ય છે. કામ કરવા ઉભો થયો છે, છતાં લગાર પણ ગર્વ દેખાય છે. કેવો સર્વને પ્રણામ કરી ઉભો રહયો હતો.

દુર્યોધન— મામા ! આ તો ઠેઠ ત્રાંસ સુધી પહોંચ્યો.

શકુની—તું તારે જોયા કરને. ત્રાંસમાં કેવી રીતે ચડશે. કારણ એક પગ એકમાં મુકશે, ત્યાં બીજું નીચુ જશે.

[અર્જુન ત્રાંસમાં આવે છે]

દુર્યોધન—મામા ! એ તો ત્રાંસમાં જઇને ઉભો રહ્યો.

શકુની—હજી બહુ વાર છે, ત્રાંસમાં ગયો તેમાં શું વળ્યું.

કૃષ્ણ—(ભક્ત ત્રાસમાં ઉભો છે પણ કપડાં નથી તેથી સાધતો નથી) નારદમુની.

નારદ—આજ્ઞા મહારાજ.

કૃષ્ણ—જાઓ ઈંદ્રને કહો કે તારે ત્યાં શું ખોટ પડી છે કે, તારો કુંતાજીને આપેલો પુત્ર ત્રાંસમાં મછવેધન કરવા ઉભો છે, તેને વસ્ત્ર શણગારનું ઠેકાણું નથી.

નારદ—આજ્ઞા મહારાજ. (નારદ ઈંદ્ર પાસે જાય છે)

કૃષ્ણ—(સતીયા પાસે જઇ) ભીષ્મ પીતા આ મછવેધન કરનાર આ પુરૂષને તમે ઓળખ્યો !

ભીષ્મ—ના મહારાજ એ કોણ છે !

કૃષ્ણ—એજ અરજુનજી છે. હવે તેને તમારૂ ચારેનું જન્મનું સાર્થક આપો.

ભીષ્મ—અરજુન છે, એવી હમારી ખાત્રી થતી નથી.

કૃષ્ણ—સામે રૂપી સભામાં જુવો પેલો ભીમસેન છે કે નહી !

ભીષ્મ—(ભીમને જોઇને હર્ષનાં આંસુ લાવી)વાહ પ્રભુ! તમારી કળા અકળ છે. કૃષ્ણજી હમો ચારે જણનું આખા જન્મનું સુકરીત અરજુનજીને જજો, અને તેનાથી મછવેધનનું કામ પરિપુર્ણ થજો, હમારી તન મનની આશીશ છે.

(ઇંદ્ર અર્જુનજીને કપડાં બતાવે છે ને તેનો પહેરેલો પોશાક સભાની વચ્ચે આવી પડે છે.)

બળભદ્ર—(આશ્ચર્ય થઇ) અરે આ શું ! હમણાં હું કાપડીને ત્રાંસમાં જોતો હતો, ને આતો પ્રેઇ દેવ ઉભેલો જણાય છે કાપડીને કોણ લઇ ગયું.

કૃષ્ણ—મોટા ભાઇ શા વીચારમાં પડ્યા ?

બળભદ્ર—કૃષ્ણ જરા ઊંચુ તો જુવો, ત્રાંસમાથી કાપડીને કાંઇ સરી ગયું, ને આતો કોઇ દેવ આવીને ઉભેલો જણાય છે.

કૃષ્ણ—મોટા ભાઇ ! એ મનુષ્યને તમે ના ઓળખ્યા ?

બળભદ્ર—ના ભાઇ ના !

કૃષ્ણ—મોટા ભાઇ એજ કુંતાફોઇનો અરજુનછે,

બળભદ્ર—કૃષ્ણ આ તારી મશ્કરીની ટેવ ના ગઇ.

કૃષ્ણ—મોટા ભાઇ, જો ન માનતા હોતો બ્રહ્મસભામાં જુવો, પેલો ભીમસેન.

બળભદ્ર—[હર્ષના આંસુ લાવી] ખરૂં કહો છો કૃષ્ણજી;

કૃષ્ણ—મોટા બંધુ, ત્યારે તેને તમારૂં સુક્રીત આપો.

બળભદ્ર—મારૂ આખા જન્મનું સુક્રીત તેને જજો ને તેનાથી મછવેધન થજો.

કૃષ્ણ—(હજુ પણ ભક્ત સતીના રૂપ કરતાં પાછો પડે છે. તેથી હું મારા ચૌદ અવતારનું સુક્રિત તેને અરપું છું. હાં હવે સતીના રૂપની બરોબરીમાં આવ્યો. પણ હજુ તેને વધારે સ્વરૂપવાન બનાવું ત્યારેજ હું ભક્ત વત્સલ સાચો) સુર્યને.

ગાયન,

કૃષ્ણ— સોળ કળા સંપુરણ, કળા પ્રકાશે સુર્ય તમો માંહી
પ્રકાશ એક કળાનો આપો અર્જુન ઉભો ત્રાંસે જ્યાંહી

સુર્ય—આકાશથી ગાયન.

ગીતી

આજ્ઞા આપ ઉઠાવું, એક કળાનું તેજ અરજુન જાજો;
ઇચ્છા પ્રભુની એવી, મુજ સમ કાંન્તિ પ્રકાશમાન થાજો.

દ્રુપદ—અરે ! આ સુર્ય જેવો પ્રકાશ એકાએક સભામાં ક્યાંથી !
"હવે જોઇ" "સુર્ય જેવું તેજ અર્જુનનું થઇ તેનુ પ્રતીબીંબ સભામાં પડે છે" અરે ! સુર્ય તો આકાશમાં

એક છે, આ બીજો સુર્ય ક્યાંથી? અને કાપડી ક્યાં!

કૃષ્ણ--દ્રુપદ! આશ્ચર્ય ચકીત શા માટે બને છે? એ તો ભાગ્યવંતના ભાગ્યનો પ્રકાશ છે. અને જે કાપડી તુ ધારે છે તેજ ભાગ્યવંત પ્રતાપી પુરૂષનું ભાગ્યનું પ્રતિબીંબ છે.

દુર્યોધન મામા! નક્કી અરજુન! કન્યા ગઇ.

શકુની—ભલેને અરજુન રહ્યો. ઉપરને ઉપર કુટી મારીશું નીચે ઉતરવા દઇસું ત્યારે એ કન્યા લઇ જશે ને

"અરજુન ટંકાર કરી મચ્છવેધન કરે છે ને મચ્છ પાણીમાં આવી પડે છે; આકાશે ફુલની વૃષ્ટી થાય છે"

કૃષ્ણ—અરે બાણાવળી વીરો શુ જોઇ રહ્યા છો? મારો ઠેર, રથ બેથા નીચે ઉતરવા ન પામે;

ભીમ—મોટાભાઈ! હવે તમારી આગ્રામાં રહેવાનો નથી. નહી તો આગ્રા આપો. પાપીઓ ભાઇ ઉપર તુટી પડયા.

ધર્મ—જા તારી ધ્યાન પહોંચે તેમ કર.

ભીમ—(પ્રથમ તો કન્યાને જઇને ઉતારે મુકી આવું, કારણ કોઇ તેનું હરણ કરશે તો પછી એ કન્યા આપણાથી લેવાશે નહી.) (કન્યાને ઉચકીને જાય છે)

દુર્યોધન—મામા કન્યા ગઇ.

શકુની—અરે ક્યાં જવાની છે? હાલ શોધી લાવીશું. હાલ તો: અર્જુનના ઉપર બાણનો મારો ચલાવો.

(પડદો પડે છે.)

પ્રવેશ ૯ મો.

સ્થળ--કુંભારને ઘેર પાંડવોનો ઉતારો.

પાત્ર--ભીમ દ્રૌપદી, કુંતાજી.

ભીમ—માજી માજી દ્વાર ઉઘાડો, હું કાંઈ નવીન વસ્તુ લાવ્યોછું.

કુંતાજી—(અંદરથી) જે લાવ્યો હોય તે પાંચે વહેંચી લેજો.

(બહાર આવે છે)

ભીમ—માજી હું આ કન્યા લાવ્યો છું.

કુંતાજી—અરે મને અભાગણીને એ શું સુઝયું કે મેં પાંચેને વેંહેચીને લેવાને કહયું.

ભીમ—માજી બોલ્યાં હો તો વચને પળજો. હું હાલ જાઉં છું કારણ બાઈને માર પડતો હશે. આ કન્યાને સંભાળજો. (ભીમ જાય છે)

દ્રોપદી—માજી આપ કોણ છો ! અને મારૂં હરણ કરનાર આ કોણ ? અને મછવેધનનું કાર્ય કરનાર વીર પુરૂષ કોણ છે, તે કૃપા કરી આ પુત્રીને જણાવશો ?

કુંતાજી—બેટા હુ પાંન્ડુ પત્ની છું, ને આ હરણ કરીને લાવનાર પાંન્ડુ પુત્ર ભીમસેન છે, અને મછવેધન કરનાર પાંન્ડુ પુત્ર અર્જુન છે.

દ્રોપદી—માતાજી ! મારાં અહો ભાગ્ય કે હું પાંન્ડુ કુળ વધુ થઇ, અને આપ જેવા પવિત્ર સાસુજી મળયાં. પણ માજી આપ આવી કંગાલ સ્થીતીમાં કયાંથી તે કૃપા કરી આ પુત્રીને જણાવો.

કુંતાજી— ગાયન

(શું કહું મારી વાત વિસ્તારી) એ રાહ.

વાત જે મારી વિસ્તાર ભારી બની દુખીઆરી સતી નારી;
સહાંજ ભારી કષ્ટો કારી ભોગવી ભારી લાચારી.
કરે રાજ ઇંદ્ર પરતમાં મમપુત્રો પ્રેમે હળી મળી;
જોઈ સુખ સારૂ અમ તણું પીત્રાઇ મન ગયો બળી.
જાત્રાનું બ્હાનું કાઢીને પાપી નીમંત્રણે આવીઓ;
વીધીના લખીઆ લેખ તેથી પ્રપંચમાં તે ફાવીઓ,
કપટ કરીને ઉલ્હાસ ધરીને વાત જાત્રાની વીચારી—સહાં૰
સ્થાવી ભોરન લાખનું તૈયાર કીધું આગળે;
બતાવ્યું સંકટ ધર્મનું કહ્યું જાઓ આવીએ પાછળે.

છે સોધ સઘળી વન વીશે ઉતરો જાઇ કહીએ અમે;
પરવારી ઝટપટ આવીએ જઇ વાટ જોજો ત્યાં તમે.
ઉતર્યા જઇને ભરોસે લઇને પાંચ પુત્ર હું સતી નારી—સર્વાં૦
ભોળાં હમે નહી જાણીએ લવલેશ તેથી હારીઓ,
પુલોચન મીત્રજ દુષ્ટનો આવીને મહેલ સળગાવીઓ;
દાઝયાં છે એનાં ગાત્ર પણ પ્રભુએ તીહાંથી બચાવીઆં,
છુપાવી નામ ને જાત ફરતાં ફરતાં આ સ્થળ આવીઆં.
મછવેધ કરીઓ સુકીર્તિ વરીઓ અરજુન પુત્ર મમ સુખકારી;

દ્રૌપદી— ગાયન.

ગીતી.

સતીઆ સત્ય નવ ચુકે દિનાનાથ કેમ વિસારી મુકે;
ભક્ત વત્સલ સત્ય સહાયક દુઃખીએ આપે ભક્ત તણે દુઃખે.

માડ હવે મને શાંતિ થઇ, આપના પવિત્ર ચર્ણની સેવા મળી આજ હું મારા અહોભાગ્ય સમજુછું.

(પડદો પડે છે.)

પ્રવેશ ૧૦ મો.

સ્થળ—સ્વયંવર મંડપ.

પાત્રો—રાજ્યમંડળ, રૂષીમંડળ, પાછળથી ભીમસેન.

કર્ણ—અરે જોઇ શું રહ્યા છો ! ઠેર મારો.

દમરૂષી—અરે રૂષીઓ ! આપણી સભામાંથી આ વીર પુરૂષે હદી મછવેધનનું કામ કરી આપણને કીર્તીવંત બનાવ્યા છે, તે માર ખાય તો આપણી જનુની લાજે, માટે જોઇ શું રહ્યા છો ! (આસન માળાઓ વિગેરે હેરવો ઉપર ઉછાળે છે.)

(ભીમ આવે છે)

ભીમ—(અર્જુનને) બાઇ તમો કેશ જીતશો (અર્જુન નીચે આવે છે) બાઇ તમો બાજુએ ઉભા રહો (સ્થંભ ખેંચી કાઢી બાથમાં લેઇ) (ભીમનો ક્રોધ જોઇ ક્ષત્રિ-વો નાસી જાય છે.)

ગાયન.

ભીમ— (રાગનો બાર છે)

સીંહણનો બાળ જોઇ શીયાળવાં ગયાં બીખાઇ;
દેખાય એક ન ક્યાંહી, ગરૂ હું દેખું જ્યાંહી.
કર્મ ચંડાળ ભિખ ક્યાંણ ક્યાં પેઠા સંતાઇ સીંહણ૦
સપાટો શુર જોઇ ભરપુર જીવ લઇને નાઠા
જાણ્યું કે દીવસ માઠા, રંગમાં જવાનાં કાંઠા:
કુશળખેમ ન છોડે ભેમ જીવતાં દેખે ત્યાંહી—સીંહણ૦

દ્રુપદ—હે વીર બાહુ ! તમારી વીરતાની અવધી છે. પાપીઓ જીવ લઇને નાઠા. હવે મારી કન્યા બતાઓ જેથી લગ્નની તૈયારી કરવાનું બને.

કૃષ્ણ—હે ધર્મરાજા ! હવે તમો તમારે ઉતારે ચાલો અને કંન્યા દ્રૌપદને સોંપો અને લગ્નની તૈયારી કરો.

ધર્મ—જેવી પ્રભુની આજ્ઞા—ભાઇ ભીમ—અર્જુન સર્વે ચાલો

(સર્વે જાય છે)

પ્રવેશ ૧૧ મો.

સ્થળ—કુંભારની ઝુંપડી.

પાત્ર—પાંડુ પુત્રો દ્રૌપદ કૃષ્ણજી વિગેરે રાજ્યમંડળ કુંભાર કુંતાજી દ્રૌપદી વિગેરે.

ભીમ—(આગળથી આવી ઉભા રહી) ઓ કુંભાર કાકા અમને સંતાડો.

કુંભાર—કેમ ? કાંઇ અટકચાળુ લટકચાળુ કર્યું લાગે છે ?

ભીમ—હા બાપજી. હું રાજાની કુંવરીનું હરણ કરી લાવ્યો છું, તે મારી માતા પાસે મુકી છે, તેથી મને અને કંન્યાને ખોળતા સર્વે આ તરફ આવે છે, માટે સંતાડો !

કુંભાર—હાય હાય ! જાનીઆ તેં તો ગજબ કર્યો, મારૂં સત્યાનાસ વાળ્યું, રાજા તો કોણ જાણે મને શું એ કરશે !

ભીમ—ફાંસી દેશે, બીજું શું કરશે; પણ મને સંતાડો જુવો એ આવ્યા.

કુંભાર—(કુંતાજીને બોલાવી) ડોશી ! તમારા છોકરાએ તો ગજબ કર્યો.

(ધર્મ આવે છે)

બાપ જાનીઆએ ગજબ કર્યો. રાજાની કુંવરીને હરી લાવીને મારૂં સત્યાનાશ વાળ્યું. રાજા જાણસે તો મારૂં શું એ કરશે ?

ધર્મ—કચરા ભાઇ ! તમે મુંઝાઓ નહી, એ તો જોડો તમારી મશ્કરી કરે છે, અમારા ભાઇ અરજુને મછવેધન કર્યો, તેથી ભીમસેન કન્યાને ઊંચકી લાવ્યો છે; હવે રાજા તે કંન્યાને લઇ જઇ અરજુન સાથે પરણાવશે, ને મારી કરીને મોઢ ઘાલવો પડશે સમજ્યા ?

કચરો—(ખુશી થઇ, ત્યારે જાડે મારી મશ્કરી કરી !

ધર્મ—કચરા કાકા ! અમો કાપડી નથી, પણ પાન્ડુ રાજાના પુત્રો છીએ. અને ડોશી અમારાં માતુશ્રી છે. (અર્જુન આવે છે)

અર્જુન—કુંતાજીને માતાજી પાયે લાગું છું.

કુંતાજી—(માથે હાથ મુકી દીકરા ચીરંજીવ રહો. પણ દીકરા (આંખમાં આંસુ લાવે છે).

અર્જુન—માતાજી ? આવા માંગલીક સમયે તમો આંખમાં પાણી શામાટે આણો છો ?

કુંતા— ગાયન.

મરાઠી સાખી.

ભીમે કહ્યું મા દ્વાર ઉઘાડો, નવીન વસ્તુ કાંઇ લાવ્યો,
વગર જોયે કહ્યું વ્હેંચી લેજો, બોલ એજ મુખ આવ્યો,
વચન મમ મીથ્યા જશે, વગર મ્હોતે મુજ મર્ણ થશે.

અર્જુન ગાયન.

રાગ ઉપરનો.

મીથ્યા શોક શીદ માજી કરો છો, વચન વદું છું આપ,
ભાઇને મુકી એ સ્ત્રી પરણું, બ્રહ્મ હત્યાદીક પાપ,
બોલ નવ મીથ્યા ધરૂ, વચન તમારૂં સાચું કરૂં.

કૃષ્ણ—અરજુનજી દ્રૌપદી ક્યાં છે ?

અર્જુન—કૃષ્ણજી પેલી ઝુંપડીમાં. (દ્રુપદીને તેડી લાવે છે)

દ્રુપદ—અરજુનજી તમો પરણવા સારૂ સજ થાઓ. ત્યાં હું લગ્નની સામગ્રી તૈયાર કરી તમોને તેડવા મોકલું છુ.

અર્જુન—હે દ્રુપદ રાજા ! જો તમારે કન્યાદન દેવું હોય, તો હમો પાંચે સાથે કન્યાદાન આપો, નહીંતો મારે એકલાને વરવું નથી.

દ્રુપદ—શું મારી પુત્રીને પાંચ ભરથાર !

અર્જુન—તમારી ઇચ્છા હોય તો આપો નહીં તો તમારી મરજી;

કૃષ્ણ—(દ્રુપદને) ગાયન.

મરાઠી સાખી.

જગત જનુની મંમાયા એ, પાર્વતીનો અવતાર,
ગૌશ્રાપે અવનીમાં પ્રગટયાં, શીવરૂપ પાન્ડુ કુમાર,
પુત્રી એ નવ ધારો, મમાયા રૂપ વિચારો.

દ્રુપદ—બહુ સારૂ કૃષ્ણજી જેવી તમારી ઇચ્છા. (અર્જુનને) ભલે પાંચે ભાઇઓ સજ થઇને આવો, ત્યાં હું મારી પુત્રી પાંચે સાથે પરણાવી આપુ

(સર્વે જાય છે.)

પ્રવેશ ૧૨ મો.

સ્થળ--લગ્ન મંડપ.

પાત્રો—રાજ્યમંડળ, રાણીમંડળ, સાહેલીઓ, વારાંગનાઓ, દ્રૌપદી પાંન્ડુ કુમાર વિગેરે.

(સ્ત્રીઓ ગાની ગાતી આવે છે.

ગાયન.

આહા હા હા આજે આનંદ અપાર, દ્રૌપદી વરશે પાંન્ડુ કુમાર,
બ્હેન દ્રૌપદી ઉમયારૂપે પાંચે શૈવ અવત્તાર,
ધર્મ ભીમ અર્જુન સહેદેવને નીકુળ પાંન્ડુ કુમાર—અહાહા૦
મચ્છવેધન કરી કામ અલૌકિક લીધું સભામાં નામ,
સાચા ક્ષત્રીનું નામ દીપાવ્યું, પાપી થયાં મુખ શામ—અહાહા૦
પાંચ પતીરૂપ શૈવની સાથે વરશે દ્રૌપદી બાળ,
આનંદનો દિન અતિ ઘણો આજ છે બ્હેની મંગળ માળ-અ૦

(હારબંધ ઉભી રહે છે.)

કૃષ્ણ—કેમ દ્રુપદરાજા ! તારી ખાત્રી થઇ.

દ્રુપદ—મહારાજ આપ અંતરયામી છો. મારા મનનું સમાધાન પુર્ણ થયું,

(પાંચે પાંડુ પુત્રો આવે છે તે નમન કરી આસન ઉપર બેસે છે.)

હે પવિત્ર સત્યવાદી પ્રભુ ભકતો ! તમો એ મછવેધનનું કાર્ય પુરિપુર્ણ કરી મારી જતી લજ્યા રાખી મને પુરો આભારી બનાવ્યો, નહીં તો આત્મઘાત કર્યા વિના મારો એક પણ ઉપાય નહોતો.

અર્જુન—હે દ્રુપદ રાજા ! એ સઉ કૃષ્ણ કૃપાનુ કાર્ય છે. એ યશ બધો કૃષ્ણ પ્રભુને ઘટે છે. મારૂં ગજુ નહિ કે તેમની કૃપા વિના તે કાર્ય હું કરી શકું.

દ્રુપદ—ધન્ય છે તમો નિસ્પૃહીને ! પોતે કાર્ય કર્યા છતાં કોઇ પણ રીતનું દ્રુપદ દર્શાવતા નથી.

અર્જુન— **ગાયન.**

(હું કરૂ અમેં કર્યું એ માનવી) એ રાહ.

મેં કર્યું આ હું કરૂ કહે માનવી હુંપદ ધરી,
પણ આજ્ઞાવિણ કીરતારની બનતું નથી કંઇએ જરી;
ચંદ્ર તારા સુર્ય એ સૌ ગ્રહ ગતી એ ચાલતા,
માયા અજબ કીરતાની પ્રાણી હુંપદમાં મ્હાલતા—મેં૦
કર્તા અકર્તા ઇશ્વ સઘળુ મીથ્યા હું પદ નહિ ધરો,
કલ્યાણ કારક નાથ એકજ ઇશ છે તેને સ્મરો—મેં૦

દ્રુપદ—ધન્ય છે એવા નિઃસ્વાર્થ ભકતોને અને તેમની ભકિતને.

કૃષ્ણ -દ્રૌપદ રાજા હવે દ્રૌપદીનો હાથ પાંચેના હાથમાં આપો.

દ્રુપદ—જેવી પ્રભુની આજ્ઞા, (બ્હેન આ પાંચ પાન્ડુ પુત્રોને વરમાળ આરોપો)

દ્રૌપદી—જેરી પીતાશ્રીની આજ્ઞા. (પાંચેને વરમાળ પહેરાવે છે)

દ્રુપદ—હું મારી કુંવરીનો હાથ પાંચે પાંન્ડુ પુત્રોને આપું છું.

(પંચેને વારા ફરતી હાથ આપે છે.)

દરબારીઓ— **ગાયન.**

જય જયકાર આનંદ અપાર પાંન્ડુ કુમાર આ (૪)
રીતી પ્યારી, નીહાળી, વીચારી, દીલધારી, ઉપકારી;
સ્વીકારી, આણુા સારી—જય જય૦
મચ્છવેધ કીધો ધારી, જશ કીર્તી ઉજવળ વાળી.
અન્ય ગયા મુખ કાળે, કન્યા લીધી પાંન્ડુ બાળે;
ધન્ય દીન ધન્ય દીન છે આ—જય જય૦

નાચ,

અંક ૨ જો.

પ્રવેશ ૧ લો.

સ્થળ—ઇંદ્રપ્રસ્તમાં મયદાનવ સભા.

પાત્રો—સ્ત્રીવર્ગ દ્રોપદી, સુભદ્રા, રૂક્ષમણી, લક્ષ્મીજી વીગેરે, પુરૂષ વર્ગ રાજ્ય મંડળ.

દ્રોપદી—સખીઓ— ગાયન.

સખીઓ— (મનહર કેવી જોવા જેવી.)

મનહર કેવી જોવા જેવી; સભા અલૌકિક આ કીધી;
જળ સ્થળ કેરી નવિન રચના, રચવા શી મહેનત લીધી.
સોભા મનહર કુદરત કુવરી ઉપર શું છાપ દીધી;
જળને ઠેકાણે સ્થળ, સ્થળને ઠેકાણે જળ,
ભુલવણી કેરીઆ બનાવી છે અજબ કળ.
પ્રભુજી કૃપાનાં ફૂળ, ચાલ્યાં આવે પળપળ,
મળતાં ભક્તિ ને બળ, જેમ સુર્યથી કમળ.
ઉગતાં તે ખીલ્યે જાય, અસ્તથી બીડાઈ જાય,
રહ્યાં એ સુરજ છાંય, તેવો ભક્તિ મહીમાય—મનહર.

દ્રોપદી—જૂવો જૂવો રૂક્ષમણી, કૃષ્ણ પ્રભુ પધારે છે.

(કૃષ્ણ પ્રભુ શેલડી છોલતા આવે છે.)

કૃષ્ણ—બ્હેન દ્રૌપદી! મને શેલડી છોલતાં ચપ્પુ વાગ્યું.

દ્રૌપદી—ખમા મારા વીરને લાવો લાવો પાટો બાંધો?

રૂક્ષમણી—જાઓ દોડો દોડો કોઇ પાટો લાવો?

દ્રૌપદી—અરે ! મારા પ્રભુ પીડાય છે, તો આ ચીર શા ઉપયોગનું છે (ચીરનો પાલવ ફાડી પાટો બાંધે છે).

કૃષ્ણ—ધન્ય છે બંધુની દાઝ જાણનાર બ્હેન દ્રૌપદી ! તમે મને રૂણી બનાવ્યો. (પાટાના તાંતણા ગણી) બ્હેન ! તમે નવસો નવાણું તારનો પાટો બાંધ્યો, તો તમોને નવસો નવાણું ચીર પુરીશ.

રૂક્ષમણી—અરે ! આવું જાણતાં હોત તો હમો પાલવ ફાડી પાટો બાંધત.

કૃષ્ણ—એ વખત તો વહી ગયો. રૂષ્ના પાડ શાતે ગયા.

દ્રૌપદી—પ્રભુ આસને પધારો. (સુભદ્રાને) આવો બ્હેન સુભદ્રા, આપણે પ્રભુને પંખો નાંખીએ.

રૂક્ષમણી—(કૃષ્ણને) પ્રાણ પ્રભુ અમોએ આપના ગુણનો એક રાસ રચ્યો છે, માટે આજ્ઞા આપો તો સર્વે ગઈએ.

કૃષ્ણ—ભલે ચાલવા દિયો—(કૃષ્ણ આસને બીરાજે છે ને દ્રૌપદી તથા સુભદ્રા વાયુ ઢોળે છે).

રૂક્ષમણી—સાહેલીઓ— ગાયન.

ગરબો. (ચોકને આંગણે ચાંદની) એ રાહ.

ગોકુળ નીવાશી કૃષ્ણ શામળોરે,
બોલ્યો ગોપીઓનો કાન્હ;
કાન્હરે, મોરલી વગાડી નેહ લગાડીઓ,
મીઠો મોરલીને નાદ, નાદરે સુતો તે નેહ જગાડીઓ—

સાખી

ગોપી સૌ ઘેલી કરી, બેઠા જઇ ઘર મહી;
અંતર સૌનાં કકળતાં, તેને મન નહીં કંઇ.

કાન્હાજી વ્હેલા પધારો ને વ્હાલા;
અરજી આ ઉર લેજોજીરે—કાન્હાજી.
મોરલી વગાડો છો શાને ઓ મોહન;
અમને અકળાવો, તમો ખુશ થાઓ—કાન્હાજી.

સાખી

અણચિંત્યો આવી મળે, ગોરસ લુંટી ખાય;
બંનેરે અમ જીવનમાં, માંકલડીને પાય.

નવા નવા ખેલો નીત્યે બનાવે,
પળમાં જાદુ કરી જાયછેજીરે;
ઘેલી કરી ગોપીને મન મલકાય છે—
દાણી બની દાણ માગવા આવે;
અણચિંત્યા સામા અથડાયછે જીરે—નવા નવા.

સાખી

અરજી ઉર ધરતાં નથી, તો રીસાણી નાથ;
હવે કદી નહી બોલશું, સૌ ગોપીનો સાથ.

તમારી સાથે ઓ મોહન—
નહીરે મનાઉં હું તો નહીરે મનાઉં,
માજી જશોદાના જીગજીવનરે—તમારી.
મનાવા આવો તમે ભલે પણ;
રીસ કદી ન પરહરીએજીરે—નહી રે.

રૂક્ષમણી—જૂવો જૂવો બ્હેન દ્રૌપદી ! ધર્મરાજા રાજ્યમંડળ સહ પધારે છે, માટે ચાલો આપણે ઝરૂખામાં જઇને બેશીએ.

દ્રૌપદી—(કૃષ્ણને) પ્રભુ આપની આજ્ઞા હોય, તો હમો ઝરૂખામાં જઇને બેશીએ.

કૃષ્ણ—જાઓ બ્હેન સુખેથી પધારો.(સ્ત્રી મંડળ જાય છે, ધર્મરાજા રાજ્યમંડળ સહ આવે છે.)

ધર્મ (આસને બેશી) હે સકળ ગુણ સપન્ન રાજ્ય વિરો, પ્રથમ પુજન કોનું કરવું, તેની અનુમતી આપો.

ભીષ્મ—શ્રી કૃષ્ણ મ્હોટા છે, માટે તેમનું પુજન કરો.

શીશુપાળ—એ ભરવાડો ગોકુળમાં ગાયો ચારનારો, મ્હોટો શાનો ? ગોપીઓના માખણ ચોરી ખાતો એવા ગોવાળી-

આની પુજા પ્રથમ શાની ?

કૃષ્ણ—હે સકળ રાજવીરો, આ શીશુપાળ મને એકસો ગાળો દેશે ત્યાં સુધી હું બોલીશ નહિ, ને તે ઉપર એક ગાળ વધારે દેશે, તો તેનો શીર છેદ કરીશ.

સર્વ—શીશુપાળ લગાર બોલતાં વીચાર કરો. કૃષ્ણથી મ્હોટું કોણ છે ?

શીશુપાળ— ગાયન.

મરાઠી સાખી.

એ માતા એ પીતા એને, ગાયોનો ગોવાળો,
મહી માખણની ચોરી કરતો, વ્રજમાં કૃષ્ણજ કાળો;
પુજન શેનું કરો, હજાર વાતે નીચો એનો.

(કૃષ્ણ શીશુપાળનો શીર છેદ કરે છે)

ગાયન.

ધર્મ— **ગીતી**

બુરૂ થયું આ ઠામે, શીશુપાળને માર્યો પ્રભુ આપે:
કૃષ્ણ— ચિંતા ધરો નહી દીલમાં, મરાણો એ તો પોતાને પાપે.

સર્વ— ધર્મરાજા ! હવે સુખેથી કૃષ્ણનું પુજન કરો.

(ધર્મરાજા કૃષ્ણનું પુજન કરે છે)

દુર્યોધન (શકુની સહ સભામાં આવી) વાહ ! મામા, શી સુંદર સભાની રચના કરી છે ! જળ અને સ્થળની ચોકીઓ શું અજબ ગોઠવી છે ? મામા જુવો આ જળ છે. માટે કપડાં ઉંચાં લ્યો નહી તો પલળશે.

(કપડાં ઉંચાં લેછે)

શકુની—દુર્યોધન ! આ પાણીમાં ચાલ્યા છતાં પગ પણ ભીના થયા નહી. કાંઇ અજબ રચના છે: હવે આ જમીન આવી માટે કપડાં નીચાં મુકો.

(કપડાં નીચાં મુકે છે.)

દુર્યોધન—મામા ! આ વળી અજબ ! આ જમીન ઉપર ચલવાથી મારાં કપડાં પલળ્યાં ! ચાલો પેલા દ્વારમાં થઇ સભામાં દાખલ થઇએ (જાય છે ત્યાં માથું કુટાય છે.) મામા ! મારૂં તો માથું કુટાઇ ગયું.

દ્રૌપદી—જુવો જુવો રૂક્ષમણી ! દુર્યોધનની મઝા, અંધના તે તો અંધજ ને;

દુર્યોધન—મામા ! એ રંડાએ મહેણું માર્યું, માટે આપણે અહીઆં રહેવું નથી. (જાય છે)

ધર્મ—અરે ! દુર્યોધન તો રીસાઇ ગયો, કૃષ્ણજી તમો જાઓ અને મનાવી લાવો. સતીએ સ્હેજ સ્વભાવે કહ્યું, પણ સતીએ ભુલ કરી

ભીમ મોટા ભાઇ ! એમાં સતીને શામાટે દોશ આપો છો ? સતીએ શું ખોટું કર્યું છે, અંધના અંધ એકવાર નહી પણ લાખવાર; રીસાઇ ગયો તો ભલે ગયો, મનાવાની કાંઈ જરૂર નથી.

ધર્મ—ભાઇ ભીમસેન ખોટુ કહેવાય.

ભીમ—એમાં ખોટું શેનું ? એતો એનો સ્વભાવ છે.

ધર્મ—ભીમસેન ! જો એને મનાવીને ન લાવવો હોય તોહું દાંતે જીભ લઇ પ્રાણ ત્યાગ કરીશ.

ભીમ—(કૃષ્ણને-સાન કરી) ભાઇ સાર કૃષ્ણજી જાઓ, ને એ પાપી મનાય તો મનાવી લાવો.

(કૃષ્ણ જાય છે)

ધર્મ—(અર્જુનને) ભાઇ અર્જુન ! સકળ રાજાઓને માટે પહેરામણીનો બદોબસ્ત કરો.

અર્જુન—જેવી વડીલ બંધુની આજ્ઞા. (અર્જુન પહેરામણીનો બંદોબસ્ત કરવા જાય છે, કૃષ્ણ આવે છે)

કૃષ્ણ—ધર્મરાજા ! મેં તે પાપીને ઘણો સમજાવ્યો, પણ પાછો ન આવ્યો તે નજ આવ્યો.

ધર્મરાજા—મનાવા ગયા છતાં ન આવ્યો તો તેની મરજી.

(અર્જુન આવે છે)

અર્જુન—મોટા ભાઇ ! આપની આજ્ઞાનુસાર પહેરામણી તૈયારછે.

ધર્મરાજા—કૃષ્ણજી ! હવે સર્વે રાજાઓને પહેરામણી તમો સ્વહસ્તે આપો.

સર્વસભા— ગાયન.

(મંગળ કર ભવભય હર) એ રાહ.

નમીએ નાથ જોડી હાથ હે જગતપતી, લક્ષ્મી કાન્ત, ભાગી ભ્રાંત,
કરી પુર્ણાહુતી—નમીએ.

ભક્ત વત્સલ નાથ છો રહ્યા ભક્તિવરી, ભક્તકાજ બેસો આપ
પ્રાણ પાથરી, સુખકારી, છો મોરારી, દુઃખ લ્યો હરી.
ચરણે, શરણે, સ્મરણે, લક્ષ્મી કાંન્ત, ભાગે ભ્રાંત, કરે શાન્ત, પાવે
શુભગતી—નમીએ.

વર્ણશામ, કૃષ્નામ, છે પ્રભુ ધર્યું, જ્ઞાનબુદ્ધિ ધારી તેહ સ્વેત
છે કર્યું હરખ્યા, પરખ્યા, નીરખ્યા,

મોક્ષદાતા, જગત્રાતા, પીતુ માતા દો રૂડી મતી—નમીએ.
રાસોયજ્ઞ કામ પ્રભુ પુર્ણ છે થયું, એહ સર્વ આપની કૃપા વરે રહ્યું
સંકટ વાદળ સર્વ છે કૃપા થકી ગયું, મનથી, તનથી, ચીત્તથી,
ભક્તિ આપો, કષ્ટ કાપો, ચરણે સ્થાપો, એહ વીનતી—નમીએ.

(સર્વ રાજા નમન કરી જાય છે)

કૃષ્ણ—(પાંચે પાંડવો સમક્ષ) ધર્મરાજા, એક શીખામણ દેવાની છે.

ધર્મ—શ્રી મહારાજ ! સુખેથી કહો.

કૃષ્ણ—જુવો અતી અનર્થનું મુળ છે જુગાર, તે ખેલતાં કરવો વીચાર, કદાપી ખેલો, તો શર્ત કરવી નહી, ને શરત કરો તો વ્હાલી વસ્તુ શરતમાં મુકવી નહી. આટલી શીખ યાદ રાખજો.

ધર્મરાજા—મહારાજ ! આપની શીખ નહી વીસરૂ.

કૃષ્ણ—(પણ ભાવીમાત્ર બનનાર, ત્યાં મનુષ્ય માત્ર લાચાર;)

લ્યો હવે રજા લઇશ.

ધર્મ— સુખેથી પધારો.

(સર્વે જાય છે)

પ્રવેશ ૨ જો.

સ્થળ—હસ્તીના પુરમાં દુર્યોધનનું વીચારભુવન.

પાત્ર—દુર્યોધન અને શકુની.

દુર્યોધન— ગાયન.

છોડુ હવે નહી કુલટા એ નાર,
* * * * છોડુ૰
ગર્વ ઉતારીશ તારો હું રંડા;
મેહેણુ માર્યું હેવે નહી છોડનાર. છોડુ૰
સુખે ન બેસવા દઉં કદીએ હું,
* * * *
ચિત્તમાં અંગાર વરસે અપાર;
બદલો લીધા વીણુ નહી છોડનાર. છોડુ૰

દુર્યોધન—હા ! એ કુલટા નારનુ મેહેણું આ કાળજામાં આરપાર રમી રહ્યું છે; આ રસ્તો કેવી રીતે સાધવો ! હા ! હા ! ઠીક યાદ આવ્યું; મામા શકુની શીવાય બીજો સાચો સલાહકાર કોઇજ નથી. (બહાર બુમ પાડી) અરે કોઇ હાજર.

ચોબદાર—હુકમ નામદાર;

દુર્યોધન—જા શકુની મામાને બોલાવી લાવ.

ચોબદાર-મહારાજાની આજ્ઞા. (જાય છે)

દુર્યોધન—એ શંખણીએ ભરી સભામાં મહેણું માર્યું, પણ વીચાર ન કર્યો કે દુર્યોધનને સતાવી શું સાર કહાડવાની છું. હ

એ મેહેણું તો એક તીરની માફક રૂવે રૂવે પ્રસરી રહ્યું છે; પણ જ્યારે તે શંખણીને તેના પતીસહ વનવન રવડાવું, અને દુઃખમાં સડાવું નહી, ત્યાં સુધી આ મનને શાન્તિ વળનાર નથી, અને લાખ ઉપાયે કદી છોડનાર નથી, બસ વેર વેર ને વેર.

(શકુની આવે છે)

શકુની—દુર્યોધન ! મને અત્યારે બોલાવવાનું કારણ ?

દુર્યોધન–મામા ! કારણનું શું પુછો છો ? અંતરમાં આરામ નથી, નીદ્રાનું નામ નથી, રગે રગે વ્યાપી રહેલી વેરરૂપી આગને બુઝાવનાર તમારા વીના બીજો કોઇ કામ નથી, તેથીજ !

શકુની—એ કાંઈ સમજાયું નહી. ખુલ્લે ખુલ્લું કહે તો સમજાય.

દુર્યોધન—મામા ! ખુલ્લુ શું કહેવરાવો છો, એ કુલટાનું નામ મને શીદ દેવડાવો છો, ભરી સભામાં દીધેલું મહેણું કાંઇ યાદ લાવો છો ?

શકુની—અંધના અંધ કહ્યા તે કે બીજું.

દુર્યોધન—હા, હા, મામા તેજ; તે મહેણું કાળજાને સળગે છે, મનને મારે છે. અંતરની આગને વધારે છે, અંતરને પરજાળે છે.

શકુની—પણ તેનું શું કરવું ! શું બોલનારની જીભ બંધ કરવા ધારે છે ?

દુર્યોધન—જ્યાં સુધી તેનો બોલેલો બોલ પાછો ન પેસે ત્યાં સુધી આ ચિત્તને શાન્તિ વળનાર નથી, વ્હેરની આગ ટળનાર નથી, મનને સુખ મળનાર નથી, અને વ્હેર લેવાનો નિશ્ચય કદી ફરનાર નથી.

શકુની—કેવી રીતે ?

દુર્યોધન–એ પાપી પીતરાઇઓ અને કુલટા વનવન રખડે એવી રીતે;

શકુની—પણ તે કેવી રીતે થાય ?

દુર્યોધન—તમો સાચા સલાહકાર છો, તમારી અક્કલથીજ તે કામ

સધાય, તે શીવાય તે કાંઇ થાય; તમો છો અકલના ભં-
ડાર, કાઢો કાંઇ બુટી કે જેથી થાય કામ પાર.

શકુની—(જરા વીચાર કરી) હાં ! હાં ! ઠીક યાદ આવ્યું;
બુટી છે તૈયાર, પીતરાઇ સાથે રમો જુગાર, શર્તથી જી-
તાડું કે બેડો પાર; બસ પાર;

દુર્યોધન—વાહ મામા ! અકલના ભંડાર.

શકુની—અરે એવી તો કાંઇક અકલ ભરી રાખી છે. મારા પી-
તાએ મરતાં મરતાં કહેલું કે મારા પાંસળાના પાસા કરા-
વી રાખજે, ને જ્યારે જરૂર પડે ત્યારે ઉપયોગ કરજે;
તે પાસા જેમ તું આંખ ફેરવીશ તેમ ફરશે, અને ધાર્યા
દાવ પડશે. માટે પાંન્ડવને કોઇ રીતે અહીઆં બોલાવ્ય,
અને પછી સભામાં બાજી મંડાવ, તોતો પુરેપુરો ફાવ.

દુર્યોધન—પણ કેવી રીતે બોલાવવા ?

દુર્યોધન—તેમણે કર્યો રાસોયગ્ન, તો તું ધનુર્યાગ કરવાને બહાને
નીમંત્રણ કરવા જા.

દુર્યોધન—પણ મામા તે આવશે, માનપર વીશ્વાસ લાવશે.

શકુની—કહેજે કે રૂપીમુની આવનાર છે, અને મારી માતા પુ-
જન કરવા બેસશે, એમ કહીશ એટલે તેઓ ધર્મનાં
રાગી હોવાથી જરૂર આવશેજ.

દુર્યોધન—એ યુક્તિ મામા સારી બતાવી પ્રથમ પત્ર લખીને અ-
નુચર સાથે મોકલાવું છું, તેથી નહી આવે તો જાતેથી
જઇને તેડી લાવું છું.

ગાયન

(હવે ફાવ્યો છું આવ્યો છે દાવ) એ રાગ.

હવે જોઉછું સાંધ્યો છે દાવ, તેડી લાવું કરીને ઉઠાવ,
પછી વાળુ હું દુષ્મન દાવ, દાવ બાવા બનાવું હું સાવ,
રંગ તને કર પાંશરી દોર. તોડું તારો હું સઘળો તોર,
બાજી રચી છે આ સઘળી ઓર.—હવે૦
રાણી કરી રાખુ હું નીરાધાર, નિર્માલ્ય બનાવી તુજભર થાર;
તેડી લાવુ ઝટ કરૂં ન વાર—હવે૦

પ્રવેશ ૩ જો.

સ્થળ—ઇંદ્ર પરતમાં પાન્ડવોનો મહેલ.

પાત્રો—પાંચે પાન્ડવો, કુંતાજી—અનુચર.

કુંતાજી—(બહાર આવી) દીકરા રસોઇ તૈયાર છે, તમારે શી વાર છે ?

ધર્મ— ભીમસેન ન્હાવા ગયો છે તેનીજ વારેવાર છે.

(અનુચર આવે છે)

અનુચર—[પત્ર આપીને] હસ્તીના પુરથી દુર્યોધન મહારાજે આ પત્ર મોકલ્યો છે.

ધર્મ— અરજુન ! વાંચ તો પત્ર.

ગાયન.

(કોણ છો તમે ક્યાંથકી આવ્યા) એ સહ.

સ્વસ્તી શ્રી ઇંદ્રપરત ગામ, વસો ભ્રાતા ભ્રાતા જેહ ઠામ;
વાચુ ભ્રાત કરીને પ્રણામ, પ્રિત ધરી પધારો તમામ.
આદર્યો હમે ધનુર્યાગ, સર્વે સાથે મળ્યાનો લાગ;
રૂષી, રાણા. પધારશે અત્રે, તમો પધારો વાંચીને પત્ર.
પુજા કરશે માત હમારી, તેતો વાટજ જુવે તમારી;
ધર્મ કાર્યમાં સર્વે પધારો, અત્રે આવીને હર્ષ વધારો,
તુમ વિણ આરંભ ન થાય. ભલે મહુરત વીતી જાય;
પત્રથી જો ન આવશો તમો. જાતે તેડવા આવીશું હમો.
સહ પરિવાર અત્રે પધારો, મમ દોષજ સઘળો વીસારો;
મમ પ્રણામ સર્વ સ્વીકારો, પ્રિતે ગણીને બંધુ તમારો.

લી. દુર્યોધન.

ધર્મ—માતાજી ! દુર્યોધન ધનુર્યાગ કરે છે, માટે આપણે ત્યાં જવું જોઇએ; કારણ સર્વ પરિવાર સહ બોલાવવા માટે આ પત્ર લખ્યો છે.

કુંતા—બહુ સારૂ ત્યારે તૈયાર થઇને જઇએ. ધર્મના કાર્યમાં અવશ્ય જવુંજ જોઇએ. (ભીમ આવે છે)

ભીમ—(છેલ્લું વચન સાંભળી) માતાજી ! ક્યાં જવું જોઇએ.

કુંતા—બેટા ભીમસેન ! દુર્યોધન ધનુર્યાગ કરે છે, અને આપણને પત્ર લખી બોલાવે છે.

ભીમ—માતાજી ! હજુ તમેતો ભોળાં ને ભોળાં રહ્યાં. વળી કાંઇ દાવ પેચ રચ્યો હશે; વારણાવૃત્તની જાત્રા વીસરી ગયાં હોય એમ જણાય છે.

ધર્મ—ભીમ ! તુંતો હજી એવોને એવો રહ્યો. ધર્મ કાર્યમાં ગયા વગર ન ચાલે.

ગાયન.

ભીમ— ગીતી.

જાત્રાર્થે તેડાવ્યાં, કપટ રચીને દિલમાંહી મોહોટું;
લાખાભોવનમાં બાળ્યાં, આપણ જાણે તેવું છે ખોટું.

ગાયન.

રાગ ઉપરનો.

ધર્મ—રાસોયગ્નમાં આવ્યા, કૌરવ સઘળા ધારી મન રૂડું;
ગયા વીણ કેમ ચાલે, શું કરવાનો હતો તેહ કુડું.

ભીમ—બંધુ તમેતો ભોળાને ભોળાજ રહ્યા;

ધર્મ—તારે ન આવવું હોય, તો તું અહીઆં રહે, હમો સર્વ જઇશું.

ભીમ—તમને મુકીને મારાથી કેમ રહેવાય. અને દુશ્મનને ઘેર તમને એકલાને મોકલતાં વીસવાસ પણ શાનો આવે કારણ કહેવત છે કે (અનરથ થાયે જતાં સાન શુદ્ધિ. વિનાશ કાળે વિપરીત બુદ્ધિ.)

ધર્મ—તુંતો સદાનો વ્હેમી ને વ્હેમી રહ્યો. (અનુચરને) જા

તું આગળ જા ને કહેજે કે હમો સૌ આવીશું.

(અનુચર જાય છે.)

ધર્મ--ભાઈઓ ચાલો જમી પરવારી આપણે પણ જવાની તૈયારી કરીએ.

ગાયન.

(ચાલો દર્શન ભોજન કરશું.)

ચાલો રૂપી મુની દર્શન કરશું, જઈને ધનુર્યાગમાં ભળશું;
યાગ વીધી સૌ આંખે જોશું; સ્થાપન દેવો નાંય,
પ્રભુએ રૂડી ધર્મ આસ્થા આપી બંધુ માંહ્ય–ચાલો.
યાગ પ્રસાદી લઈને કરવી, પવિત્ર ગંદી કાય;
બ્રહ્મ ઉચિષ્ટ ઉદારતાં પ્રિતે, પતિત પાવન થાય–ચાલો.
ધનુર્યાગનું કાર્યજ રૂડું આરંભ્યુ નીરધાર;
બંધવ સાથે હરખું ફરશું, થાશે હર્ષ અપાર–ચાલો.

પ્રવેશ ૪ થો.

સ્થળ--રસ્તો જંગલ.

પાત્ર –પાંચે પાંન્ડવ–દ્રૌપદી–કુંતાજી.

ભીમસેન—વડીલ બંધુ. હજુ પણ કહુછું કે પાછા વળો આ અશુભ શુકન સુચવે છે તેનો વિચાર કરો.

ગાયન. ગીતી.

જુવો કાગ કળકળતા, નાગ ઉતરે આડા ચિત્ત ધરીએ;
માટે વળો કહું પાછા, અવશુકનથી કદી ન સંચરીએ.

ધર્મ--ભાઈ ભીમસેન તું ગમે તે કહે, પણ આજે હમો પાછા વળવાનાં નથી. તે નથીજ.

ગાયન. ગીતી.

ધર્મ--અવશુકન હો થાયે, ધર્મ કાર્યમાં પ્રાણ ભલે જાયે;
ભલે દુઃખ પડે આવી, તો પણ પાછા ફરવાની નાયે.

ગાયન.

ગીરી

ભીમ—લેખ વાંધીના લખીઆ, ભુસાય તેની ધરવી નહી આશ;
લાખ પાણી ધરી સાબુ ધુવો કોયલા તજે ન કાળાશ.
[ભલે ચાહે। જેવી મરજી.]

પ્રવેશ ૫ મો.

સ્થળ—દુર્યોધનની કચેરી.

પાત્ર—કૌરવનું રાજ્ય મંડળ પાંડવો વગેરે.

ધર્મ—ભાઈ દુર્યોધન ! હજુ કેમ કોઇ આવ્યું નથી ?

દુર્યોધન—ભાઇ ધર્મ ! સઘળી સામગ્રી તૈયાર છે. રૂપી મુની પધારે એટલીજ વાર છે.

ધર્મ—તમે તેડાં મોકલ્યાં છે ?

દુર્યોધન—હા ભાઇ સઘળા આજ કાલમાં આવવામાંજ છે. વારૂ ભાઇ નકામો દીવસ કેવી રીતે કાઢવો, ચાલો બાજી રમીએ.

ધર્મ— **બેત.**

અધર્મ કેરૂ મુળ, જાણો બાજીએ;
પેટ ચોળતાં શુળ, જાણો બાજીએ.

દુર્યોધન — આપે ગમ્મતમોજ, જાણો બાજીએ;
ક્યાં ખેલવી છે રોજ, જાણો બાજીએ.

બેત.

ધર્મ—એ બાજીએ નખોદ, ઘણા ! વળી ગયાં;
વ્હાલામાં વીરોધ, વ્હાલાં દુષ્મન થઇ ગયાં.
તજી ધામને ગામ, વન વન રખડતા થઇ ગયા;
એ બાજી રમનાર, અન્ન ને દાંતને વેર થયાં.

દોહરો.

દુર્યોધન- જેહ વર્ણવ્યું આપ તેહને જુગાર જાણો;
આ તો નાંહી જુગાર ખાલી ગમ્મત પરમાણો.

શકુની—આણા નહી વીચાર ધર્મરાજા કાંઇ ઘેલો;
મનને આણંદ કાજ બે ઘડી બાજી ખેલો

ધર્મ— [છત્રપતીને દુભવવો તે ખોટું, આપણે ક્યાં જુગાર ખેલવો છે તે ભય છે) બહુ સારૂ છત્રપતી ચાલો દાવ નાંખો.

છત્રપતી–ધર્મ પ્રથમ તમોજ પાસા નાખો [ધર્મ પાસા લેછે]
ચાર ત્રણુ સાત પડે જીત તમારી,
તણુ ત્રણુ છ પડે જીત હમારી.

[ધર્મ પાસા નાંખે છે]

ધર્મ-- (ચાર તણુ સાત પડેલા જોઇ) લ્યો ભાઇ હું જીત્યો. હવે લ્યો છત્રપતી તમો પાસા નાંખો.

(છત્રપતી પાસા લેછે)

ચાર પો પાંચ પડે જીત તમારી;
ત્રણુ પો ચાર પડે જીત અમારી.

(દુર્યોધન પાસે નાંખે છે)

દુર્યોધન--(ત્રણુ પો ચાર જોઇ] લ્યો ભાઇ તમો જીત્યા. હવે તમો પાસા નાંખો. (ધર્મ પાસા લેછે) ભાઇ ધર્મ આમ ખાલી રમવામાં કાંઇ ગમ્મત પડતી નથી, માટે કાંઇ શરત કરો.

ધર્મ-- (પોતાની જીત જોઇ) જેમ તું કહે તેમ પણુ ફક્ત પાંચજ દાવ રમીશ

દુર્યોધન જો હું હારૂં તો આ હસ્તીનાપુરની ગાદી તથા તમામ દ્રવ્ય તમોને આપુ, ને જીતુ તો તમારી ગાદી તથા ધન હું લઉં અને જે હારે તે બાર વરસ વનમાં જાય

ધર્મ--કબુલ.

દુર્યોધન— છ ચાર દસ પડે જીત તમારી,
છ તણુ નવ પડે જીત હમારી.

(ધર્મ પાસા નાંખે છે.)

ધર્મ—ભાઇ તેમાં શા માટે ઉતાવળો થાય છે, હજી તારી સા થે શરતના બીજા ચાર દાવ બાકી છે.

દુર્યોધન—બહુ સારૂ તૈયાર છું.

ધર્મ—આ બીજા દાએ ભીમ અને અરજુનને મુકું છું. જો હું જીતું તો મારી તમામ હારેલી મીલકત સાથે તમારી મીલકત અને રાજપાટ હું લઉં, ને હારૂ તો ભીમ અને અરજુન બંને તમારી શેવામાં રહે. (પાસા લે છે)

દુર્યોધન—કબુલ.

ચાર ચાર આઠ પડે જીત તમારી
છપો સાત પડે જીત હમારી
(ધર્મ પાસા નાંખે છે)
જુવો જુવો છપો સાત ભીમ અરજુન હાર્યા!

ધર્મ—હા હા ભાઇ કબુલ, પણ હજી બાજી ત્રણ બાકી છે. આ બીજા દાવ ઉપર સેદેવ અને નીકુળને મુકું છું (પાસા લેછે)

દુર્યોધન—બહુ સારૂ

છછ બાર પડે જીત તમારી
છ ચાર દશ પડે જીત હમારી
(ધર્મ પાસ નાંખે છે)
જુવો જુવો છ ચાર દશ હમે જીત્યા

ધર્મ—ભાઇ હજુ ઉતાવળો શા માટે થાયછે, હજુ દાવ બે બાકી છે.

દુર્યોધન—ભાઈ આ દાવ ઉપર શું મુકો છો.

ધર્મ—હું પોતે. જો હું જીતું, તો હારેલું તમામ સાથે તારૂ રાજ્ય પાટને રિદ્ધિ સીધી હું લઉને હારૂ તો તારી શેવામાં રહું (પાસાલેછે)

દુર્યોધન—બહુ સારૂ

ચાર તણુ સાત પડે જીત તમારી
ચાર પો પાંચ પડે જીત હમારી
(ધર્મ પાસા નાંખે છે)

જુવો જુવો ચાર પો પાંચ ! હવે તમે પાંચે ગુલામ થયા.

ધર્મ— ભાઇ હજુ ઉતાવળો શા માટે થાય છે, હજી એક દાવ બાકી છે

દુર્યોધન—હમો ક્યાં ના પાડીએ છીએ, હવે તમારી પાસે દાવમાં મુકવાને છે શું !

ધર્મ—તેનો જ વીચાર કરૂ છું,

દુર્યોધન—શાનો કરે છે વીચાર, દાવમાં મુકો રૂપાળીનાર-

અર્જુન—બંધુ ગજબ થાય છે, નેવનાં નીર મોભે જાય છે.

ધર્મ—ખરૂ કહો છો, ભાઇ પણ હું પાંચ બાજી રમવાનું બોલ્યો, તે વચન કેમ જવા દેવાય. ધર્મનો બોલ ન પળે તો પૃથ્વી રસાતાળ જાય,

છપ્પો.

ભીમ—પીતુ વચનને કાજ, રામ વનમાં સીધાવ્યા,
છોડયું મળતું રાજ, લેશ મન શંક ન લાવ્યા;
તેમ આપ વચન વડીલ વેચ્યો વેચાવો
સુખેપાળો બોલ ઉર શંકા નવ લાવો
જેવા લક્ષમણ વીર, આગુ બંધુ નહી લોપતા
તેવા જ જાણો વીર, બંધુ ચાર જ ઓપતા

દુર્યોધન—કેમ હવે કેટલી વાર ? બીજું કાંઇ દાવમાં મુકવા રહ્યું નથી, હવે મુકો એજ રૂપાળી નાર

ધર્મ—હા હા એજ સતી દ્રૌપદીને દાવમાં મુકું છું. થા તૈયાર

(પાસા લે છે)

દુર્યોધન—ચાર પો પાંચ પડે જીત તમારી
છ પો સાત પડે જીત હમારી

(ધર્મ પાસા નાંખે છે)

જુવો જુવો છ પો સાત ! હમો જીત્યા હવે લાવો એ રૂપાળી નાર.

ધર્મ—(હાય રે ધર્મ, ફુટયાં કર્મ) સર્વે કપાળે હાથ દઇ અફસોસ કરે છે.

દુર્યોધન—હવે અફસોસ શા માટે કરો છો, તમો સરવે બદ નામ છો, બાજીમાં જીતાયેલા દાસ ગુલામ છો. :(દુશાશનને) ભાઈ દુશાશન થા તૈયાર, સભાની વચમાં પકડી લાવ્ય એ કુલટાનાર.

ભીમ—હાય ! શું કરૂં, વડીલની આગ્ના નથી, નહીતર પાપીને જીવતો ન છોડું.

દુર્યોધન—એ તો જાણ્યું કે તારામાં કેત્તા રામ છે; બાજીમાં જીતાએલો દાસ ગુલામ છે. (દુશાશનને) થા તૈયાર અને આ સભાની વચમાં લાવ્ય તે કુલટા નારને સીધી રીતે ન આવે તો ચોટલો પકડીને ખેંચી લાવ્ય.

દુશાશન—જેવી વડીલ બંધુની આગ્ના. [જાય છે]

વીદુર—દુર્યોધન ! આ બુરૂ થાય છે, કુલાંગાર.

દુર્યોધન—મારી જીતાયેલી રંડાને ગમે તે કરૂ, તેમાં વચ્ચે પડવાનો તમને શું અખ્તીઆર છે.

વીદુર—સતીઆને દુઃખ દેવું એવોજ તારો વીચાર છે, પણ જોજે કે સતીને સતાવ્યામાં શું સાર છે ? સત્યનો સહાયક સાચો કીરતાર છે, નોધારાનો તે આધાર છે,

[જાય છે]

દુર્યોધન—ઠીક છે જોઉછું કે કોનો આધાર છે, ને તેને સહાય કરવાવાળો કોણ તૈયાર છે.

[પડદો પડે છે]

પ્રવેશ ૬ ઠો.

પાત્ર—દ્રૌપદીનો મહેલ.

પાત્ર—દ્રૌપદી, સખીઓ પાછળથી દુશાશન.

સખીઓ—બ્હેનો દ્રોપદી નીદ્રાધિન છે, માટે આવો આપણે કાંઇ ગાઇને ગમ્મત કરીએ.

સખી—શું ગાઇશું.

સખીઓ–કોઈક નીતીનું ગીત ગાઇએ.

ગાયન.

સાખી.

સખી—સરદ પુનમની ચાંદની જામે રસ ઝણકાર,
ખીલે જેવાં પોયણાં તેમ હરખે સતીનાર.

સર્વ— રાતલડી રળીયામણી હો પ્રીતમજી
કેવો ચાંદલીઓ ઉદાર પ્રકાશે રૂડોરે હો પ્રીતમજી,
પતીવ્રતા સતી સાધવી તેના સુખ ભંડાર;
સંગે રાખ્યા ખતથી આ રજની મોઝાર;
પ્રેમ કરે પતી ઉપરે પતી પ્રિતમજી
છે આજે આનંદ અપાર પ્રાણાધારરે પતી પ્રીતમજી.

દ્રૌપદી—[ઝબકીને ઉંઘમાંથી બેબાકળી ઉઠે છે] અરે ! અરે !

સખીઓ–(પાસે આવી) બ્હેન ! બ્હેન ! શું છે ?

દ્રૌપદી—બ્હેનો મને એક નઠારૂ સ્વપ્નુ આવ્યું.

સખીઓ–એવું તે શું સ્વપ્નુ આવ્યું, કે તું એકદમ ચમકી.

દ્રૌપદી--સખીઓ કાળજુ કપાઈ જાય છે, જીવ ઉથલપાથલ થઇ જાય છે. સ્વપ્નથી મન મુંઝાય છે.

સખીઓ-બ્હેન દ્રૌપદી તે સ્વપ્નુ હમોને જણાવી તમારો હૃદય ભાર હલકો કરો, જેથી તનને શાન્તિ વળે.

દ્રૌપદી—જુવો સાંભળો.

સ્વપ્નુ

દ્રૌપદી–સખી વાત સુણો મુજ સ્વપ્ન તણી, અકળાઉ મુઝાઉ મન ઘણી;
રમ્યા દ્યુત જાણે પતી મુગટ મણી, કરી સરતને દ્યુત રમાય ખરે.

દ્રૌપદી–વિનવે નીજ બંધવ પ્રેમ ધરી, પણ વડીલ ન માને મન જરી;
શરૂ રાજ્ય સ્મૃદ્ધિની હોડ કરી, હાર્યા સ્મૃદ્ધિ સૌ જાય અરે.

સખી—પછી

દ્રૌપદી--બીજી હોડે બંધવ ધાર્યા, વાર્યા પણ તે ન રહ્યા વાર્યા,
ત્રીજે બીજા બાંધ વધાર્યા, બાંધવ સૌ હારી જાય અરે.

સખી—પછી

દ્રૌપદી—ચોથે નીજ કાયની શરત કરી, રમીયા પતી અંતર પ્રેમ ધરી,
પણ નશીબતણી છે ગતીજ ફરી હારીને થયા પાયમાલ અરે.

સખી--પછી

દ્રૌપદી--શરતે ધરવા નહી પાસ રહ્યું, પછી પ્રિયા ઉપર પતી ચીત્ત ગયું,
સૌ ભાન શરીરનું ગયું વહ્યું, વિધી અંક લખ્યા શુ કદીએ ફરે.

સખી--પછી

દ્રૌપદી—મુકી શરતમાં મુજને તેણે સમે, હાર્યાજ જુગારી બમણું રમે,
સખી જાઓ કહો પતીને જઇ તમે, આવુ અવળું નવથાય અરે.

સખી--પછી

દ્રૌપદી—હાર્યા પતી મુજને ઘુત મહી, દુષ્મન રીઝયો નીજ મન મહી,
મોકલીયુ તેડવા મુજને અહી, મમ કાળજ કપાઇ જાય અરે.

સખીઓ-બ્હેન એ તો આળ પંપાળ; ધર્મરાજા ધુત રમે, તે તે કદાપી બને.

દ્રૌપદી—સખીઓ મારૂ જમણું અંગ ફરકે છે, કાળજુ ધડકે છે, માટે જરૂર કાંઇ અમંગલ થવું જોઇએ.

[એક દાસી દોડતી આવી]

દોહરો.

પાપી આવે સાવધ થાઓ,
શીયળ સાચવો નહી ગભરાઓ;
થયો નગ્રમાં હાહાકાર,
પાંન્ડવ હાર્યા દ્રૌપદી નાર.

(દ્રૌપદી મુર્છામાં પડે છે)

દાસીઓ - બા ! બા ! મનને વાળો, શીયળ સંભારો.

(દુશાશન આવે છે)

ગાયન. મરાઠી.—સાખી

દુશાશન—ચાલો ચાલો ભાભીઓ મારી, લાવો ને હર્ષ અપાર,
સભા માંહી તેડે દુર્યોધન. કરવાને નીજ નાર;
ચાલો ઝટ મમ સંગે, બેસો છત્રપતી ઉછંગે.

ગાયન.

રાગ ઉપરનો.

દ્રૈપદી—આવું બોલવું ઘટે ન તમને. કુળમાં કલંક લાગે,
મર્યાદ મુકી કરો મશ્કરી, બોલ હૃદય જઇ વાગે;
હોય પતી આ વારી, છોડે ન ભીમ નાંખે મારી.

દુશાશન—કરે શું પાંન્ડવ રાંક બની બેઠા બીચારા,
બાજીમાં જીતાએલ છે ગુલામ હમારા;

દ્રૌપદી—હશે બન્યા ગુલામ તો તે બેઠા છે તહી,
શા કાજ પાપી આવીઓ અમ ઉતારા મહી;

દુશાશન—જીત્યો છે દ્રૈપદી નાર મુકયો તેડવા અહી,
તેડે છે દુર્યોધન તને ભરી સભા મહી

દ્રૌપદી—હું માત જેવી ભાત પત્ની પાંન્ડુ કુળ વધુ,
ભીમ ભડવીર રોળશે કૈરવનું કુળ બધું;

દુશાશન-મુકી લવારો આ બધો, ઝટ થા તૈયાર તું.
પકડીને હાથે ચોટલો ઘસડી જવાનો હું;
દીધો છે દુર્યોધન હુકમ ઘસડીને લઇ જવા,
ભરી સભા તુજ પતી સમક્ષ લાજ લુંટવા;

(દ્રૈપદીનો હાથ પકડે છે.)

દ્રૌપદી—છું રજસ્વળા હું રહી વસ્ત્ર એક,
અડીશ નહી ઓ પાપી રહે છેટો વીવેક;

દુશાશન—ભલે રજસ્વળા હો કે હો શુદ્ધ અંગે
ખેંચી લઇ જવાનો નક્કી મુજ સંગે

દ્રૌપદી—લેતાં સતીની લાજ, કંઇ પાયમાલ થઇ ગયા,
લેતાં સતીની લાજ, હાલ બે હાલ થઇ ગયા;
લેતાં સતીની લાજ, રાવણ સમ રોળાઇ ગયા,
પુછી આવ્ય ઇંદ્રને ચંદ્ર, કેવા હાલ છે થયા;

દુશાશન—રોળાયો રાવણ રાય, કારણ જે સીતા સતી,
નહોતી એ કુલટાનાર, ધાર્યો રામ એક પતી;
દુઃખ પામ્યા ઇંદ્ર ચંદ્ર, કારણ જે અહલ્યા સતી,
તેને પતી રૂપી એક, કુલટા ત્હારે પાંચ પતી,

દ્રૌપદી—વડીલ ભ્રાત પ્રતિ, જે તુજ માત જેવી,
તેને ઓ ન રાધમ, તે કુલટાજ ટેવી,
ખરે છું હું ઉમયા, કૈલાસ પતી દારા,
એક જ શીવ સ્વરૂપ છે, પતી પાંચ મારા,

દુશાશન—જોઇ રૂપ ઉમયા, તું કુલટા ઓ નારી,
વદી વેણ જે તું આ વખતે વીચારી,
દાખવજે તું દૈવત, સભામાં તે વારી,
સભા ભરમાં લુંટાય, લજ્યા જ્યાં તારી.

દ્રૌપદી—શામાટે ગુજારે જુલમ બંધુ તારો,
નથી કાંઇ ગુન્હો કે અપરાધ મારો.

દુશાશન—ગુન્હો મ્હોરો એજ અધિક તે રૂપ થયું છે,
એ રૂપે વાળ્યો દાટ છત્રપતી ચિત્ત હર્યું છે.

દ્રપદી—એ રૂપમાં ભષ્માસુર આપે, ભષ્મ થઇ ગયો;
એ રૂપમાં રાવણ, લંકા સહ રોળાઇ ગયો.
એ રૂપમાં જો ચંદ્ર, શસ્ત્ર ભંગ થઇ ગયો;
સંહાર કૌરવ કુળ; એ રૂપમાં રમી રહ્યો.

માટે માન ભલા ભાઇ માન. (દુશાશન ચોટલો પકડી ખેંચેછે.)

બેત.

સતીને સતાવતાં, ઘણાનું નીકંદન છે ગયું;
સતીને સંતાપતાં, ન કોઇનું રૂડું છે થયું.
સતી શ્રાપથી પાયમાલ, કોનું રહેશે નહી રહ્યું;
છેવટનો બોલું બોલ, પાપી માન કાંઇ કહ્યું.

દુશાશન—નહી માન નક્કી, તું છકેલ નારી,
ગ્રહી કેશ ખીંચુ, ખરે હું આ વારી.

દ્રૌપદી—દઉ શ્રાપ હું છઉ છતી, સાક્ષી શ્રી કીરતાર;
એ પાંન્ડવ હાથે થજો, કૌરવ કુળ સંહાર.

[દુશાશન ચોટલો પકડી ખેંચી જાય છે.]

પ્રવેશ ૭ મો.

સ્થળ—દ્વારકામાં કૃષ્ણજીનો મહેલ.

પાત્ર—કૃષ્ણ–રૂક્ષમણી.

કૃષ્ણ—પ્રિયા ! બીજી રાણીઓથી જે આનંદ મને મળે છે, તેથી અધિક આનંદ તમારાથી મળે છે; તમારી શેવાની અવધી છે.

રૂક્ષમણી–મહારાજ એતો જાણ્યું. આજે જે વચનો આપ મારી પાસે બોલો છો, તેજ વચનો પાછાં કાલે સત્ય ભામાને કહેશો. તમારી ચાતુરીની અવધી છે.

કૃષ્ણ—ના પ્રિયા ! સાચુજ કહુંછું.

રૂક્ષમણી—હાહા ! તમારી ઠગાઇ બધી હું જાણું છું

રૂક્ષમણી-- ગાયન.

વાહરે વ્હાલા પ્રિતમજી છોગાળા
જાણુંછુ ઠગારા ઓ લાલા;–વાહરે
જોઈ જોઇ તમારી મેં સચ્ચાઇ,
બંધ નાંહી બોલેથી હું ઠગાઇ,
ઠગાઇ નીત્ય કહાના, જાણ્યાં મેં સઉ બ્હાનાં,
રસ ઘેલા, રંગીલા, ઠગારા, ધુતારા–વાહરે
નીત્યે બનાવો મને ખોટી ઉડાવોરે,
વાલા વ્હાલા મને ખોટી ઉડાવોરે,
જાણુંછું નંદલાલા, સર્વે તમારા ચાળા,
નંદલલા, છો વ્હાલા, છબીલા, છોગાળા–વાહરે

(કૃષ્ણ ચમકે છે)

રૂક્ષમણી—ખમા મારા નાથને ! પ્રાણ પ્રભુ કેમ ચમકયા !

કૃષ્ણ—અરે ! ગજબ ! ગજબ !

રૂક્ષમણી—પણ છે શું ?

કૃષ્ણ--- પ્રિયા ! બ્હેન દ્રૌપદી ઉપર દુઃખનું વાદળ તુટી પડ્યું છે. મેં પાંન્ડવોને પ્રથમ કહેલું કે ત રમશો નહી, ને રમો તો વ્હાલી વસ્તુ મુકશો નહી; પણ ભાવીભાવ બનનાર, ત્યાં મનુષ્ય માત્ર લાચાર.

રૂક્ષમણી—પણ મહારાજ છે શું ?

કૃષ્ણ-- બ્હેન દ્રૌપદી ઉપર દુષ્ટ કૌરવો જુલમ ગુજારે છે, તે-માંથી છોડવવા સતી મને સંભારે છે.

રૂક્ષ્મણી—પાંન્ડવ જેવા પતી છતાં દુષ્ટ કૌરવોના ભાર શા છે, કે દ્રૌપદી સામે આંગળી પણ કરી શકે.

કૃષ્ણ—પણ પાંન્ડવોને છળભેદથી છેતરી રમાડ્યા જુગાર, તેમાં હાર્યા એ દ્રૌપદી નાર.

રૂક્ષ્મણી—જાઓ જાઓ નાથ એ સતીને એકદમ બચાવો. જો એ સતીનું અનર્થ થશે, તો તમારૂ ભકતવત્સલ નામ ભુસાઇ જશે, દીનબંધુ નામ ડુબી જશે, માટે એકદમ સીધારો.

કૃષ્ણ— હા ! સતીને પાપી સભામાં લાવ્યો છે, તે તેની લજ્જા લેવા ધારે છે. સતી મને સંભાળે છે. આવું છું બ્હેન દ્રૌપદી આવું છું, તારૂ રૂણ જે નવસો નવાણું ચીર છે, તે લાવું છું, તને બચાવું છું.

(કૃષ્ણ જાય છે)

રૂક્ષ્મણી—હે સત્ય સહાયક ! તે સતીને સહાય થાઓ, ને તેને સંતાવનાર પાપીનું નીકંદન જાઓ.

(જાય છે)

પ્રવેશ ૮ મો.

સ્થળ કૌરવ સભા

પાત્ર—રાજ્ય મંડળ દ્રૌપદી કૃષ્ણ વિગેરે

દુર્યોધન—મામા ! હજુ એ રંડાને લઇને દુશાશન કેમ આવ્યો નહી !
[દુશાશન આવે છે]

દુશાશન—બાઇ છત્રપતિ હું આવ્યો છું એ રંડાને લાવ્યો છું.

દુર્યોધન—તેને સભાની વચમાં લાવીને ઉભી રાખો (દ્રૌપદીને સભા વચમાં લાવે છે)

દ્રૌપતી— ઓ પતી ધર્મ ! આ કેવો અધર્મ !

દુર્યોધન—અરે શું જુવો છો ! એ રંડા એ મેહેણું માર્યું છે તે

હજુ વીસર્યો નથી; ભાઇ દુશાસન! એ રંડાને નગ્ન કરો

(દુશાશન પાસે આવે)

દ્રૌપદી—ઓ પીતા ધૃતરાષ્ટર! દાદા ભીષ્મ! મને ન્યાય આપો. અન્યાય થાય છે, સતીની લાજ લુંટાય છે.

ભીષ્મ—સતી શી બાબતનો ન્યાય માગો છો?

દ્રૌપતી-દાદા મારા પાંચ પતી હારી ગયા પછી તેમનો મને શરતમાં મુકવાનો હક્ક બીલકુલ રહ્યો નથી,

ભીષ્મ—સતી આવો ખોટો ન્યાય હમારાથી થવાનો નથી, ગમે તે સ્થીતીમાં હો, પરંતુ પતીનો હક્ક સ્ત્રી ઉપરથી કોઇ રીતે નાબુદ થતો નથી. તેથી લાચાર.

દ્રૌપદી—દાદા! તમો પણ આમજ કહેશો. (દુશાશન સતીનું ચીર ઝાલે છે.) ઓ બાણાવળી પતી અર્જુન! ઓ ગદાધારી પતી ભીમસેન! મને બચાવો, બચાવો, ધર્મનું ધરબોળ જાય છે, સતીની લાજ લુંટાય છે, દુષ્ટો મનમાં રાજી થાય છે.

ભીમ—હાય! નથી જોવાતું! (ગદાને) હે! ગદાદેવી! તારૂં શુરત્વ ક્યાં ગયું? હા! પણ ધર્મ બંધન વારે છે. નહીતો એ પાપીઓનાં એક પલકમાં પ્રાણ હરણ કર. સતી! સતી! નીરૂપાય! નીરૂપાય!

દ્રૌપદી—નાથ તમો પણ તેમજ કહેશો. હવે સતીનુ બેલી શ્રીહરી શીવાય કોઇજ નથી. નાથ ધર્મબંધને બંધાયા છે, પાપીનાં પરભવનાં પાપ પુરાં સંધાયાં છે. હું સતી સભાની વચમાં પાંચે પતીની સમક્ષ સોગન લઇને કહું છું, કે આ છુટી વેણીમાં પાપી દુશાશનનું રૂધીર સીંચાશે નહી, ત્યાં સુધી તેલ સીંચી વેણી બંધાશે નહી; અને ત્યાં સુધી કોઇથી આ સતીના શરીરને ભેટાશે નહી.

ભીમ—કબુલ કબુલ સતી કબુલ. એ પાપીને રણમાં રોળી તેની છાતી ચીરી તેના રૂધીરનું પાન ન કરૂં, ત્યાં સુધી તને નહી ભેટવાની પ્રતીજ્ઞા લઉછું.

ભીષ્મ—દુર્યોધન ! માન માન કાંઇ માન; જરા ઉંચુ નીહાળી જો ! સુર્ય ઝાંખો દેખાય છે, દહાડો ધુંધળો જણાય છે, એ સઉ અશુભ ચીન્હો છે, તે વીચાર કરી જો; સતીની લાજ લેવામાં સાર નહી કાંઇ.

દુર્યોધન—દાદા ! તમારો શો અખતીઆર છે, જાણોછો કે સભામાં જીતાએલ વસ્તુનો જીતનારજ મુખ્તીઆર છે.

ભીષ્મ—કુલાંગાર ! તારૂં નશીબજ તને ભુલાવે છે. (ન માને કશુંએ જતાં સાન શુદ્ધિ, વિનાશકાળે વીપરીત બુદ્ધી) જો એ સતીની લજ્જા જશે, તો હમે દાંતે જીભ લઇશું; હવે તારી નજરમાં આવે તેમ કર.

દુર્યોધન—દુશાશન ! શું જોઇ રહ્યો છે, પ્રથમ એને નગ્ન કર, પછી મારા ઉછંગે બેસાર.

દ્રૌપદી—ત્હારા ઉછંગે હું સતી કદાપીકાળે શોભુ નહી, તારા એજ ઉછગે મારા પતી ભીમસેનની ગદા બેસશે. અને તારો પાપી પ્રાણ જશે; એ હું સતીનો શ્રાપ છે.

ભીષ્મ—લે ! હવે સાર કાઢયો;

દુર્યોધન—અરે ! એ કુલટાનો શ્રાપ તે કદી લાગતો હશે ?

દ્રૌપદી— **દોહરો.**

દઉ શ્રાપ હું છઉ સતી, સાક્ષી શ્રી કીરતાર
એ પાંન્ડવ હાથે થજો, કૌરવ કુળ સંહાર

લે પાપી હવે ત્હારે કરવું હોય તે કર, સતીના સત્ય સહાયક શ્રી શામળીઆની મને પુરણ સહાય છે, ભક્તની ભીડ ભાગનાર ભગવતનો મને પુર્ણ ભરૂસો છે;

દુશાશન—(ચીર પકડી) જોઉછું, કીયો ભગવત તારી સહાય કરેછે.

દ્રૌપદી— **સ્તુતી.**

સત્ય સહાયક શ્રીહરી, તમો આવો સતીની વારે,
તમો આવો સતીની વારે.
પ્રભુ સાચી છે તુજ સ્હાય, તુરત પ્રભુ આપ પધારે;

પ્રભુ સ્હાય કરો આ ઠામ, અન્ય કામો સૌ ત્યાગો,
ગણી સાચી ભગિની ભ્રાત, પ્રભુ નીંદ્રાથી જાગો, રે જાગો;
નથી એથ પતી પ્રાણ (૨) બેઠા ધર્મ બંધન ધારી
બંધન ધારી,
નથી નાથ કાંઈ અંજાણ, વારે આવો વીચારી;
દુખણી દુઃખે ડુબેલી, નથી બીજુ તુજ બેલી,
વીનંતી આ છેલી વેલી, બની દુઃખથી હું ઘેલી,
રજસ્વલા દુર બેઠેલી, પાપી લાવ્યો પકડેલી,
વારે આવો આવેળી, જાણી નોધારી વેલી;
દુષ્ટજન ઉભો પાસ (૨) લેવાને લજ્જા મારી, લજ્જામારી,
છે ભરૂસો સાચો નાથ, નક્કી લેશો ઉગારી;
કૌરવ કર્મચંડાળ (૨) દુષ્ટ છે કપટી કામી, કપટીકામી.
ત્રોડો તેનો તોર, પધારો ગરૂડગામી, રે ગામી;

(દુશાશન ચીર ખેંચે છે.)

જોતાં પાંચ ભર્થાર (૨) લજ્જા તે લેવા ધારે, રે ધારે.
સત્ય સહાયક ઈશ સતીનુ નામ વધારે

પ્રભુ પધારો પ્રિતે પ્રેમ ધરી, સત્ય સહાયક છો પ્રભુ સત્યહરી,
જો સભામાં સતીની લજ્જા જશે, સતી પ્રાણ જશે, તુજ હાંસી થશે.
હળધર વીરા વ્હેલા આવો, સતી લાજ જતી પ્રભુ બચાવો,
ચીર ખેચતાં નાથ (૨) આબરૂ મારી જાશે મારી જાશે,
એ વીચારો વાઠલનાથ, બેલી એક તારી આશે,
છો સતી સુખ દાયક દેવ, અશરણશરણ સ્વામી-ચોડો

(સતી અંતર ધ્યાન થાય છે)

દુર્યોધન—અરે! આતો અજબ! એ શંખણી ક્યાં (શકુનીને) મામા! જોયું જાદુગરણીનું જાદુ. આવું એક પણ ચીર મારા ઘરમાં નથી.

ભીષ્મ—અભાગીયા! હજુપણ સાન ન વળી; (હવે તેને જાદુના નામથીજ બબડવા દે) આ ચીર તારા ઘરમાં રાખીશ તો તારૂ નીકંદન નીકળી જશે, માટે તે નવસો નવાણું નદી માં એકકુ પધરાવી દે.

શકુની—દુર્યોધન! આ ભીષ્મ દાદા કહે છે તે પ્રમાણે કર.

દુર્યોધન—પણ એ ગઇ ક્યાં!

ભીષ્મ—એ બદુઆરણી તારા ઘરમાં આવશે, તો તારૂ સત્યા નાશ કાઢી નાંખશે, માટે પાંન્ડવોને સોંપી દે, ને પાંન્ડવોને વનવાસ જવા માટે આજ્ઞા આપ.

દુર્યોધન—દાદા જુઆરમાં જીતાએલી નાર હું એ પાંન્ડવોને પાછી આપું છું, અને દેશાવટે જવાની આજ્ઞા કરૂ છું; પણ એક શરતે;

ભીષ્મ—શી!

દુર્યોધન—બાર વરસ વનમાં જાય, અને તેરમુ વરસ ગુપ્ત રહે, પરંતુ તેરમા વરસમાં હું તેમને છતા કરૂ, તો ફરીથી બાર વરસ વનમા જાય, એ શરતે હું દ્રૌપદી પાછી આપું.

ભીષ્મ—બહુસારૂ તેમ પછી.

દુશાસન—પણ રાજસાઠ કપડાં બદલી, ભગવાં પહેરી તૈયાર થાઓ

(સતી આવે છે)

ધર્મ—બહુ સારૂ [ભાઇઓને] બધુ! સતી! ચાલો ભગવા પહેરી તૈયાર થઈ પછી દાદાની આજ્ઞા માટે આવીએ

[લુગડાં બદલવા જાય છે]

(સુભદ્રા તથા કુંતાજી આવે છે)

કુંતાજી—(વીદુરને ; વીદુરજી! મારા પુત્રો ક્યાં!

વીદુર—બાજી પાપીએ કપટથી ઘુતરમાડી હરાવ્યા, અને વનવાસ મોકલે છે; તેઓ કપડાં બદલવા ગ૦ ! છે.

કુંતાજી—દ્રુપદી!

વીદુર—દ્રૌપદી પણ સાથે જવા તૈયાર થઇ છે. તે સતીને સતાવામાં પાપી પાછો પડયો નથી, પણ ભગવાને તેને માચવી લીધી છે, નહીતર પાપી એ આબરૂ કરવા તૈયાર થયોહતો.

કુંતાજી—શું મારા પુત્રો સતી દ્રૌપદી સહવનમાં જશે!

વીદુર—હા બાલી જવાના; લખ્યા લેખ મીથ્યા થાય છે. રામચંદ્રજી જેવા એ વન શેવ્યું છે, તો પાન્ડવ કોણ હીસાબમાં નશીબની બલીહારી છે.

કુંતાજી—હાય! હાય! ત્યારે મારૂ, સુભદ્રાનું અને બાળક અભેમાન્યુનું શું થશે! હમો પણ સાથેજ જવાનાં.

વીદુર—ભાબી ધીરજ ધરો, આમ અધિરાં નહી થાઓ; જુવોનુ તમારા પુત્રો તથા સતી આવે છે

(પાંચ પાંન્ડવો તથા સતી આવી કુતાજીને તથા વીદુરને પગે લાગેછે)

વીદુર—બેટા તમારૂ સારૂ થશે, એવી મારી અંતરની આશીશ છે.

કુતાજી—દીકરા ધર્મ! સુખ દુખના સાથી દીકરા ભીમસેન! ધનુષ્યધારી દીકરા અર્જુનજી! દીકરા સેહદેવ! વરણાગી દીકરા નીકુળજી! મારા ઘરને દીપાવનાર દીકરા દ્રૌપદી! તમો વનવાસ સીધાવો છો. પણ આ ગરીબ દુખીઆરી માતાની કાંઇ દયા લાવો છો? વધુ સુભદ્રા, અને બાળ પુત્ર અભેમાન્યુંની કાંઇ દયા લાઓ છો?

ધર્મ—માતાજી! ઇશ્વર શીવાય કોઇ કોઇનું બેલી નથી. ઇશ્વર સર્વેનો સહાયકાર છે, દુખીનો તે મદદગાર છે.

કુંતાજી-ધર્મ— ગાયન.

(રાજા ત્યાં શેના કાણુ કરશે)

દીકરા કોણ હમારૂ બેલી, વનમાં જાઓ હમોને મેલી,
દુષ્મન દળમાં ધકેલી, વાડ વીણુ કરો નોધારી વેલી;
અવર તુમ વીણુ આશ્રય કોનો,

ધર્મ—સાચો આશ્રમ જગત પીતાનો,

કુંતા—દુષ્મન દળ વસવું શી પેરે,

ધર્મ—કાકા ભક્ત વીદુરજી ઘેરે,

કુંતા—વનમાં સહેશો કષ્ટજ ભારી,

ધર્મ—રૂષીમુની શેવન અતી સુખકારી,

કુંતા—તાઢ તાપ કેમ સહેશો કારી,

ધર્મ—સત્ય બેલી પ્રભુ જુવો વીચારી,

કુંતા—તુમ વીણ હું ઘેલી, દીકરા તુમ વીણુ હું ઘેલી–દીકરા,
પુત્રો જાતાં રાંકડી માતા, પુત્ર વીયોગે અતી દુખીઆરી,

ધર્મ—દુઃખ લેશ નવ પરશે માતા, એથ એક સાચી મોસારી,
ઋષીમુની શેવન કશું ભારી, ધારી મનમાં ભક્તિ પ્યારી,
અડસઠ તીરથ જાત્રા કરતાં, થાશે સર્વે મંગળકારી,
રાજ્યપાટ સર્વં મળે, સાથે રિદ્ધિ સિદ્ધિ ફળે,
ગયા ન વખત વળે, મળ્યો છે નશીબ બળે,

સતીયા—સત્યના ભંડાર છો, વાહ ધીરવીર નર,
પાન્ડુ કુળ શ્રંગાર છો, વાહ ધીર વીરનર,
જીવ જતાં નહી જુઠ આચરવું, સત્યને કાજ પાડે છે મરવું,
આખર સત્ય થકી છે તરવું, અસત્ય દેવું હેલી;

કુન્તા—દીકરા કોણ હમારૂ બેલી વનમાં,

ધર્મ માટે માતા વીચાર કરો, રામચંદ્રજી ચૈદ વરસ વનમાં ગયા, તે એક વચન જ માટે; તો હમારે વનમાં જવું, તે શી મોહેટી વાત છે; બાર વરસ કાલ વીતી જશે, ને શાન્તિ થશે; માટે માતા ખુશી થઇ આજ્ઞા આપો. હે ભીષ્મદાદા ! હે ધ્રુતરાષ્ટ પીતા ! હે વીદુર કાકા ? હે દુર્યોધન વીરા ! ખુશી થઇ આશીશ સાથે આજ્ઞા આપો; તમો વડીલની આશીશ, એજ હમારી કલ્યાણ દાતા છે, હિતકર્તા છે.

દુર્યોધન—ભીષ્મદાદા ! પીતાજી ! હવે ક્હો ને કે પાપ જાય;

દ્રોપદી—(શીર સભાના સ્થભ સાથે ફોડી રૂધી હાથમ લઇ સભાના બાર ઉપર થાપા મારે છે)

ગાયન.

ગીતી.

રડવડતાં વન કાઢે, તેમ તુજ કુળ રણમાં રડવડજો,
બળેલી છેવટ બોલુ, પાન્ડવ હાથે તુજ કુળ રણે પડજો.

ભીષ્મ—જોયું અભાગીઆ ! આ સર્વ નાશની નીશાની છે, સમજજે કે નક્કી હાની છે.

ધર્મ-કાકા!　　　　　　દોહરો.

ધરી દુધમાં ને કરી સાબુ વાળા,
ધુવો કોયલા ને જુવો હોય કાળા;

તમો ગમે તે શીક્ષણ દેશો તે નકામુછે, હવે હમો રજા લઇશું.

ગાયન

સતીયા- જાઓ, જાઓ, સુખે જાઓ, સત્યવાદી [illegible],
પાંન્ડવો--.............. ....સૌને છે પ્રણામ;
સતીયા--દઇએ જુવો જુવો જુવો આશીશ અંતરની, મળે આરામ;
પાંન્ડવો—માતાજી ક કાજી છે પ્રણામ;
કુંતા---પુત્ર સંગ વસતી સુખે, વીયોગથી લાચાર;
　　હાયરે વિયોગ દુઃખ, બાળે ઉર અંગાર;
પાંન્ડવ　વિદુરકાકા સોપ્યા તમને, પુત્ર પત્ની માત,
વીદુર -સાચવશે પ્રભુજી પ્રેમે. જે જગત તાત;
પાંન્ડવો-સતીયા-[લ્યો હવે જઇએ છીએ] પ્રણામ! પ્રણામ!
સર્વ સતીયા-રામ! રામ!

બીજો અંક સમાપ્ત.

અંક ત્રીજો.

પ્રવેશ ૧ લો.

સ્થળ---અગસ્તઋષીનો આશ્રમ.

પાત્ર --પાંચ પાંન્ડવ, દ્રૌપદી, અગસ્તઋષી

ધર્મ—બંધુઓ! આ અગસ્તઋષીને આશ્રમ આવ્યો, હવે શોક સર્વ સમાવો, અને ઋષીનાં દર્શન કરીને પાવન થાઓ; સ્વપ્નવત્ત સાંભળી રહી તો એ શું, અને ગાય બોલે છું.

ગાયન.

(આંખો ખોલી તું જો જીવ) એ રાહ.

બની જ્ઞાની જુવો ચિતે દીસે દુનિયાં ફાની,
નથી જીંદગાની સુખ દુઃખરૂપ માની. બની૦
ધરા ધન ધામ પુત્ર પત્ની ને રાજ્યગાદી,
રહ્યાં નાંહી ન રહેવાનાં આબાદી. બની૦
અલભ્ય આ લાભ મોટો રૂષીમુની જીવનનો,
વળી યાત્રા કમાઇ બંધુ પ્રતાપ લ્યો જાણી. બની૦

ભીમસેન—મોટાભાઇ ! આ આશ્રમ કોનો છે ?

ધર્મ—ભાઈ ભીમસેન ! આ અગસ્તરૂષીના આશ્રમ છે. જુવો જુવો સામેથી તેજ આવતા જણાય છે.

(અગસ્તરૂષી આવે છે)

અગસ્તરૂષી— ગાયન.

(ધાઊં હું હરી ધ્યાન જ્ઞાન) એ રાહ.

સેવું છું અશરણ શરણ તનથી, ધરી મોક્ષની મતી;
સમરૂ છું ભવતારણ તરણ મનથી, અન્યન ઇચ્છુ રતી.
છોડીને ભવબંધ પ્રભુ મારા, ચરણ પદે સ્થાપજે;
ભક્ત વત્સલ ભગવંત સત્યહુંહા, મોક્ષ ગતી આપજે.

પાંચ પાંન્ડવ-દ્રૌપદી—મહારાજ નમસ્કાર કરીએ છીએ.

અગસ્તરૂષી—તમો કોણ છો ?

ધર્મ—મહારાજ ! હમો પાંન્ડુ પુત્રો છીએ, અને આ સતી-દ્રોપદી છે.

અગસ્તરૂષી—ઓહો ! સત્યવાદી પાંન્ડુ પુત્રો અને સતી ! તમોએ અત્રે પધારી મારો આશ્રમ પાવન કર્યો !

ધર્મ-મહારાજ ! આપનાં પવિત્ર દર્શનનો લાભ મળ્યો, તેથી હમો પાવન થયા એમ માનીએ છીએ.

અગસ્ત–ધન્ય છે સત્યવાદી, તમારી આસ્તાને,

દોહરો

સતીઆ સત્ય ચુકે નહી, સુખે સહે દુઃખભાર;
ધન્ય ધન્ય એવા વીરને સત્યવાદી અવતાર,

પણ તમારો રાજ્ય સ્વાંગ છોડી સાધુ વેશમાં ક્યાંથી ! શું જાત્રાએ નીકળ્યાં છો, કે કોઇ પાપીના ફાંસામાં પસી પડયાં છો !

ભીમ-- ગાયન.

(મેરા ગમકાતરાના) એ રાહ

કરી પીતરાઇ ખ્વારી, કહુ છું આવારી, સુણો રૂપી મહારાજ;
ધનુર્યાગનું નામ ધરીને તેડયા કપટે નીજ ધામ,
સર્વને પ્રથમ કહ્યું કપટ છે ભોળાં ભુલ્યાં તે ઠામ,
કહેયાગ છે ભારી, જોશું ધારી, હર્ષ વધારી, રૂપી મુનીનો સમાજ--કરી
ધુત રમાડી કપટથી જીતી કર્યાં પાયમાલ
સત્ય વચનથી બાંધેલ તેથી કીધા હાલ હવાલ
લેવા લાજ વીચારી, સતી જે નારી સભામાં ભારી, કીધુ છે કુડુ કાજ;
ખેંચી સભામાં લાવ્યો પાપી સતી જે સાધ્વી નાર
ચીર ખેંચીને લજ્જા લેવા સભા મધ્યે નીરધાર
કરી સહાય તે વારી, કૃષ્ણ, મોરારી લજ્જા ઉગારી, જાણી સતીની દાઝ કરી
માતા કુંતા સુભદ્રા અભેસુન સોંપ્યાં વીદુરને હાથ
ભગવાં પહેરી વનમાં આવ્યાં સહાય ત્રીભુવન નાથ
પાંચ બંધુછીપ્યારા, દ્રૌપદી દારા, સૌ દુખીઆરા, પ્રથમ મળ્યા આપ આજ

મરાઠી સાખી.

અગસ્તરૂષી–દુઃખ દીધું તમ સત્યવાદીને રૂડુ ન કદીએ થાશે;
સતી સાધવી સંતાપી તુમ હાથે નીકંદન જાશે
વચન નહી મીથ્યા જશે, આશીશ છે તમ રૂડુ થશે.

ધર્મ—મહારાજ એ ખોટું કર્યું; કારણ ગમે તેટલો પણ પીતરાઇ ભાઇ, લોહીની સગાઇ.

અગસ્તમુની–ધન્ય છે તમ સતીયાને ! સતીયાની સગાઇ.

ધર્મ—મહારાજ હમોને આજ્ઞા આપો. હવે હમો આગળ જઇએ.

અગસ્તમુની–થોડા દીવસ અત્રે રહી હમારૂ આશ્રમ પાવન કરો, પછી સુખેથી પરવરો.

પાંન્ડવો—જેવી રૂપીજીની ઇચ્છા. [સર્વે જાય છે.]

પ્રવેશ ૨ જો.

સ્થળ–દુર્યોધનનું વીચાર ભુવન.

પાત્ર–દુર્યોધન શકુની પદીર્થા કામીક દૈત્ય.

દુર્યોધન—મામા ! બાર વરસ કાલે વીતી જશે અને પીતરાઇનુ સાલ એનુ એ થશે; માટે તે મરે એવો કોઇ ઇલાજ બતાવો, અને એ દ્રૌપદીને પાછી પકડાવી મંગાવી મારી રાણી બનાવો.

શકુની—તેઓ હાલ કામીક વનમાં છે, અને કામીક વનનો દૈત્ય કામીક તારો સ્નેહી છે, માટે તેનાથી કામ થશે, અને પીતરાઇનું સાલ જશે.

દુર્યોધન—તે કેવી રીતે ?

શકુની—કામીકને કાંઇ લાલચ આપ, તો તે પાંન્ડવો ઠાર કરશે, અને દ્રૌપદીને લાવીને તને સોંપશે.

દુર્યોધન—વાહ મામા ! તમારી અક્કલ. કામીક દૈત્ય તો મારો દોસ્તદાર છે, અને હાલ અહી આવેલો છે, તેને હાલજ બોલાવું છું. (બહાર જોઇ) અરે કોઇ હાજર ?

અનુચર—આજ્ઞા મહારાજ !

દુર્યોધન—જા ઉતારામહેલમાં કામીક દૈત્ય છે, તેને જઇને કહે કે તમને છત્રપતી બોલાવે છે.

અનુચર—આજ્ઞા મહારાજ [જાય છે.]

દુર્યોધન—મામા ! શી લાલચ આપવી ?

શકુની—તેને કહેવું કે પાંન્ડવનું અડધુ રાજ્ય આપુ, જો પાંન્ડવે તેને મારી દ્રૌપદી લાવીને આપો તો !

દુર્યોધન બહુ સારૂ મામા. હવે કહેવું નહી પડે.

(કામીક આવે છે.)

કામીક—છત્રપતી મહારાજા ! મને અત્યારે કેમ બોલાવ્યો ?

દુર્યોધન—મીત્ર કામીક ! મીત્રના ખરા ધર્મને તું જાણુતો હોવાથી નક્કી મદદગાર થઈશ, અને મીત્રનું દુખ ફેડીશ એવી આશાથી તને બોલાવ્યો.

કામીક—છત્રપતી મહારાજા ! આ પ્રાણ આપના માટે તૈયાર છે. પરંતુ આપને શું દુઃખ છે તે નીવેદન કરો.

દુર્યોધન— **ગાયન.**

(હરિ હું દોશકોને હાં) એ રાહ.

કહું હું મીત્ર તુજને હા નશીએ દુઃખ ભારી છે. કહું૦
ખરૂ દુઃખ છે પીતરાઇ ભાઇ, જીવે તોતો ખુવારી છે કહું૦

સાખી.

બાર વરસ વન કાઢાડીઆ, કાલે પુરાં થાય
મુકે ન કદીએ જીવતો, પાછા આવી આંહ્ય
કહો એથી શું ઓછું દુઃખ, અવનીમાં અન્ય ભારી છે. કહું૦

કામીક—તેઓ તો હાલ મારાજ વનમાં રહેલા છે. તેમનો હાલ નાશ કરૂં, અને તમને દુઃખ મુક્ત કરૂં.

દુર્યોધન—જો પાંચે પીતરાઇને મારી તેમની સાથે નારી છે તે લાવીને મને આપો, તો મોટા ઉપકાર થશે, અને મીત્રાઇનો ધર્મ બરોબર બજાવ્યો એમજ સાનીશ અને પાંન્ડવની મળેલી અડધી રાજ્યગાદી તમોને સાપીશ.

કામીક—છત્રપતીરાજા ! ફીકર પરહરો, હાલજ જઇ તે દુષ્ટોને મારી નારીને લઇને આવું છું [જાય છે.]

દુર્યોધન—ચાલો મામા ! આ પણુ ઠીકજ થયું. (સામે જોઇ) અરે પેલુ કોણુ આવે છે ! અરે એતો દુર્વાસારૂપી છે.

(દુર્વાસારૂપી આવે છે.)

દુર્યોધન શકુની—મહારાજ દંડવત કરીએ છીએ.

દુર્વાસા—કલ્યાણ. વારૂ ! પાંન્ડવોનો મુકામ હાલ ક્યાં છે ? અહી કેમ દેખાતા નથી ?

દુર્યોધન—એતો દ્યુતમાં રાજપાટ હારી વનમાં ગયા છે. ચાલો રૂપીજી આપ સ્નાન સંધ્યા કરી પરવારો, ત્યાં હું રસોઇની તૈયારી કરાવી રાખુંછું.

દુર્વાસા—(સમાધીનાં જોઇ) દુષ્ટ નરાધમ ! સતીઓને સંતાપનાર પાપીઓ ! તારા ઘરનું અન્ન જળ હમારે હરામ છે. ભુખથી મરવું પડે તો હરકત નહી, પરંતુ તારૂં દુષ્ટનુ અન્ન ખાવાથી મતી દુષ્ટ થાય.

દુર્યોધન—ત્યારે જાઓ કામીક વનમાં પાંન્ડવો પડ્યા છે, ત્યાં સાંજના વખતે જશો તો તે તમોને ભોજન કરાવશે.

દુર્વાસા—હા ! હા ! એજ સત્યવાદી ભોજન કરાવશે. (જાયછે.)

દુર્યોધન—કેમ મામા ? આ સારૂં કર્યુંને ! કારણ સાંજ વખતે જશે, તો તેમને કાંઇ મળશે નહી, ને નહી મળેતો ક્રોધી હોવાથી શ્રાપ દેશે.

શકુની—આ બંને કામ ઠીક બન્યાં; એમાંથી એકના ભોગ તે પાંન્ડવો થશે, અને તારૂં દુઃખ માત્ર જશે;

દુર્યોધન—મામા ! એ સઘળો તમારી બુદ્ધિનો પ્રતાપ; હવે ચાલો કચેરીનો સમય થયો છે. (બંને જાય છે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ-કામીક વનમાં પાંન્ડવોની ઝુંપડી.

ગાયન

ધર્મ—આકાશે અવની વીશે જળ વીશે, વ્યાપો બધે ધ્રશતું;
નાના વ્રૃક્ષ લતા વીતાન નીરખુ, જ્યાં ત્યાંજ આનંદ હું.
મારા નાથ કૃપા કરી અમપરે, પુરો શીશુ આશ જે;
પાંચે—વંદી વાર હજાર સાર જગતે, તારો અભીલાશ એ.

(દુર્વાસા મુની આવે છે)

પાંચ પાન્ડવ સતી—મહારાજ દંડવત્ત કરીએ છીએ.

દુર્વાસા—વત્સ તમારૂં કલ્યાણ થાઓ (ધર્મને) હે ધર્મ રાજા! હમો ત્રણ દીવસના અપવાશી છીએ, તેથી ભુખે રહેવાતું નથી, માટે હમને ખાવા આપો.

ધર્મ—મહારાજ આપ સ્નાન આદિકર્મ કરી આવો, એટલામાં હમો ભોજન સામગ્રી તયાર કરીએ છીએ.

દુર્વાસા—બહુ સારૂ તાકીદ કરો. (જાય છે)

ધર્મ— **ગાયન.**

પ્રભુ કરૂંશું હવેરે, પ્રભુ
નથી નથી રહેતી લજ્જા આજ ગરિબ નીવાજ—પ્રભુ૦
ગૌ બ્રાહ્મણ પ્રતીપાળ, છીએ ક્ષત્રીતણા બાળ અમે
અનાઅહારે રૂષી જાય, તો તો વીપરીત થાય—નથી
નથી અન્નનું નામ આણે ઠામ પ્રભુ આ સમયે
ચિત્તા ખડકી નાથ, બળીએ છએ સાથ—નથી
નથી અન્ય ઉપાય કરીએ છીએ આત્મ હત્યાય અહી
લેજો છ એને શર્ણું, પ્રભુ અશરણ શર્ણું—નથી

(ચીતા ખડકી તૈયાર કરે છે)

ધર્મ—ચાલો હવે તૈયારી કરો, કારણ જો દુર્વાસા રૂષી આવી પહોચશે, તો તેઓ અપવાસી હોવાથી જરૂર કંઇક શ્રાપ આપશે. (કૃષ્ણ આવે છે)

છએ—કૃષ્ણજી ! વંદન કરીએ છીએ.

કૃષ્ણ—બ્હેન દ્રૌપદી ! મને ભુખ લાગી છે, માટે કાંઇ ખાવાનું આપો.

દ્રૌપદી—વીરા આ વખતે તો કાંઇએ નથી. અક્ષયપાત્ર ધોઇને ઉંધું પાડેલું છે.

કૃષ્ણ—લાવો બતાવો જો ! (દ્રૌપદી અક્ષયપાત્ર લાવી આપેછે)

કૃષ્ણ—(અક્ષય પાત્રમાંથી એક ભાજીનો તાર ચોટેલો છે તે મોહોમાં મુકી સર્વ જગત ધરાજો) (ભીમસેનને) ભીમ-

સેન ! જાઓ દુર્વાસા રૂષીને કહો કે રસોઇ તૈયા છે, કેટલી વાર છે ?

ભીમ—મહારાજ શું ખવરાવશો ?

કૃષ્ણ—તમો તમારે જાઓને:

ભીમ—(જઇને આવે છે) મહારાજ તે તો કહે છે કે હમારે જમવું નથી, હમો ધરાઇ ગયા છીએ, ને અકળાઇએ છીએ.

(દુર્વાસા આવે છે)

દુર્વાસા—ધન્ય છે સત્યવાદી પાંન્ડુ પુત્રો ! તમો તો બળી મરવા તૈયાર થયા હતા, પણ જે ને શામળીઆની સહાય, તેનો વાંકો વાળ પણ ન થાય. દુષ્ટ દુર્યોધને મને ખોટું સમજાવી તમો ઉપર વીઘ્ન નાંખવા મોકલ્યો, પરંતુ સતિયાનું કલ્યાણ થશે. અને દુષ્ટનું નીકંદન જશે.

ધર્મ—મહારાજ ! ગમે તેવો પણ ભાઇ છે, લોહીની સગાઇ છે.

દુર્વાસા—ધન્ય છે સત્યવાદી ! સત્યની સવાઇ છે. હમો જઇએ છીએ.

છએ મહારાજ કોક વખતે દર્શનનો લાભ આપી કૃતાર્થ કરશો.

(છએ પગે લાગે છે)

દુર્વાસા—કલ્યાણ મસ્તુ. (દુર્વાસા જાય છે)

ધર્મરાજા—હે કૃષ્ણ પ્રભુ ! જો આપ આ વખતે ન આવ્યા હોત, તો જરૂર હમો બળી મરત,

(કામીક દૈત્ય આવે છે)

કામીક—હે પાપીઓ ! તમો કોની આજ્ઞાથી મારા વનમાં રહ્યાં છો ? હું તમોને ગળી જાઇશ, તમારા પ્રાણ લઇશ.

કૃષ્ણ—(સુદર્શન મુંકી) લે પાપી ! પહેલો તારોજ પ્રાણ આપ.

(કામીક મરી જાય છે)

ધર્મરાજા—કૃષ્ણ આ તમે બુરૂ કર્યું. બીચારાનો જીવ લીધો.

કૃષ્ણ—ધર્મરાજા ! આ કામીક દૈત્ય દુર્યોધનનો મીત્ર હતો, ને તેની શીખવણીથી તમોને મારવા સારેજ આવ્યો હતો, તેથી તેને માર્યો.

ધર્મ—હે કૃષ્ણજી ! આ પ્રમાણે તમારી સહાય નહોત, તો હમારી ઘણી માઠી દશા હતી.

કૃષ્ણ—દુષ્ટ દુર્યોધન તમને અત્રે ઠરીને બેસવા નહી દીયે, માટે અડસઠ તીર્થની જાત્રા કરો, અને જાત્રા કરી દ્વૈત વનમાં આવીને રહેજો. હવે હું રજા લઉંશ.

જીએ—બહુ સારૂ પ્રભુ પધારો,હમો પણ જાત્રા માટે જઈએ છીએ.

(સર્વે જાય છે)

પ્રવેશ ૪ થો

સ્થળ દુર્યોધનનું વીચાર ભુવન.

પાત્ર—દુર્યોધન શકુની, જેદ્રથ.

દુર્યોધન—મામા ! હજુ સુધી દ્રૌપદી મારા હાથમાં આવી નહી.

શકુની—તમારા બન્હેવી જેદરથ એ કામ કરશે એવી મારી ખાત્રી છે; માટે તેમને કાંઇ લાલચ આપો તો કામ બને.

દુર્યોધન—બહુ સાર (બહાર જોઈ) અરે કોઇ હાજર ?

અનુચર—હાજર નામદાર !

દુર્યોધન—જાતો ! મહેલમાં જઇ જેદ્રથરાજાને કહે કે તમોને છત્રપતી બોલાવે છે.

અનુચર—જેવી નામદારની આજ્ઞા.

દુર્યોધન—મામા ! શું જેદ્રથ રાજા દ્રૌપદીનું હર્ણ કરી લાવશે ?

શકુની—રાજ્યની લાલચ આપીશ તો એની મેળે કરશે.

(જેદ્રથ આવે છે)

જેદ્રથ—છત્રપતી ! મને કેમ બોલાવ્યો ?

દુર્યોધન—જેદ્રથરાજા! એક કામ તમને સોંપવાનું છે, જો બજાવી લાવો, તો રાજ્યમાંથી બે આની ભાગ આપું.

જેદ્રથ—અરે એવું તે શું કામ છે ? ગમે તેવું કામ હશે, તો જેદ્રથ કદાપી કાળે પાછો નહી પડે તેની ખાત્રી રાખવી.

જેદ્રથ— **ગાયન**

[જાઓ વધુ વદશો ના] એ રાહ.

દીયો કામ કરૂ ધરી હામ.
પાછી પાની નહી કરવાનો, જાણોને સુદામ–દીયો.
ડગુ નહી કદી જીવ જતાંએ, નકીતુમ કાર્ય કરૂં;
તેવીણુ ન પાછો ફરૂ, સાચી હામ દીલ ધરૂ, સુફીરની કન્યા વરૂ !
કહો કહો ઝટપટ, બજાવું જઇ ચટપટ, કરી કામ ઝટ આવુ ધામ. દીયો.

દુર્યોધન—શાબાશ છે બન્હેવી ! ધન્ય છે તમારી હીંમતને; તમારો મને પુર્ણ ભરોસો છે.

જેદ્રથ —પણ કામ શું છે, તેતો કહો !

દુર્યોધન-પાપી પાંન્ડવો દ્રવીત વનમાં છે. ત્યાં જઇ પેલી રૂપાળીનું હર્ણ કરીલાવવું, જો એ કામ કરશો, તો રાજમાંથી બેઆનીનો ભાગ આપીશ.

જેદ્રથ—ઓહો ! એજકે બીજું ! હાલજ જઉછું, અને એ રૂપાળીને ઉપાડીને લાવુંછું. [જાયછે]

શકુની—દુર્યોધન ! જેદ્રથ ગયો તો ખરો, પરંતુ આપણે તેની પાછળ જઇને તપાસ કરીએ; વખતે કામ પડશે તો મદદે પણ જઇશું.

દુર્યોધન—બહુસારૂ મામા ચાલો.

(જાયછે)

પ્રવેશ ૫ મો.

સ્થાળ—નદી કીનારે પાંન્ડવનો આશ્રમ,

પાત્ર—પાંન્ડવો, પદ્રૌદી, જેદ્રથ, કૃષ્ણ, દુર્યોધન.

ધર્મ—સતી મને તૃષા લાગી છે. માટે પાણી આપો.

દ્રોપદી—(તુંબડામાં જોઇ) નાથ તુંબીપાત્રમાં જળ નથી, માટે હાલ ભરીલાવીને આપુછું. (જાય છે)

જેદ્રથ—આવો લાગ ફરી મળવાનો નથી (દ્રૌપદીને ઉપાડી જાય છે.) દ્રૌપદી બચાવ માટે બુમો પાડે છે !

દ્રૌપદી—અરે કોઇ આવો આવો ! બચાવો. આ પાપી મારૂ હર્ણ કરીને ઉ ાડી જાય છે.

ધર્મ—અરે સતી એ બુમ પાડી ! કોણ પાપી હર્ણ કરી ગયો, ભીમસેન અરજુનજી વાગેર પણ હાજર નથી.

(ચારે આવછે)

અર્જુન-ભાઇ ! ભાઇ ! છે શું ?

ધર્મ—કોઇ પાપી સતીનું હર્ણ કરી ગયો.

અર્જુન—મોટા ભાઇ ગભરાઓ નહી (એક સળી મંત્રીને ફેંકે છે, તે જેદ્રથને અવળે હાથે બંધન કરી લાવે છે.)

ધર્મ—કોણ બન્હેવી જેદ્રથ !

ભીમ—(જેદ્રથના ઉપર ચઢી બેશી માર મારતાં) કોણ બન્હેવી જેદ્રથ ! લ્યો જમો જરા પ્રસાદ ! આતો ! બન્હેવીની મેહેમાનગતી !

ધર્મ—ભીમસેન ! આ શું કરે છે ?

ભીમ—મોટા ભાઇ ! બન્હેવીની મેહેમાનગતી કરૂછું, હજી જમાડવા બાકી છે.

ધર્મ—જો તું તેમને હાથેથી મારે, તો તને કુંતાજીની આણછે.

ભીમ—(આ ફોશી જ્યાં હોય ત્યાં નડતા, ને નડતા.) ઠીક ભાઇ હાથેથી નહી મારૂ (લાતો મારે છે)

ધર્મ—જો તું તેમને કોઇ રીતે માર મારે, તો તને મારા સોગન છે. (ભીમ છોડીદે છે જેદ્રથ ઉઠી ઉભો થાય છે તેને) બ્હનેવી તમોને જરી વીચાર નહી આવ્યો ! જો તમે લઇ ગયા હોત તો પાંચ બાળકની શી વ્હલે થાત ?

જેદ્રથ—મનેતો તે પાપીએ ભમાવ્યો.

(કૃષ્ણ આવે છે અને છુપાઇ રહીને તાલ જુવે છે.)

કૃષ્ણ—પાપી જેદ્રથને તો ભીમે કુંભીપાક જમાડયો, પણ પેલો પાપી દુર્યોધન અને શકુની આ તાલ જુવે છે. તેમને તાલ બતાવું.

(દુર્યોધન ઉભો છે તેને દેવરૂપે અદ્ધર ઉપાડી જાય છે.)

દુર્યોધન—મામા! મામા! કોઇ મને હરી જાય છે માટે બચાવો!

ધર્મ—અરે કોઇ પાપી દુર્યોધનનું હરણ કરી જાય છે. (દેવરૂપને) જો તું નીચો ના લાવે તો તને તારા ઇષ્ટ દેવની આણ છે.

ભીમ—(દેવને) જો તું અડધે ના રહે તો તને તારા ઇષ્ટદેવની આણ છે,

(દુર્યોધન અદ્ધર લટકે છે) (કૃષ્ણ આવે છે)

કૃષ્ણ—ધર્મરાજા! જોયો તમારો પીતરાઇ! કેવો લટકી રહયોછે!

ધર્મ—અર્જુન વીરા! ગમેતે યુક્તિ કરી તેને નીચે ઉતારો.

કૃષ્ણ—યુક્તિ એક છે, જો નીસરણી મુકીને ઉતારીએ તો ઉતરે.

ધર્મ—તો તેમ કરો.

કૃષ્ણ—(નીસરણી લાવી તેને ઉતરવા કહે છે, છેલ્લે પગથીએ આવતાં કપટથી નીસરથી ખેંચી લે છે. દુર્યોધન ધર્મના ખોળા પાસે જઇ પડે છે) ધર્મ રાજા! દુર્યોધન તમને દંડવૃત્ત કરે છે.

દુર્યોધન—(ઝાંખો પડી ચાલ્યો, જાય છે જતાં) ઠીક છે કાળીઆ હું તને જોઈ લઇશ.

જેદ્રથ—ધર્મરાજા હવે મને આજ્ઞા આપો.

કૃષ્ણ—ભલે સુખેથી જાઓ, પણ જૂવો સાંભળો.

ગાયન.

(સાચને સાચ) એ રાહ

સાચને આંચ કદાપી ન દઇએ!
સત્ય બોલી સામ છે, પરતઇએ! સાચ.
બાવળ વાવી કેરી મળે નહી! વાવીએ તેવાં ફૂળ કમઇયે

અધર્મ કરતાં મળવી ન મુક્તિ,
માટે વીચારીને ધર્મ આદરીએ---સાચ.

(જેદ્રથ જાય છે)

અર્જુન કૃષ્ણજી—! ધર્મરાજા પાસે મને ભણુવા માટે સ્વર્ગમાં જ-
વાની આજ્ઞા અપાવો.

કૃષ્ણ—ધર્મરાજા! અર્જુનજીની ઇચ્છા છે, તો સુખેથી રજા આપો.

ધર્મ—મહારાજ ! અર્જુનજી શીવાય મારૂ સાચુ બેલી કાઇજ
નથી. જો સવારમાં ભીમસેન પાસે દાતણુ પાણી માગુ,
તો મોટું ઝાડ લાવીને નાંખે, જો સહેદેવને કાંઈ કામ
બતાવું તો જોશમાંથી પરવારે નહી, જો નીકુળને કાંઇ
કામ સોંપુ તો વરણાગીમાંથી પરવારે ત્યારે કામ કરે,
અને સતીને કામ સોંપતાં કાંઇ હર્ષ કરી જાય, માટે
મારો સાચો સહાયક અરજુનજી છે તેને કેમ જવાવાય ?

કૃષ્ણ —ધર્મરાજા ! તેની ઇચ્છા છે તો એક વર્શ માટે આજ્ઞા
આપો. અને ભીમ, સહેદેવ, ને નીકુળથી દરેક કામ ની-
ભાવી લેજો.

ધર્મ—ભલે કૃષ્ણુ મહારાજ, જેવી તમારી ઇચ્છા. (અર્જુનને)
ભાઇ અર્જુન ! સુખેથી સ્વર્ગમાં પરવરો, અને ઇચ્છિત
કાર્ય પરિપુર્ણ કરી એક વરસમાં અત્રે પાછા આવીને
મળો.

કૃષ્ણજી—ધર્મરાજા! હવે હું રજા લઇશ.

સર્વે—બહુ સારૂ મહારાજ પધારો, અને આવી રીતે દર્શનનો
લાભ આપી કૃતાર્થ કરશો.

કૃષ્ણ—મને યાદ કરશો ત્યાં હું હાજર થઇશ. (કૃષ્ણ જાય છે)

અર્જુન—મોટા ભાઇ હું ! કાલે રવાના થઇશ, હાલતો ફળ ફુલ
લેવા સર્વે જઇએ છીએ. તમો આશ્રમમાં પધારો, અને
સતીની સંભાળ રાખો.

ધર્મ—બહુસારૂ ? (સર્વે જાય છે)

પ્રવેશ ૬ ઠો.

સ્થળ દુર્યોધનનું વીચારભુવન

પાત્ર—દુર્યોધન, શકુની, દુશાશન, જેદ્રથ.

દુર્યોધન—મામા! હજી સુધી એ રૂપાળી હાથ ન આવી!

શકુની—આ જેદ્રથ ગયા હતા, તેમણે તો ઉકાળ્યું, પણ કદાપી દુશાશન એ કાર્ય કરી શકશે ખરો.

દુશાશન—અરે એના શા ભાર છે? એક પલકમાં લાવીને ખડી કરૂં

શકુની—એતો બધું કહેવાય છે, પણ કાંઇ થાય છે. એમને કાળીઆની પુરી સહાય છે.

દુશાશન—અરે એ કાળીઓ શી સહાય કરવાનો હતો?

શકુની—સભામાં ચીર ખેંચતાં શું દશા થઇ હતી, તે સાંભરે છે!

દુશાશન—એતો શરીર છે, બગડે પણ ખરૂ. તેમાં કાળીએ શું કર્યું?

શકુની—એ બધાં વાનાં કાળીઆનાં. દ્રૌપદીને અદ્ધર ઉડાવી જેયુંને?

દુશાશન-ઠીક છે જેઉ છું. હાલ જઇને પકડી લાવું છું (જાય છે)

દુર્યોધન-મામા! દુશાશનને ઠીક પાણી ચડાવ્યું;

શકુની-તે શીવાય કામ ક્યાંથી બને;

દુર્યોધન-ચાલો મામા જમવાનો વખત થયો છે.

(સર્વે જાય છે)

પ્રવેશ ૭ મો.

સ્થળ પાંન્ડવોની ઝુંપડી.

પાત્ર—દ્રૌપદી પાંન્ડવો દુશાશન

દ્રોપદી ગાયન.

(કરમ ગતી અતી ન્યારી) એ રાહ

કર્મે લખ્યું હશે જેવું વીધાતા
લેખ લખ્યા ન કદીએ ફરેરે—કર્મે
કરમેથી રાજા કરમથી જોગી
હાલ ભીખારી એ કરમ કરેરે—કર્મે
એક દીન મ્હેલ ઝરૂખા અટારી
એક દીન વનવન રખડી મરેરે—કર્મે
રાજ્ય નિવાસી તે જંગલ વાશી
લેખ લખ્યા કોણ મીથ્યા કરેરે—કર્મે

(દુશાશન જોગી વેશે આવે છે)

દુશાશન માઇ મેરેકુ ભીક્ષા દે.

દ્રોપદી—જોગીરાજ ! મારા પતી ફળ લેવા ગયા છે, તેઓ આવે એટલે આપને ભીક્ષા આપું, હાલ આપ અત્રે બીરાજમાન થાઓ.

દુશાશન—અચ્છા (લાગ ઠીક છે સાન કરી બીજાને બોલાવીને ઉપાડી જાય છે)

દ્રોપદી—અરે કોઇ બચાવો ? બચાવો ! કોઇક મારૂ હર્ણ કરી જાય છે.

દુશાશન—અહી તને કોણ બચાવનાર હતું, તારો બાપ ! (જાયછે)

(પાંન્ડવો આવે છે)

ધર્મ—સતી ! અરે કેમ કોઇ બોલતું નથી ?

અર્જુન—મોટા ભાઇ સતી દેખાતી નથી, જુવો આ પગલં નક્કી કોઇ હર્ણ કરીને લઇ ગયું.

ધર્મ—હાય રે ધર્મ !

કૃષ્ણ—અંતરીક્ષથી.

મરાઠી સાખી

દુષ્ટ દુર્યોધન ફાંસે ફસી છે સતી દ્રૌપદી નારી

ચિંતા કરો નહીં સત્ય વાદી તમો સહાયક છે મોરારી
જરૂર આવી મળશે, વિઘ્ન તમારાં સહુ ટળશે.

ધર્મ—ભાઇઓ ! આકાશ વાણી સુચવે છે, કે તે દુર્યોધનના ફાંસામાં ફાંસી છે પરંતુ ઇશ્વરની સહાય છે, માટે જલદી મળશે.

સર્વે—હા ભાઇ એમજ છે. ભાવી ભાવ બળવાન છે

ધર્મ—ચાલો એ સતી આવતાં સુધી પ્રભુનું ધ્યાન ધરીએ

(સર્વે જાય છે)

પ્રવેશ ૮ મો

સ્થળ કૃષ્ણ મંદીર

પાત્ર—નારજી-રૂક્ષમણી પછીથી કૃષ્ણ

નારદ— ગાયન.

સત્ય છે કૃષ્ણ મોરારી સમજ મન સત્ય છે કૃષ્ણ મોરારી
માતને તાત ભ્રાતાને બગિની માયા દે સર્વે નીવારી સ૦
દાન દયાને દિનતા ધારી ભવજલ દેતું સુધારી સ૦
ભક્તિ નીરંતર નાથની કરતાં દેશે તે ભવજલ તારી સ૦

નારદ—હું નારદ! કૃષ્ણ પ્રભુનું મન! મારી વીધ્યા કાંઇ કાચી નથી પ્રભુની કૃષ્ણ લીલા છે, તો હું નારદ લાલા ચલાવું. જોઉ છું કે કોણ ફાવે છે. પ્રથમ તો તેમના ઘરમાં ટંટો ઘલાવું, કારણ ભક્ત પાન્ડવો વનવન ફરે, અને સતી દુષ્ટના કારાગ્રહમાં સડે. છતાં પ્રભુ નીરાંતે અમન ચમન કરે, તે કોના ઘરની વાત (સામે જોઈ) પેલું કોણ આવે છે? એ તો રૂક્ષમણી આવતી જણાય છે.

(રૂક્ષમણી આવે છે)

રૂક્ષમણી—નારદજી પ્રણામ કરૂં છું,

નારદ—કલ્યાણ.

રૂક્ષમણી—નારદજી! તમે કૃષ્ણજીને જોયા!

નારદ—હા હા! એ તમારા મહેલ તરફજ ગયા (ભગાવાદે તો)

(રૂક્ષમણી જાય છે)

અરે કૃષ્ણ પ્રભુ પોતેજ આવતા જણાય છે ને! હવે તાલ ઠીક જામશે; હું સ્વર્ગમાંથી પારીજાતકનું ફુલ લાવ્યો છું, તે કૃષ્ણને અર્પણ કરી રૂક્ષમણીને ત્યાં મોકલું, એટલે તે ફુલ રૂક્ષમણી લઇ લેશે, અને પછી સત્ય ભામાને ચઢાવી ને બરોબર ગમ્મત કરૂ; (કૃષ્ણ આવે છે) પ્રભુ પ્રણામ કરૂ છું

કૃષ્ણ—નારદજી! તમે અત્યારે કયાંથી?

નારદ—પ્રભુ નારદના કામનો પાર નથી, જ્યાં ત્યાં ફરતોને ફરતો પણ મહારાજ સ્વગમાંથી પારીજાતકનું ફુલ લાવ્યો છું, તે આપને અર્પણ કરવા અહી આવ્યો છું (ફુલ આપે છે)

કૃષ્ણ—ઠીક હું જાઉ છું

નારદ—બહુ સારૂ; અરે! પણ રૂક્ષમણી આપને શોધતાં આવ્યાં હતાં, તે હમણાંજ તેમના મેહેલે ગયાં.

કૃષ્ણ—હું પણ ત્યાંજ જાઉ છું (જાય છે)

નારદ—વાહરે નારદ! તારી સફાઇ; હવે બરાબર તાલ જમાવું ચાલો એક કામ તો પત્યું. પ્રભુના ઘરનો સુત્રધાર બની બરાબર નાટક ભજવવું ચાલો પ્રપંચ નાટક પ્રવેશ ૧ લો૦ અરે! સામેથી સત્યભામા આવતી જણાય છે ને! (સત્ય ભામા આવે છે)

સત્યભામા—નારદજી પ્રણામ કરૂછું.

નારદ—કલ્યાણ, અરે પણ!

સત્યભામા—કહો નારદજી આપે નીશ્વાસ શા માટે નાંખ્યો?

નારદ—નારે ના! કાંઇ નહી. (રૂક્ષમણી ઉપર કેટલું હેત, આ બીચારી સત્યભામા હીસાબમાં પણ છે)

સત્યભામા—ના ખરેખરૂં કહો?

નારદ—શું કહું મારા કૃપાળ! જ્યાં કૃષ્ણ પોતેજ પક્ષપાતી થયા, ત્યાં કહેવાનું શું હોય!

સત્યભામા—શું પક્ષપાતી!

નારદ—હા હા પક્ષપાતી. જો પક્ષપાતી ન હોત, તો પ્રભુને પારીજાતકનું ફુલ મળ્યું હતું, તે ફુલ રૂક્ષ્મણીને કેમ આપે, તમોને ન આપે!

સત્યભામા—જો એમ હોય તો હું હાલ પાંશરાદોર કરૂછું (જાયછે)

નારદ—આ પ્રપંચ નાટક પ્રવેશ ૨ જો.

અરે પણ કૃષ્ણજી અને રૂક્ષ્મણી બંને આ તરફ આવે છે.

(છુપાઇ જાય છે)

કૃષ્ણ—રૂક્ષ્મણી! હું તમારે મહેલેજ આવતો હતો, ત્યારે રસ્તામાં નારજી મળ્યા તેમણે, આ પારીજાતકનું ફુલ આપ્યું, તે તમારી વેણીમાં શોભાવવા માટેજ તમોને આપવા આવતો હતો.

રૂક્ષ્મણી— ગાયન

જાણ્યું વ્હાલા પ્રીતમજી છો ઠગારા,
ઠગોછો તમેરે ધુતારા;
જોઇ જોઇ તમારી મેં સદ્દાઇ,
જ્યાં જાઓ બતાવો પ્રિત ધાઇ
જાણુંછું સઉ વ્હાલા, ઠગાઉં નહી લાલા.
મનમેલા, રંગીલા, પ્રિતમજી પાતળીઆ જાણ્યું૦
સૌને બનાવો વાત વાતે ઉડાવોરે,
જાઓ જાઓ લાલા વાત વાતે ઉડાવોરે;
જાણુંછુ સર્વ ચાળા, મોહનજી નંદલાલ,।
રસીલા છોગાળા છબીલા રંગીલા જાણ્યું૦

કૃષ્ણ—ના પ્રિયા સાચુંજ કહુંછું, આ ઠગાઇ કરતો નથી.

રૂક્ષ્મણી—તો લાવો એ પારીજાતકનું ફુલ. મહોડે કહેવાય છે, પણ કાંઈ અપાય છે?

કૃષ્ણ—લ્યો પ્રિયા, લાવો હું જ તમારી વેણીમાં શોભાવું. (ફુલ વેણીમાં ઘાલે છે) કેમ તમારી ખાત્રી થઇ.

રૂક્ષમણી—પ્રાણપ્રભુ! ખાત્રી થઇ ચુકેલી છે, ફરી ફરી શેના ખાત્રી કરાવો છો? જુવો સાંભળો.

રૂક્ષમણી—કૃષ્ણ ગાયન

(ધન્યભાગ્ય સૌભાગ્ય.)

સત્યવ્રત સૌભાગ્યવતીને,
પ્રભુ સમશેવે પ્રિતમ પ્રાણને,
સુખ દુઃખમાં તે સામન રહીને,
લોપે નહી કદી પતીની આજ્ઞને,
સત્યદેવ પતી ભવો તરણમાં,
તીર્થ સકળ પતી દેવ ચરણમાં,
જાણો એક સતી શ્રેય કરણમાં,
પતી પ્રભુ સંસાર અરણમાં,
નાથ વચન સતીને અમૃત સમ,
વધુ પ્રતિતી શું આપુ આપને;

કૃષ્ણ—દ્રષ્ટાંત દાખવું સુણો સતીનાં,
કાર્ય અલૌકિક પતિ ભક્તિનાં;
સત્યવંતી સાવીત્રી દેવી,
દેવહુતી સીતા સતી કેવી;
રાજ્ય પાટ સુખ ત્રણ વત્ત જાણી,
પતી સંગ રખડી રવડી રાનમાં

કૃષ્ણ—પ્રિયા! હું સત્યભામાને મહેલે જઇ હાલ આવુંછું.

રૂક્ષમણી—બહુ સારૂ પ્રભુ પધારો. (કૃષ્ણ જાય છે નારદ આવે છે.)

નારદ—રૂક્ષમણીજી! કૃષ્ણજી ક્યાં?

રૂક્ષમણી—તેતો હમણાંજ સત્યભામાને મહેલે ગયા.

નારદ—બીચારી કેવાં ભોળી છે. કૃષ્ણજી પ્રપંચીતો પુરા.

રૂક્ષમણી—એમ કેમ?

નારદ—એમ કેમનું શું પુછો છો ? ચાલો મારી સાથે સત્ય-
ભામાને મહેલે;

રૂક્ષ્મણી—કેમ ?

નારદ—કેમ શું ખાત્રી કરવા.

રૂક્ષ્મણી—શેની ?

નારદ—શેની શું ? કોના ઉપર પ્રિતી વધારે છે, તેની;

રૂક્ષ્મણી—બધી રાણીઓ કરતાં મારા ઉપર પ્રિતી વીશેસ છે. મને
તેની પુર્ણ ખાત્રી છે.

નારદ કેવી ભોળી ! ખાત્રી હોય તો નજરેનજર જુવો, એ-
ટલે વિશેશ ખાત્રી.

રૂક્ષ્મણી—ચાલો ત્યારે (રૂક્ષ્મણી આગળ જાય છે.)

નારદ—ચાલો આ કામ પણ ઠીક થયું, સત્યભામા પ્રભુને ફગ-
રાવવામાં કયાશ રાખનાર નથી, એટલે આપણ ઉશ્કે-
રાશે, અને સત્યભામાને ફુલ બદલ ખાત્રી થશે, એટલે
પુરેપુર જામશે. ચાલો પ્રપંચ નાટક પ્રવેશ ત્રીજ (જાયછે.)

પ્રવેશ ૯ મો.

સ્થળ—સત્ય ભામાનો મહેલ.

પાત્ર—સત્યભામા, કૃષ્ણ, પાછળથી રૂક્ષ્મણી અને નારદજી.

કૃષ્ણજી—(સત્યભમાને રીસાએલી જોઇ) અરે આશું ? (પાસે
જાય છે) પ્રિયા?

સત્યભામા— ગાયન.

(જાઓ મોહન નફટ) એ રાહ.

નફટ નટખટ જાણ્યું, તમારૂં હેત પુરૂં અમે,
ખોટે લટકે ચટકે, ફસાવો નીત્ય મોહન તમે;
એશું બોલો રાણી શાણી
બનાવો ભોળા ધારી, એમ નહી બનનારી

કૃષ્ણ—વાંક પડયો શો કહે છબીલીનું,
કહને તું છોડી દીયે હઠીલીનું.
સત્યભામા—વ્હાલો હું પુછું મ્હાલી,
જાઓ જે હોય વ્હાલી—વ્હા૦

કૃષ્ણ—પણ રીસાવાનું કારણ તો કહે?

સત્યભામા—નારદજીએ આપેલું પારીજાતકનું ફુલ વ્હાલી હતી તેને આપી આવ્યા, મને શેનું આપો! હું તેના જેટલી વ્હાલી હોઉં ત્યારે આપોને.

કૃષ્ણ—ઓહો! એજ કારણથી રીસાયાં હતાં;

સત્યભામા—એ ફુલ આપ્યા શીવાય કદાપી કાળે હું મનાવાની નથી નથીને નથી;

કૃષ્ણ—નારદજીએ મને બે ફુલ આપ્યાં હતાં, તે પૈકી એક ફુલ રૂક્ષમણીને આપ્યું, અને એક ફુલ તમારા માટે રાખ્યું છે; તમો શા માટે રીસાયાં છો, તે જાણ્યા વગર ખબર શી રીતે પડે.

સત્યભામા—તો લાવો તે ફુલ.

કૃષ્ણ—(બનાવટી ફુલ બનાવી) લ્યો આ પારીજાતકનું ફુલ (ફુલ આપે છે)

(નારદ રૂક્ષમણી સહ આવી બાજુમાં સંતાય છે)

નારદ—પારીજાતકના ફુલનો સહ્‌ડો કાઢયો જણાય છે. (રૂક્ષમણીને) હવે જો સત્યભામાની ને કૃષ્ણજીની ગમ્મત.

સત્યભામા—નાથ! હમો અષ્ટ પટરાણીમાં તમોને વીશેષ વ્હાલું કોણ છે, તે કહો.

કૃષ્ણ—પ્રિયા તમો કરતાં અધિક પ્રિય મને કોઇજ નથી.

સત્યભામા—નાથ! એતો કહેવાનું, સત્ય કહેતા હો તો ખાઓ સોગન,

નારદ—(રૂક્ષમણીને) રૂક્ષમણી જો જો તમારા કૃષ્ણજીનું સાચું; કેમ ખાવી છેને?

રૂક્ષમણી—સોગાન ખાવા દીયો, પછી વાત.

સત્યભામા—કેમ વ્હાલા સોગન ખાતાં અચકાયા!

કૃષ્ણ—અચકાયો કાંઇ જ નથી, લ્યો તમારાજ સોગન, કે તમારા કરતાં મને અધિક પ્રિય કોઇજ નથી.

સત્યભામા—નાથ! આ ફુલ તો પારીજાતકનું જ છે ને?

કૃષ્ણ—હજુ પ્રતિતી નથી આવતી!

સત્યભામા—તમારો તે અવિશ્વાસ હોય. ફુલ વેણીમાં નાંખે છે.

(રૂક્ષમણી આવે છે)

રૂક્ષમણી—નાથ? મારે મ્હોંએ સોગાન ખાઇ કહો છો કે તારાથી કોઇ અધિક વ્હાલું નથી, અને અહીંઆ સત્યભામાના સોગાન ખાઇ તેનું તેજ સત્યભામાને કહો છો, આનું હમારે સમજવું શું?

સત્યભામા—(રૂક્ષમણીની વેણીમાં પારીજાતકનું ફુલ જોઇ) લ્યો તમારૂ ફુલ, તમોએ મને બળતુ ફુલ આપી છેતરી. બસ મારે તો પારીજાતકનું જ ફુલ જોઇએ

કૃષ્ણ—તે ફુલ તો સ્વર્ગમાં છે

સત્યભામા—તો આ કયાંથી આવ્યું!

કૃષ્ણ—તે તો નારદજીએ આપ્યું હતું

સત્યભામા—નારદજીએ તો તમને એકજ ફુલ આપ્યું હતું છતાં તમે બે ફુલ આપ્યાં છે તેમ કહીને છેતરી, આ ફુલ પારીજાતકનું નથી

કૃષ્ણ—(આ કામ નારદજીનું જણાય છે,) પણ પ્રિયા હવે તેનું કરવું છે શું?

નારદ—આ ઠીક જામી છે (પ્રપંચ નાટક પ્રવેશ ૪ થો)

સત્યભામા—બસ મને તો પારીજાતકનું ઝાડ અહીં લાવી આપો; નહી તો જાઓ મને બોલાવતા નહી

કૃષ્ણ—(આ કર્તવ્ય નારદજીનું છે. માટે નારદજીની ગમ્મત કરૂં.) લ્યો હાલજ લાવી આપું છું [પડદો ફાટી ઝાડનો દેખાવ]

સત્યભામા—લાવો હવે પેલુ ફુલ તોડી આપો.

કૃષ્ણ—નારદજી શીવાય બીજાથી એ ફુલ તોડાશે નહી [નારદજી આવે છે] નારદજી પેહેલું ફુલ તોડી સત્યભામાને આપો,

નારદજી—જેવી પ્રભુની આજ્ઞા [ફુલ તોડવા ઝાડે ચઢે છે, ઝાડ ફરે છે; નારદ બચાવ માટે બુમ પાડે છે]

કૃષ્ણ—કહો નારદજી! ફરીથી આ પ્રમાણે મારે ત્યાં નહી કરવું,

નારદજી—મહારાજ! હવે તમારે ત્યાં ફરીથી આ પ્રમાણે નહી કરૂ (ઝાડ અટકે છે નારદ નીચે આવી પ્રભુને પગે પડે છે)

કૃષ્ણ—જોયું નારદજી! મારી માયા જુદી છે, પરંતુ આમ કરવાનું કારણ?

નારદ—મહારાજ ભક્ત પાંન્ડવો વનમાં રખડે, અને અતિ પાપી દુર્યોધન ના કારાગ્રહમાં સડે, એ ક્યાંની ભક્તવસ્તલતા!

કૃષ્ણ—ખરૂ કહો છો નારદજી! આ તમે મને ઠીક ચેતવણી આપી, કારણ હું માયામાં લુબ્ધ થઇ પડયો હતો, તેથી મને કાંઇ શુદ્ધિ નહોતી માયાનું કામ અજબ છે.

કૃષ્ણ— ગાયન

(મહા માયા રૂપ અજબ મોહની) એ રાહ

અજબ મોહની મહા માયાની
મ્હોટા મુનીજન નાંખે પાસમાં;
સિદ્ધ યોગી સંન્યાશી સાધુ,
ફસવે ખોટી માયા આશમાં;
તપ તીરથ જપ દેવ ઉપાસન,
સ્નાન ધ્યાન કથા શાસ્ત્ર છે વદી,
વનવાસી ઘર વાશી સંસારી
માયા તેને છોડે નહી કદી—અજબ૦
ક્ષિર સાગરમાં વસ્યા વિષ્ણુ, મહા માયાની સંગે
યોગાભ્યાસમાં શીવજી બેઠા, પાર્વતી સહ ઉમંગે
સંગે બ્રહ્મા રહી સાવીત્રી,
કમળ અંગમાં વસંતા ઉલ્હાસમાં

નારદજી—પ્રભુ મહારાજ! હવે શે તે સતીઆને દુઃખ મુક્ત કરો, અને સતીના સંતાપ સર્વ હરો.

રૂક્ષમણી—જાઓ પ્રભુ વ્હેલા જાઓ, અને સતીને બચાવો; સતીઆને દુઃખ અને પાપીને સુખ એન્યાય ક્યાંનો?

કૃષ્ણ—પ્રિયા! સુખ દુઃખ એ મનુષ્ય માત્રની કસોટી છે,

રૂક્ષમણી—બહુ સાર પ્રભુ આપની અક્કલ મોટી છે, આપની અજબ કસોટી છે

નારદજી—જાઓ જાઓ પ્રભુ સત્વર જાઓ, વાર થાય છે, સતી પાપીના કેદ ખનામાં ગભરાય છે.

કૃષ્ણ—જાઉં છું નારદજી જાઉં છું, પાપી સતીની લાજ લેવા જાય છે, પણ જાણતો નથી કે જેને મ્હારી સ્હાય છે, તેને તારાથી! શું થાય છે! પ્રિયા જાઉં છું. અને સતીને દુઃખ મુક્ત કરી હાલ આવું છું (જાય છે)

પ્રવેશ ૧૦ મો

સ્થળ—દુર્યોધનનું કેદ ખાનું

પાત્ર—દ્રૌપદી દુર્યોધન પછીથી કૃષ્ણજી.

દ્રૌપદી— ગાયન

હે! કૃષ્ણ કૃપાળુ કરો સતીની સ્હાયરે,
વીરા અરજ સુણીને વેગે વ્હેલા આવજો રે;
દીન બેની છો હળધરજી ના વીરરે
આ દિન બાળા પર દયા દયાળુ લાવજો રે;
આશ સાચી છે તમારી, અબળા લેજો ઉગારી,
સાચવજો લજ્યા મારી, વ્હેલા આવો વીચારી.
સુણીને પોકાર જગદાધાર આવી બચાવજો રે,
કપટી કર્મ ચંડાળ દુર્યોધન નિર્દય પરે
નાંખી કારાગ્રહ માંય, લજ્યા લેવા ફરતો

વ્હેલા આવોને, રેહેમ ઉર લાવોને
નથી કોઇ અન્ય બેલી, દુઃખ દરીયે હું ડુબેલી
વૃક્ષ વિણ નોધારી વેલી, દુઃખમાં બની હું ઘેલી
વ્હેલા આવો ગરૂડે બેશી, બાળા ઉગારજો રે વી૦

(દુર્યોધન આવે છે)

દુર્યોધન—પ્યારી ! આમ નાહકનો શોચ શા માટે કરે છે ? એ
નીર્માલ્ય પાંન્ડવોમાં હવે શું રહ્યું છે, કે તેમનું સ્મરણ
મુકતી નથી, નામ ચુકતી નથી.

દ્રોપદી— બેત

નીર્માલ્ય નહી પાપી, છે માલદાર એ,
કુબેર સમ ભંડાર, સત્યનો અવતારએ.

દુર્યોધન—રખડે છે વનમાં, ને ખાય ઝાડ પાનએ
પ્હેરીને ભગવાંન વસ્ત્ર, સાચા છે નાદાન એ.

દ્રોપદી—નાદાન નહી પણ દાના, સાચા ધર્મ ધરનારએ
નાદાન તું છે પાપી, સત્યના સરદાર એ

દુર્યોધન—વીચાર દીલમાં વ્હાલી, છે શું સત્યની મહી,
ભોગવ વૈભવ ભાવે મુજ મહેલમાં રહી.

દ્રોપદી—સળગાવ તારા મ્હેલ, નહી તે સતીના કામના,
સંતાપે શીદને આમ, ઓ નીતી હરામના

દુર્યોધન—સુખ સાહ્યબી મળે સ્હેજ, શા કામ ગુમાવે,
વીચાર દીલમાં વ્હાલી, ગયો વખ્ત ના આવે
છોડી દે પાંન્ડવ નામ, રટતું નામ મુજ ભાવે
પળમાં જશે સૌ દુઃખ કૌરવ પટરાણી થાવે

દ્રૌપદી—હું માત જેવી ખાત પત્ની વદતુ વીચારી
પટરાણી કરતુ ખારે છે ઘેર માત ગાંધારી
એક વાર નંદી પરણ્યો, કહાવી નંદીની નારી
તેનો તું પાપી પુત્ર, ક્યાંથી મતી હોય સારી

દુર્યોધન—મ્હેણાં ન દેતું કુલટા, શું બોલે વીચારી,
વીનયથી કરૂ વાત, તેમ ચઢતી તું ભારી;
સીધી રીતે કહ્યું માન, સુખ દુઃખ દીલ જો ધારી,
છોડી દે પાંડવનું ધ્યાન, છેવટ રહેવાની હારી.

દ્રૌપદી—શું હરાવે સતી નાર કપટી દયાનત હરામના;
છોડે નહી સતી જાપ, કદીએ પતીના નામના.

દુર્યોધન—સીધી રીતે માન નહી તો તારા ગરીબડા પતીનો શીર છેદ કરાવીશ, અને તેમનાં શીર કાપીલાવી તને બતાવીશ.

દ્રૌપદી—તું બીચારો મારા પતીનો શીર છેદ કરાવીશ !

દુર્યોધન—હા, હા, હુંજ શીર છેદ કરાવીશ, મારૂ બળ કેટલું છે તે બતાવીશ.

દ્રૌપદી—તારૂ બળ કેટલું છે, તે હું સારી રીતે સમજુ છું: ત્હારૂ બળ ત્હારી જીભમાં, બોલવામાં, અને દુષ્ટ પ્રમદાસનામાં છે. તું એક કામી કુત્રો શીયળ ધારણ કરનાર સ્ત્રીનો શીર છેદ કરીશ, ત્યારે દુનીયા ઉથલપાથલ થશે, શીર છેદ કરવા જેટલું બળ હતું. તો મારા સ્વયંવરમાં ભીમસેન સ્થંભ ઉપાડી તમારી પછવાડે પડયો ત્યારે, મેં તને સભામાં અંધ કહયો ત્યારે, ને દેવે હરણ કરી અદ્ધર લટકાવ્યો હતો ત્યારે, તે બળ કયાં ગયું હતું ?

દુર્યોધન—જેમ જેમ હું નથી બોલતો, તેમ તેમ વધારે બોલે છે, પણ તેમાં સાર નહી કાંઈ.

દ્રૌપતી—બોલવાને ના કોણુ પાડે છે, એક બોલ ને એકવીસ સાંભળ્ય.

દુર્યોધન—હવે એ વાત મુકી દે, ને કહે કે તારી શી ઇચ્છા છે ! તને સુખ પસંદ છે, કે દુઃખ.

દ્રૌપદી—પુછવાનું કારણ !

દુર્યોધન—તારી ઇચ્છા;

દ્રૌપદી—મ્હારી ઇચ્છા મારા પતી સંગે રહી સુખ કે દુઃખ જે મળે તેમાં સંતોષે રહી પતી સેવા કરવી એજ છે. સંતોષીને તો દુઃખ હોતુજ નથી. દુઃખ તારા જેવાને કે જેને કુતરાની માફક હાડહાડ થવાનું હોય.

દુર્યોધન—એમ સીધી રીતે નહીજ માને, હાલને હાલ તારા ગરીબડા પતીના શીર છેદ કરાવું છું, ને તને તેમનાં શીર લાવી બતાવું છું.

દ્રૌપતી—પાપીઆ ! એ દુઃખીને રીબાવામાં સાર નહી કાઢે તે નક્કી સમજજે, માટે તેમને સતાવવા રહેવા દે. એ દુઃખી છે પણ સીંહ છે, જેને સાહાક શ્રી કીરતાર છે, તો તેઓ આગળ તું એક કંગાલ લાચાર છે. માટે એ વાત મુકી દે. હું પાપીણી માટે એ ગરીબને નાહક સતાવીશ નહી.

દુર્યોધન—બસ તારે ખાતરજ તેમને જીવતા છોડનાર નથી, તેમ તને પણ છોડનાર નથી.

દ્રૌપદી—કારણ !

દુર્યોધન—કારણ માત્ર તારૂં રૂપ.

દ્રૌપદી—અભાગીઆ ! આ ગંદી કાયા ઉપર શાનો મોહ રાખેછે

દુહો,

હાડ ચામથી છે મઢયું અંદર માંસ રૂધીર,
મળ મુત્રાદીક છે ભર્યું શીદ ગુમાવે નીર.

માટે માન, અને જરા વીચારી જો.

દુર્યોધન—તું ગમે તેમ શીક્ષણ આપીશ, પરંતુ તારા ઉપર લાગેલો મોહ કદાપી કાળે ખસવાનો નથી તે નથીજ. ગમે તે જોખમે તને તો છોડનાર નથી તે નથીજ.

દુહો.

દેવ સરીખી પુતળી, રૂપ ગુણ ભરી અપાર;
વીસરી વીસરાએ નહી, ભલે આવે દુઃખ બાર.

દ્રૌપદી—વારૂ આ ગંદી ગટર જેવી કાયામાં તું શેને વ્હાય છે! જો આ બાલપર આશક થયો હોય, તો બાલ તોડી આપું; જો આ કપાળપર આશક થયો હોય, તો કપાળ ફોડી આપું; જો આ આંખો ઉપર આશક થયો હોય તો આંખો કાઢી આપું; જો આ રૂધીર માંઉસથી ભરેલ સ્તનો ઉપર આશક થયો હોય, તો સ્તનો કાપી આપું: જો આ પેટ ઉપર આશક થયો હોય તો પેટ ચીરી આપું: જો આ મળમુત્રના અપવિત્ર સ્થાનથી આચ્છાદિત થયેલી જંગા ઉપર મોહીત થયો હોય, તો જંગા કાપી આપું; બોલ બોલ લોહીમાંસના ભુખ્યા વરૂ સુખેથી બોલ. શેની ઇચ્છા ધરાવે છે!

દુર્યોધન—બસ મારે તો તારૂ શીયળ ભંગ કરી મારી રાણી કરવી છે.

દ્રૌપદી—

દુહો.

સીંહ મુછ, ભોરીંગ મણી, શીયળ સતી શણગાર;
જીવતાં કદીએ નવ જડે, સ્હાયક શ્રી કીરતાર.

દુર્યોધન—જો સીધી રીતે નહી માને, તો તારો જાન લઇશ, પરંતુ તને છોડનાર નથી, તે તું ખાત્રીથી સમજજે.

દ્રૌપદી—સુખેથી માર, પણ તું બીચારો કામવાસનાથી મરી રહેલો, હું સતીને શું મારનાર હતો!

દુર્યોધન—ઠીક છે, જોઉછું ચાલ્ય તૈયાર થા.

દ્રૌપદી—હે પાપી સુખેથી માર; સતીના સ્હાયક, દીનબંધી દયાળુ પ્રભુ હજરા હજુર છે. ભક્તોને ભગવાનની સાચી હામ છે, સતીયાને દુઃખ મુક્ત કરનાર સાચો શામ છે. સીતાપતીરામ છે.

દુર્યોધન—ઠીક છે, જોઉશું કે કયો સીતાપતીરામ છોડાવે છે.

દ્રૌપદી— ગાયન.

સ્તુતી.

(વારે ધા વીઠલા વ્હેલો) એ રાહ.

સ્હાય કરો શ્રી કીરતારી, છેવટની છે વીનંતી મારીરે,
વેગ લેજો ઉગારી;
પાપીઓ મારી પુંઠે પડ્યો આ, લેવા બેઠો મુજ પ્રાણ,
અસી થકી શીર છેદન કરશે, થાશે કાયાની હાણ;
પ્રાણ જતાં હાંસી છે તારીરે—છેવટની
આધાર નાંહી તુજવીણ કોનો, વ્હાલા કરો નાંહી વાર,
અનેક ભક્તનાં કામ કર્યાં પ્રભુ તેમ સતીઆ ઉગાર;
ઓથ એક સાચી તમારી—છેવટની
ધ્રુવ પ્રલ્હાદને દીધાં અભય, એવા ભક્તવત્સલ ભગવાન;
શાને માટે પ્રભુ વાર કરો, તમે સુણો અરજ આ કાન,
બીરદ નહી દેશો વિસારી—છેવટની.

(ભડાકા સાથે ભગવાન આવે છે, અને સતીને પોતાનો હાથ આપી ગરૂડ ઉપર ખેંચી લેછે, અને જાય છે; દુર્યોધન મુખ વીકાશી ઉભો રહે છે] પડદો પડે છે.

ટેબલો.

પ્રવેશ ૧૧ મો.

સ્થળ–વનમાં પાંન્ડવોની ઝુંપડી.

પાત્રો–પાંચ પાંન્ડવો, કૃષ્ણ, દ્રૌપદી.

ધર્મ–ભીમ–સહેદેવ–નીકુળ

સર્વ— ગાયન.

હરીભજન.

સમરણ કર તુ મનવા સાચુ સીતા શામનુંરે,
સીતા શામનુંરે, રઘુપતી રામનુંરે––સમરણ૦
ભક્તિ વશ ભુધરજી પ્યારો, ભકતોની પીડા હરનારો,
સ્હાય નક્કી કરનારો, સ્થળ આરામનું રે–સમરણ૦
માયા સર્વે મોંઘી કીધી, સોંઘી ભક્તિ છોડી દીધી,
દેતાં પ્રભુનું નામ કામ નહી દામનું રે–સમરણ૦
ભક્તિ છે ગંગાનું પાણી, કંઇ જન પીતા ઉલટ આણી,
રામ નામ છે અમૃત, મોક્ષના ધામનું રે–સમરણ૦

[કૃષ્ણજી દ્રૌપદી સહ આવે છે]

ધર્મ––કૃષ્ણજી ! પધાર્યા ?

કૃષ્ણ—હા,

ધર્મ—મહારાજ ! આપના પ્રતાપે સતી તો મળી, પરંતુ મારો અરજુન વીરો ક્યારે આવશે ! તેને ગયે વરસ તો થઇ ગયું.

કૃષ્ણ–ધર્મરાય ! વિદ્યાભ્યાસનું કામ છે, બખતે વાર પણ લાગે;

ધર્મ—અર્જુન વિના મને ઘડી આરામ નથી, સુખનું નામ નથી તેની શેવાની અવધી છે. જુવો સાંભળો.

ગાયન.

અર્જુનની શેવાની અવધિ,
સુણો કૃષ્ણ કહું આણે ઠાર;

પડતાં પહેલો બોલ ઉપાડે
ઘડી એક નવ લાગે વાર,
ભીમ પાસે દાતણ માગુ વૃક્ષ આણી નાંખે;
સહેદેવને કાંઇ કામ બતાવું જોશ મુખથી ભાખે,
નીકુળને વરણાગી કરતાં કેમે કર્યો ન આવે પાર;
સતીને જો કામ બતાવુ, હરણ થવાની બીક અપાર;
કહેતાં સાથે કામ ઉઠાવે,
શેવા તેની અતી સુખકાર—પડતાં પહેલો૦

માટે પ્રભુજી ! તેના વીના મને ચેન પડતું નથી.

[અરજુન આવે છે]

કૃષ્ણ—જુવો ધર્મરાજા ! અરજુનજી આવી પહોચ્યા.

(અરજુન આવી ધર્મ અને કૃષ્ણને પગે લાગે છે.)

ધર્મ—ભાઇ અરજુન ! આવ્યો.

અરજુન—હા મોટા ભાઇ !

ધર્મ—વારૂ કૃષ્ણજી ! હમને વનવાસ નીકળે બાર વરસ પુરાં થવા આવ્યાં હશે ?

કૃષ્ણ—સહેદેવજીને પુછો;

ધર્મ—સહેદેવ વીરા ! આપણને વનમાં આવે બાર વરસ ક્યારે પુરાં થાય છે ?

સહેદેવ—મોટા ભાઇ, કાલ બાર વરસ પુરાં થશે.

ભીમ—કૃષ્ણજી ! આ તરતીઓ જોશી ઠીક છે, કારણ, જે વાત પુછો તેનો ઉતર હાલ કે કાલ.

સહેદેવ મોટા ભાઈ જે હોય તેજ કહેવાય;

કૃષ્ણ—ઠીક ત્યારે તમારે એક વરસ ગુપ્ત રહેવાનુ છે, તે માટે શું વિચાર ધાર્યો. ?

ધર્મ—કૃષ્ણજી ! હમે તો કાંઇજ વિચાર ધાર્યો નથી, તમો બતાવો તે પ્રમાણે કરીએ.

કૃષ્ણ—તમારે વેશ પલટાવીને રહેવું પડશે, અને વેશ કાઢ્યા તે ભજવવો પડશે.

ધર્મ—તે શીવાય ક્યાં સીદ્ધી છે, પણ ક્યાં જવું, તે રસ્તો બતાવો.

કૃષ્ણ—તમો વૈરાટ નગરમાં વૈરાટરાજાને ઘેર જાઓ, ત્યાં તમારૂ વરસ નીકળી જશે.

ધર્મ—પણ વેશ શું ધારણ કરવા, તેતો બતાવો ?

કૃષ્ણ—ધર્મરાજા ! તમો બનો રૂષી, કારણે તે સોવાય બીજું કામ તમારાથી બનશે નહી, માટે ગાદીના ગુરૂ તરીકે રહેવાનું કામ કરી શકશો.

ધર્મ—પણ મહારાજ ! કદાપીકાળે અસત્ય* બાપજી મુખમાંથી કાઢનાર નથી તે નથીજ.

કૃષ્ણ—બહુ સારૂ તમો સત્ય કહેશો કે હું ધર્મ છું પરંતુ તેતો તમને પાંન્ડવ ગાદીના ગુરૂ છો એમજ સમજશે, અને ગુરૂપદે સ્થાપશે.

ધર્મ—વારૂ અરજુનને શું કરવું, અને શું નામ ધારણ કરવું.

અરજુન—મોટા ભાઈ ! મારી તરફની ચીંતા ધારણ કરવી નહી, કારણ મને સ્વર્ગમાંથી અપછાનો શ્રાપ છે, તેથી બાર મહીના બ્યંઢળ થઇ રહીશું, અને વૈરાટરાજાના કુંવર તથા કુંવરીને ભણાવીશું.

ધર્મ—વારૂ પણ સેદેવજી તમે શું કામ કરશો ?

સહેદેવ—મોટા ભાઇ ! હું એક એવી વીધા જાણુંછું, કે જે ગાય એક શેર દુધ દેતી હોય, તેના કાનમાં મંતર ભણું, તો ચાર શેર દુધ આપે; તેથી હમો પંછી ગોવાળ નામ ધારણ કરીશું, અને ગૌ શેવા કરીશું.

ધર્મ—વારૂ પણ આ નીકુળજી શું કામ કરશે ? કારણ પ્રથમ વરણાગીમાંથી ઉંચા આવતા નથી, તો દાસત્વપણું કેવી રીતે ઉઠાવશે ?

નીકુળ—મોટા ભાઇ ? મારી તરફની બીલકુલ ચિંતા ધરતા નહી. કારણ હું અશ્વ વિધાનો મંત્ર એવો જાણુંછું, કે નીર્માલ્ય ઘોડાને

મંત્રના બળથી પવન વેગી બનાવું, માટે હમો ઘોડાળ-માં રહીશું, અને અશ્વોને ભણાવીશું, ને નામ ગ્રાણુક અસવાર ધારણ કરીશું.

ધર્મ—ઠીક. પણ આ ભીમસેનનું શું થશે ! સર્વનું થયું. પણ આ ભીમસેનની ચિંતા છે.

ભીમ—મોટા ભાઈ ! મારી તમારે બીલકુલ ચીંતા કરવી નહી. કારણ હું રસોઇ બનાવી જાણું છું, તો વીરચાલવા નામ ધરીશું, અને વૈરાટરાજાની સકળ સૈનની રસોઇ કરીશું. બાર મહીના સુખે દુઃખે વેઠી લઇશું.

ધર્મ—ઠીક હવે સતી તરફની ચિંતા રહી. કારણ અબળાની જાતી શું કરી શકે, માટે તેને પંચાળ દેશમાં તેમના પીતા પાસે મોકલાવીએ. તો કેમ કૃષ્ણજી !

દ્રૌપદી—નાથ ! એ શું બોલ્યા ? શું આપ વૈરાટરાજાને ત્યાં દાસત્વ ઉઠાવશો, અને હું મારા પીતાને ત્યાં સુખમાં રહીશ ! એતે કદી બને ? પતીને સુખે સુખી અને દુઃખે દુખી થવું, તે સતીનો ધર્મ છે; શું છાયા તે કાયાથી જુદી થએલી સાંભળી છે, શું માછલી જળને તજી એકલી રહેલી જોઇ છે ? માટે નાથ ! જ્યાં આપ, ત્યાં હું. આપ દુઃખી તો મારે સુખ ક્યાંથી ? હું પણ આપની પેઠે વૈરાટનગ્રમાં સૈરંધ્રી નામ ધારણ કરી વૈરાટરાજાની રાણી સુદર્શના ને શણગાર સજાવનાર દાશીપદ ધારણ કરીશ. માટે મારી તરફની ચિંતા કરતા નહી.

કૃષ્ણ—ધન્ય છે પતીના સુખ દુઃખમાં અનેક સંકટો નડવા છતાં પણ એક નીષ્ટાથી ભાગ લેનારી સતી ! તારી પતી સેવાની અવધિ છે; પણ આ છોકરાંનું !

દ્રૌપદી—મહારાજ ! છોકરાંને પંચાળ નગ્રમાં મારા પીતાજીને ત્યાં મોકલાવી આપો

કૃષ્ણ—છોકરાંને નમાયાં મોસાળ મોકલવાં, તે સારૂ નહી; કારણ

મા વગરનાં છોકરાં, મામા મામીઓનાં વચન કેવી રીતે સહેશે ?

દ્રૌપદી—મહારાજ ! શામાટે તાવો છો ? માત પીતાને દુઃખ, તો છોકરાંને પણ દુઃખજ હોય, તેમાં નવાઇ શું ! હમો પારકું દાસત્વ ઉઠાવીશું, તો તેથી મામા મામીઓના બોલથી શું વીશેશતા છે.

કૃષ્ણ—ધન્ય છે બ્હેન દ્રૌપદી ! તમારી દ્રઢ નીષ્ટાને ! હવે હું છોકરાંને લઇને પંચાળ નગ્રમાં મુકી આવું છું, અને પછીથી દ્વારીકાં જઇશ, તમો વરાટ નગ્ર તરફ સીધારો.

દ્રૈપદી—મારા વ્હાલાં બાલુડાં, મોસાળ પક્ષમાં જઈ સુખેથી રહેજો, મામા મામીના બોલ સહેજો, આટલી શીખ અંતરમાં જરૂર લેજો, વીસરશો નહી.

ગાયન.

દ્રૌપદી—બાળક—

કુંવર કોડામણા માહરા,
સુખે મોસાળ જાય;

બાળક—ચિંતા ધરો નહી માવડી,

દ્રૌપદી—લાગે વીયોગ ધાય—કુંવર૦

બાળક—મોસાળમાં રહીશું હમો, માત તજો ઉચાટ,
આણા પાળીશું ત્યાં સર્વની, એવો કર્મનો ઠાઠ—કું૦

દ્રૌપદી—વિયોગ દુઃખ નહી આણશો, રહેજો ધરી ઉલ્હાસ,
વરસ એક વીતો જતાં, પ્રિતે તેડાવીશ પાસ—કુંવર૦

બાળક— કાલે વરસ માજી વહી જશે, થાશે સંયોગ સુખ;
નશીબે આવ્યું ઉઠાવવું, કર્મે લખેલ દુઃખ,
માતા પીતા જઇએ હમે.

ધર્મ—સતી ! હવે એ માયા મુકી દીયો, અને વૈરાટનગ્ર તરફ જવા માટે તૈયાર થાઓ. કૃષ્ણ પ્રભુ તમો પણ બાળકો સહ પધારો.

કૃષ્ણ—બહુ સારૂ ધર્મરાજા, તમો જાઓ હું જાઉછું. [કૃષ્ણ જાય છે]

ભીમ—બધુ આપણે પણ ચાલો; [સર્વે જાય છે]

પ્રવેશ १२ મો.

સ્થળ—વૈરાટનગ્રની ભાગોળ,

પાત્ર—ધર્મ ભીમ, અરજુન, સેહેદેવ, નીકુળ, દ્રૌપદી

ધર્મ—અરજુન વીરા ! તમારાં હથીઆર સર્વે કયાં મુકશો ?

અરજુન—મોટા ભાઇ ! આ સામે સીમડાનું ઝાડ છે, તે ઝાડપર મુકું છું, અને તેના ફરતી તક્ષક નાગની ચોકી મુકુંછુ, એટલે કાંઇ હરકત જેવું નથી.

ધર્મ—બહુ સારૂ તમો હથીઆર મુકી આવો.(અરજુન જાય છે)

ભીમ—મોટા ભાઇ પ્રથમ તમો વૈરાટરાજાની કચેરીમાં પધારો, અને ગાદીના ગુરૂ થઇ બીરાજો, ત્યાં પાછળથી એક એક હમો આવીએ છીએ. (અરજુન આવે છે) કેમ અરજુન ?

અરજુન—હા મોટા ભાઇ તમો પ્રથમ પધારો.

ધર્મ—બહુ સારૂ, (જાય છે)

ભીમ—અરજુનજી ! તમો તથા સેહેદેવ નીકુળ સર્વે વેશ બદલી તૈયાર થાઓ, કારણ એકે એકે જવાનું છે.

અરજુન—બહુ સારૂ ચાલો આપણે વેશ બદલી તૈયાર થઇએ. પ્રથમ ઇશ્વર સ્મરણ કરી લ્યો.

સર્વે— ઇશ્વર સ્તુતિ.

મંગળકર નટવર મોરલીધર,
સુંદર વર સુખ કારીજી—
કીરીટ કુંડળ કૌસ્તભ મણીધર,

કમળા વર દુઃખ હારીજી—
પીતાંમ્બર ધર જય પુરૂષોતમ,
અદ્ભુત કામ દંભારીજી—
શ્યામ શ્યામના રસીક શીરોમણી,
ગોવરધન ગિરિધારીજી—
સાચો આશ્રય એકજ ત્હારો,
કૃષ્ણ વરણુ ફીરતારીજી—
શરણે રાખો સંકટ કાપો,
નમીએ નાથ મોરારીજી—

(સર્વે જાય છે.)

પ્રવેશ ૧૩ મો.

સ્થળ—વૈરાટ નગ્રમાં વૈરાટ રાજાની કચેરી.

પાત્ર—વૈરાટ રાજા કૈયાજી પ્રધાન, દરબારીઓ, ઓત્રા કુંવર પાછળથી પાંન્ડવો.

દરબારીઓ— ગાયન.

મુગટ શીર સોહે નૃપતી જયકારી
વારી વારી વૈરાટપતી બલહારી,—મુગટ
સભા પુરંદર જેવી, કે અન્ય ઉપમાદેવી
અંતર અંદર શાંન્તિ શાંન્તિ ફેલાવે
ભાવે ગુણ ગાઇએ ભુપતી સુખકારી—મુગટ

છડીદાર—મહારાજ! બહાર કોઇ રૂષી આવ્યા છે, અને તેઓ હજુર આવવાની ઇચ્છા ધરાવે છે.

વૈરાટરાજા—તેમને સુખેથી પ્રવેશ કરાવ, રૂષી મુની માટે આજ્ઞા હોય જ નહી.

છડીદાર—જેવી મહારાજાની આજ્ઞા. (ધર્મ આવે છે.)

વૈરાટરાજા -(દંડવત્ત કરી) રૂષીરાજ! આપે પધારી મને પાવન કર્યો છે. આ શેવક સરખું કામકાજ ફરમાવી આભારી કરો.

ધર્મ—વૈરાટરાજા! હું ધર્મ છું, એક વરસને માટે રહેવા આવ્યો છું, માટે ઇચ્છા હોય તો હા કહો, જો રાખશો તો રહીશું, અને ગાદીગુરૂનું કામ કરીશું.

વૈરાટ—એવાં મારાં ક્યાંથી ભાગ્ય હોય કે આપ જેવા પાંન્ડવા ગાદીના ગુરૂ મારે ત્યાં રહો! સુખેથી રહો, અને ગાદીના ગુરૂનું પદ સ્વીકારી આભારી કરો. વારૂ આપનું નામ!

ધર્મ—કીંક;

વૈરાટ—કીંક રૂષી! આપ સુખેથી અત્રે રહો, અને આ રાજ્ય તમારૂ પોતાનું છે એમજ સમજશો (ગાદી ઉપર બેસાડે છે) આજ મારાં અહો ભાગ્ય! કે પાંન્ડવ ગાદીના ગુરૂ મારે ત્યાં રહ્યા, અને મને પાવન કર્યો.

છડીદાર—મહારાજ બહાર કોઇ વ્યંઢળજી આવ્યા છે.

વૈરાટ—તેમને સુખેથી પ્રવેશ કરાવો.

(અરજુન વ્યંઢળ વેશે આવે છે.)

વ્યંઢળ—ખમા તને રાજા વૈરાટ! માતા બહુચરા તને અમર કરે, અને તારી ગાદી અવીચળ તપો.

વૈરાટ—વ્યંઢળજી! કહો કેમ પધારવું થયું છે?

વ્યઢંળ—રાજાજી? હું પાંન્ડવરાજાને ત્યાં તેમના કુંવર અભેમાન્યુને ધનુષ્ય વીદ્યા અને શાસ્ત્રીક જ્ઞાન આપતો હતો પણ તેઓ વનવાસ ગયા તેથી એક વરસને માટે અત્રે રહેવા આવ્યો છું, જો રાખીશ તો તારા પુત્ર પુત્રીને વીદ્યા-અભ્યાસ કરાવીશું.

વૈરાટ—કેમ કીંકરૂષી!

કીંક—ભલે રાખ. આવા માણુસ ખોળ્યા નહી મળે.

વૈરાટ—ઠીક ત્યારે અત્રે રહો (કૈયાને) કૈયાજી! તેમને માટે નીશાળનો બંદોબસ્ત કરી આપો.

(અરજુન જાય છે)

છડીદાર—મહારાજ ! બહાર કોઇ ભરવાડ આવ્યા છે, અને હજુર આવવા આજ્ઞા માગે છે.

વૈરાટ—તેમને સુખેથી પ્રવેશ કરાવ.

છડીદાર—જેવો નામદાર હુકમ

(પછી ગોવાળ સહેદેવજી આવેછે)

વૈરાટ—તમો કોણ છો, અને ક્યાંથી આવો છો ?

સહેદેવ—હમો ગોવાળ છીએ, પાંન્ડવોને ત્યાં રહેતા હતા, પરંતુ પાંન્ડવો વનમાં ગયા, તેથી તમારે ત્યાં રહેવા આવ્યા છીએ; જો રાખશો તો રહીશું, અને હમારી પાસે એવો મંત્ર છે કે જે ગાય એક શેર દુધ દેતી હોય, તે ચાર શેર દુધ આપે.

વૈરાટ—બહુ સારૂ ત્યારે સુખેથી રહો અને દરબારી ઢોર સાચવો.

સહેદેવ—જેવો હુકમ. (જાય છે)

છડીદાર—મહારાજ ! બહાર કોઇ ચાબુકસ્વાર નામનો માણસ આવેલો છે, તે હજુર આવવા આજ્ઞા માગે છે.

વૈરાટ—તેમને સુખેથી પ્રવેશ કરાવ.

છડીદાર—જેવો નામદારનો હુકમ.

[નીકુળ આવે છે]

વૈરાટ—તમો કોણ છો. અને ક્યાંથી આવો છો !

નીકુળ—હમો પાંન્ડવોને ત્યાં ઘોડેસ્વારનું કામ કરતા હતા, પરંતુ પાંન્ડવો વનમાં ગયા, તેથી તમારે ત્યાં રહેવા માટે આવ્યા છીએ, ત્રણ કોડીના ટટુને પવનવેગી બનાવાનો મંત્ર જાણીએ છીએ માટે મરજી હોય તો રાખો.

વૈરાટ—કેમ કીંકરૂપી !

કીંક—જેવી તારી મરજી.

વૈરાટ—બહુ સારૂ ત્યારે ઘોડાળમાં રહો, અને અશ્વપાળનું કામ બજાવો.

નીકુળ—જેવો હુકમ. [નીકુળ જાય છે]

છડીદાર—મહારાજ ! બહાર કોક બાઇ આવી છે. અને હુજુર આવવા આજ્ઞા માગે છે.

વૈરાટ—તેને સત્વર પ્રવેશ કરાવ,

છડીદાર—જેવો નામદારને હુકમ [દ્રૌપદી આવે છે]

વૈરાટ—બાઇ! તમો કોણ છો, અને કયાંથી આવો છો ?

દ્રૌપદી—વૈરાટ રાજા! હુ પાંન્ડવોને ત્યાં દ્રૌપદીને શણુગાર સજાવતી હતી, અને પાંન્ડવોની દાસી છુ; પરંતુ પાંન્ડવો વનમાં ગયા, તેથી તમારે ત્યાં નોકર રહેવા આવી છું, જો રાખશો તો રહીશું, અને રાણી શુદશણાને વસ્ત્ર શણુગાર સજાવીશું.

કૈયાજી—(સ્વગત] "આને રાખેતો કેવું સારૂ, શું તેનું રૂપ?

વૈરાટ—કેમ કીંક રૂપી !

કીંક—જેવી તારી મરજી.

દ્રૌપદી પણ વૈરાટ રાજા ! એક શરત કબુલ કરવી પડશે,

વૈરાટ—શી?

દ્રૌપદી—મારે માથે પાંચ ગાંધર્વો છે, તેઓ, જો કોઈ મારા સામે કુદષ્ટી કરશે તેનો પ્રાણુ લેશે, તે શરત કબુલ હોય તો હુ રહુ;

વૈરાટ—બહુ સરૂ તમારી સામે કુદષ્ટી કરશે તે પ્રાણુ ખોશે એ તો કરશે તેવું ભરશે, તમો સુખેથી રહો, કેમ કીંક રૂપી ?

કીંક—ખરૂં છે, કરે તેવું ભરે, ને વાવે તેવું લણે.

વૈરાટ —બાઇ તમો સુખેથી રહો. જાઓ મહેલમાં (દ્રૌપદી જાય છે)

છડીદાર —મહારાજ! બહાર કોક જાડો આવ્યો છે! ખભે મોટો કડછો નાખેલો છે, અને હજુર આવવાની આજ્ઞા માગે છે.

વૈરાટ—તેમને સુખેથી પ્રવેશ કરાવ.

છડીદાર—જેવો નામદારને હુકમ [ભીમ આવે છે]

વૈરાટ—તમો કોણ છો !

ભીમ—પાંન્ડવ સેનાના રસોઇઆ છીએ.

વૈરાટ—અહીં કેમ આવવું થયું છે!

ભીમ—પાંન્ડવો વનમાં ગયા છે, તેથી નોકરી કરવા આવ્યા છીએ, જો રાખશો તો રહીશું, અને તમારી તમામ સેનાની રસોઇ કરીશું

વૈરાટ—કેમ કીંક રૂપી!

કીંક—જેવી તમારી ઇચ્છા

વૈરાટ—વારૂ સુખેથી રહો, અને આખી સેનાની રસોઇ કરો.

ભીમ—પણ મારે ખાવા માટે રોજનું સોળ કળશી અનાજ જોઇશું.

વૈરાટ—સોળ કળસી!

ભીમ—હા, પણ તેવું કામ કોઇક પ્રસંગે બજાવીશું.

વૈરાટ—કેમ કીંક મહારાજ!

કીંક—રાખવો હોય તો રાખો; સોળ કળસી અનાજ ખાશે, તો કોઇક વખત તે પ્રસંગ પડયે કામ બજાવશે, બદલો વાળશે.

વૈરાટ—બહુ સારૂ તમે રસોડે પધારો (ભીમ જાય છે)

કેચક—(સ્વગત) "ચાલો આપણા પણ ભાગ્ય ફળી ગયાં, રૂપાળીને ચપટીમાં મેળવી લઇશું, અને અમન ચમન કરીશું.

વૈરાટ—કીંક રૂપી! આજે મારાં અહો ભાગ્ય કે પાંન્ડવોના નોકરો મારે ત્યાં આવ્યા, તે ઇશ્વરની પુરી કૃપા થઇ એમ હું સમજું છું (વારાંગનાને)
તમારો નાચ શરૂ કરો.

વારાંગના— ગાયન.

શામારે મેં તો પનીઆં ભરન ગઇ દુર,
પનીઆં ભરન ગઇ દુર—શામારે૦
અબ ઘટ ઘાટ હમે ઘટ સર ભારીરે,
સાંજ પડે ઘર દુર—શામારે૦

કૈસે જાઉં સખીએ પનીયાં ભરન
રોકત ટોકત નંદકો નંદન મદન મોહન કાન્હ—કયસે૦
જાઓ સખી સમજાઓ મોહનકો;
ના રોકો! કયોં રોકો!
દેખેગી સાસ મોરી લે લેગી પ્રાન—નયસે૦

(વેરાટ પર્વ સુધી ભાગ ૧ લો.)

સમાપ્ત.



ચુરણનો ચટકો.

મેં તો દીલ્હી શહેરસે આયા, ઉમદા ઉમદા ચુરન લાયા
જિસને માલ હમારા ખાયા, ફિર તો દોડ દોડ કર આયા
મેરા ચુરન જો લે જાતે, જાકર ઘરમેં જંગ મચાતે
પેસા માંગ માંગકર લાતે, મુઝકો છોડ કભી ના જાતે
ચુરન લે જાતે માશુક, ખાતે લીલગતી દુની ભુક
આશિક દેખે હો દો ટુક, ઉનકે ઉઠે કલેજે હુક
ગ્રાહક લોગો આઓ, મેરા ચુરન લેકર ખાઓ
સસ્તા બેચા મત ઘબરાઓ પેસા દો ઓર ચુરન ખાઓ.

૨

ઔર મેરા ચુરન હે બડા પાક, ઇસકો હિરદેમેં તુ ટાંક
જાતી ગરમી ઓર સુઝાક મેં તો કરતા નહીં મઝાક
ચુરન કર ખાનેકા ઢંગ, ઇસસે જાતા રહે ફિરંગ
તેરી તબીયત હોગી ચંગ, કરદે ઢીલી મત કર તંગ
ગોલી ખાના હો દિન રાત, પ્યારે ચલો હમારે સાથ
કરના ઓરોંસે નહીં બાત, મુંઝસે કહદો સચ્ચી બાત
ચુરન ખાના આધી રાત, આકર કરના ઘરમેં બાત
યે તો દુના દેગા સાથ, પેસા ધરદે મેરે હાથ
ચુરન જબ ચાહે લે જાના, પેસે પહલે હી દે જાના
પ્યારે ક્યોં બનતા નાદાના, ઇસમેં ચલતા નહીં બહાના

૩

ચુરન બના મસાલેદાર, જરા સા મુંહમે લીજે ડાર
પ્યારે પાની સંગ ઉતાર, આવે બારંબાર હો ડકાર
તુઝકો ચુરન હોય જો ખાના, પેસા જલદી લેકર આના
મુઝકો રાજનગરકો જાના, ચુરન બેચુંગા મનમાના
પ્યારે પાસ હમારે આના, મેરા લિખલો અભી ઠિકાના
ચીઠી અહમદાબાદ રવાના [illegible] દલાલ સરનામા

૪

ઔર જો કોઇ સુરન મેરા ખાવે, ઉસકી બાદી સબ મિટ જાવે
દુની તાકાત ઉસમેં આવે, દુસરી બાર ઢુંઢતા આવે
બુઢ્ઢા સુરન લેકર ખાવે, દોડા રંડીકા ઘર જાવે
જાતે હી છાતીસે લિપટાવે, દિલમેં ઝરા નહીં શરમાવે
સુરન નામર્દ જો ખાવે, ખાતે હી સંડા વો હો જાવે
દુનીં તાકાત ઉસમેં આવે, શામસે લેકરકે પડ. જાવે
મેરા સુરન જો કોઈ ખાવે, ઉસકા દુખ સબી ભગ જાવે
શહરકા મેમ્બર વો હો જાવે, પુરા આબરૂદાર કહાવે.

૫

ઔર દિલ્લી શહેર બડા ગુલઝાર, નહરેં છુટ રહી દોચાર
ચાંદની ચોક બડા મઝેદાર, જિસમે ઘંટાઘર કરે બહાર
યહાંકા કિલ્લા બડા મશહુર, મેલા લગા રહે ભરપુર
દેખી બડી પરીઓ હુર, જિનકો દેખ અકલ હયે ચુર
વહ સે રાજનગર જબ આયા, આકર ખોમચા વહીં લગાયા
સુરન માશુકોને ખાયા, ખાકર ફિર ઢુંઢનેકો આયા
આગે માનેકચોક બાઝાર, વોહ ભી જાકર દેખા યાર
નીચે ચાંદી સોના વેપાર, ઉપર સરાફ દમામદાર
દેખા શુકરવાર બાઝાર, ભર રહે નવીન નવીન બેપાર
બેઠ પંજાબી દુકાનદાર, કરતે હન્ડીકા વેપાર
સુરન બિક ખુમચા ઝાડ, મેંને ઔર કિયા તયાર.
મારો માલ મઝેદાર ફીરસે નહી મીલનેકા યાર.

૬

ઔર યહ મુંબઇ શહર બડા સુંદર, જીસમેં લગે ચોરાશી બંદર
બાગ ભુલેશ્વરકા મંદર, અંદર તાલ બના હે સુંદર
શહર મુંબઇમેં આના, દરશન ભુલેશ્વરકા પાના
પીછે પાસ મેરે આના, સુરન લેકર ઘરકો જાના
સુરનકો કયા ખાવે કંગાલી, ઇસકો ખાતે હે બંગાલી
ખાકર સ્વદેશી નિકાલી, કરતે હરદમ જે જે કલી
ઔર મેરા સુરન બના બડ આલા, જિસમેં સબી મસાલા ડાલા
ઔર ફિર નોન પડા હે કાલા, લે જાઓ જલદી આકર લાલા

ચુરનકો ક્યા ખાવે દીવાના, રખતા ચોરવોંકા ખાના
ઘરમેં બીબી મારે તાના, ભચ્યા ફજર કામપર જાના

૭

ચુરન વકીલ જો ખાયે, જાકર મુદમા ખુબ લડાવે
ઔરકી ભુલ ઝરા ન ખાયે, મુકદમા જીત મગનઘર આવે
નાટકવાલે ચુકન ખાયે, નવી નયલ બનાકર લાવે
જિસમેં રૂપીયા ખુબ કમાયે, કુલ દુન્યાકો નેક બનાવે
ચુરન સિગનેલરને ખાયા, જાકર તાર ખુબ ખડકાયા
રેલકો લડનેસે બચાયા, જિસ્સે ઇનામ બહોત સા પાયા
ચુરન ગુનકાને ખાયા, લટકા મારોકો દીખલાયા,
જે. વી. દલાલને છપવાયા, દો દો આનેકો બિકવાયા

૮

ચુરન દલાલબાઇ ખાતે, જિસસે દુગના નફા ઉઠાતે
સોદા ચાંદીકા કરવાતે, સબકો જાકર ખબર કરાતે
ચુરન પુલીસવાલે ખાતે, ડાકુ ચોર પકડકર લાતે
ઝાંસે પટ્ટીમેં સમઝાતે, આખિર જેલકી હવા ખિલવાતે

૯

ચુરન બના મસાલેદાર, જિસમેં નીંબકી બહાર
તુ તો લે જા મેરે યાર, જાકર ઘરમેં કર લે પ્યાર
જો કોઇ ચુરન મેરા ખાવે, મુઝકો છોડ કહીં ન જાવે
પાની નૌ લોટે પી જાવે, રોટી સારે ઘરકી ખાવે
કોઇ કોઇ એસે બી હુ આતે, ચુરન માંગ માંગકર ખાતે
પૈસા કોડી બી નહીં લાતે, યહાંપર ડોરી ખુબ મચાતે
ચુરન ચલા દાલકી મંડી, જિસકો ખાતે બડવે રંડી
ફિર ખુબ બજે સારંગી, ગે પર દેખો ઢોંગ અનંગી
ચુરન નાટકવાલે ખાતે, જિસકી નકલ બનાકર લાતે
વો તો દિલકા રંજ મિટાતે પ્યારા નાચ કુદ દિખલાતે.

(સમાપ્ત

જાહેર ખબર.

આગગાડી—એ નામનું દરેક એનજીનીઅરોને તથા એનજીનીઅરનું કામ શીખવાવાળાઓને હમેશાં પાસે રાખવા જેવું પુસ્તક છે. અને તેમાં સવાસો ડ્રોઈંગ આપેલા હોઈ દરેક ભાગની છૂટી સમજ આપેલી હોવાથી અતી ઉપયોગી પુસ્તક છે. એને દરેક જણ ખરીદી શકે તેથી કીંમત ફક્ત બે રૂપીઆ રાખેલી છે ટપાલ ખર્ચ ૪ આના જુદું.

મળવાનું ઠે.—**દલાલ જેઠાલાલ વાડીલાલ**
ઠે. સારંગપુર **તળીઆની** પોળ—અમદાવાદ

નરસિંહ મહેતા નોવેલના કર્તાના નીચેનાં પુસ્તકો તૈયાર છે.

વીણાવેલી—ભાગ ૨ જો રાજકુટુંબીઆઓની વાત સાથે
મુલ્ય બાર આના

સતી દ્રૌપદી—નાટકના ગાયનો મુલ્ય બે આના.

રતી-રમણ યાને અદ્ભુત પ્રેમ—મુલ્ય બાર આના.

રામલીલા—નાટકના રૂપમાં રામાયણ સાર કી. ૧ રૂપીઓ

મહીલામર્યાદ—સરસ્વતીનાં મનોરંજન વ્યાખ્યાનો
મુલ્ય એક રૂપીઓ

આત્મદીપીકા—આત્મજ્ઞાનનો ભંડાર. મુલ્ય એક રૂપીઓ

મળવાનું ઠેકાણું.

અમદાવાદ—દલાલ જેઠાલાલ વાડીલાલ કર્તા પાસેથી ઠે. સારંગપુર તળીઆની પોળમાં.

મુંબાઈ—બુકસેલર ખત્રી પરસોતમ મુળચંદ.
ઠે. ગુલાલવાડી.

સુરત—બુકસેલર ચુનીલાલ મગનલાલ.
ઠે. લીમડાચોક.

ભરૂચ—બુકસેલર ભાઈલાલ છગનલાલ.
ઠે. કતોપુરના દરવાજે.